# આવા હતા સરદાર


લેખન - સંકલન

**વિષ્ણુ મહંત**

(M.Com., M.Ed.)



-: પ્રકાશક :-

**એમ. એમ. સાહિત્ય પ્રકાશન**

પુસ્તક પ્રકાશક અને વિક્રેતા

મહાવીર માર્ગ, આણંદ-૩૮૮૦૦૧


**AAVA HATA SARDAR**

by ***Vishnu Mahant***


Shihol Ta. Petlad Dist. Anand M. 9998385365



પ્રથમ આવૃત્તિ : ૨૦૧૪

નકલ : ૧૦૦૦

મૂલ્ય રૂા. :

**આવા હતા સરદાર**

વિષ્ણુ મહંત

-: ટાઈપ સેટીંગ :-

***Mayur's***

-: વિક્રેતા :-

**એમ. એમ. સાહિત્યપ્રકાશન**

પુસ્તક પ્રકાશક અને વિક્રેતા

મહાવીર માર્ગ, આણંદ

-: મુદ્રક :-

**અર્પણ પ્રિન્ટરી, આણંદ**

# અર્પણ

**પ્રેરણામૂર્તિ**
**શ્રીમતિ આનંદીબેન પટેલને...**

## પ્રસ્તાવના....

શ્રીમાન વલ્લભભાઈ ઝવેરભાઈ પટેલ જેમની વિદાયને આજે ૬ દાયકા જેટલો સમય થઈ ગયો. જેમનું વ્યક્તિત્ત્વ ૧૮૭૫, ૩૧ ઓક્ટોબરથી ૧૯૫૦, ૧૫ ડિસેમ્બર સુધી જવલંત રીતે વિકસતું રહ્યું. 'સરદાર' નું હૂલામણું નામ પ્રજાસંવેદનાનું ગરવો પર્યાય બન્યું. તેમના મોસાળ નડિયાદમાં એમનો જન્મ થયો. સતત જીવનધારા રાષ્ટ્રપ્રેમના પ્રવાહથી વહેતી રહી તેઓ ભારતના ભાગ્યવિધાતા બન્યા. એમના જેવો તન-મનથી મજબૂત લોખંડી પુરુષ ભારતભરમાં કોઈ પાક્યો નથી. સરદારશ્રી વિષે તો જેટલું લખીએ તેટલું ઓછું છે.

આ પુસ્તક નિર્માણ અને પ્રકાશન પાછળનો મુખ્ય હેતુ આ ગુજરાતના ગૌરવપૂર્ણ વ્યક્તિની ભાવના તેમના પ્રેરક પ્રસંગો દ્વારા વિદ્યાર્થીજીવનમાં ઉતારવાની છે. આજના યુવાનો સરદારશ્રીને ઓળખતા રહે તેમને આવા પુસ્તકો દ્વારા માણતા રહે તે આ પુસ્તકનો ઉદ્દેશ છે.

શાલના લટકતા છેડા નીચે
બંધ બટનવાળી ચુસ્ત બંડી
ને એની નીચે ધબકતું જીવનયોગી હૃદય.
એજ સરદાર છે સુરજ આઝાદ ભારતનો ઉદય.

સરદારશ્રીનું જીવન જાણે એક રાષ્ટ્રકવિતાના શબ્દોની સૂરાવલી છે. આ રાષ્ટ્રની તવારીખે, અર્વાચીન સમયમાં સરદાર જાણે એવી પરંપરાનું એક પડછંદ પ્રતીક છે. જોકે એક વખત મેં સરદારના આ પ્રતીકને

લખવાના ચોક દ્વારા શીલ્પ આકૃતિ તૈયાર કરી. પછી તો મને રસ પડ્યો તો મેં લખવાના ચોક પર શીલ્પીકામ કરી હૂબહૂ સરદાર તૈયાર કર્યા, રંગ કર્યો, તેને મેં મારી જાતે કાચથી મઢ્યું અને એકવખત શ્રીમતિ આનંદીબેન કરમસદ આવ્યા, ત્યારે તેમને મારા હાથે ભેટ આપ્યું. તેમણે શબ્દો કહેલા, ‘‘આ સરદારને યુવાનોમાં ફેલાવો.’’ ત્યારે મેં સંકલ્પ કરેલો કે એક પુસ્તક સરદારશ્રી પર તૈયાર કરીશ. અને આજે આ સંકલિત લેખન કરવાની તક મળી અને આ પુસ્તક આપના શુભહસ્ત કમળમાં હું મૂકી શક્યો છું.

આ પુસ્તક સાથે આશા છે કે, આપ આમાં આપેલા પ્રેરકપ્રસંગોનો યુવાનોમાં ફેલાવો કરશો. આ પુસ્તક વાંચજો, વંચાવજો અને ફેલાવશો તો પણ આપણા આ લાડીલા દેશનેતાને તમે રાષ્ટ્રપ્રેમી બની અંજલિ આપી ગણાશે.

અસ્તુ,

જય ભારત.... જય સરદાર

લિ.

**વિષ્ણુ મહંત**
સિંહોલ, તા. પેટલાદ જિ. આણંદ-ગુજરાત
૯૯૯૮૩ ૮૫૩૬૫

# ::: અનુક્રમણિકા :::

| | | |
|---|---|---|
| ૧. | પહેલ કરી | ૧ |
| ૨. | સુધારા સામે લાલબત્તી | ૩ |
| ૩. | આદરભાવ | ૫ |
| ૪. | અભ્યાસ | ૧૦ |
| ૫. | વિદ્યાર્થીઓના સરદાર | ૧૪ |
| ૬. | બહાદુરાઈ બતાવી | ૨૧ |
| ૭. | બદામની વાત | ૨૩ |
| ૮. | ગાંધીજી સાથે | ૨૫ |
| ૯. | જેલમાં કામ | ૨૬ |
| ૧૦. | માનો છો | ૨૭ |
| ૧૧. | આકાશ દર્શન | ૨૮ |
| ૧૨. | ગભરાવવાનું શું છે? | ૨૯ |
| ૧૩. | વચ્ચે પડવું માટે? | ૩૧ |
| ૧૪. | મન | ૩૩ |
| ૧૫. | ટેકો શોધ્યા કરવાનો | ૩૬ |
| ૧૬. | અધિકારી કોણ? | ૩૮ |
| ૧૭. | અહિંસા કેમ? | ૪૦ |
| ૧૮. | મેટ્રિક પછી | ૪૧ |
| ૧૯. | વકીલ થયા | ૪૬ |
| ૨૦. | દેશ આઝાદ બન્યો પણ... | ૪૯ |
| ૨૧. | રસ્તા વચ્ચે પથ્થર | ૫૨ |
| ૨૨. | ગભરાય એ બીજા | ૫૬ |
| ૨૩. | પ્લેગ | ૫૭ |
| ૨૪. | ગુમાન ઉતાર્યું | ૬૦ |
| ૨૫. | દરદી | ૬૪ |
| ૨૬. | ઉલટ તપાસ | ૬૭ |
| ૨૭. | માતૃભાષા | ૭૧ |
| ૨૮. | એટલા ખાસ | ૭૪ |
| ૨૯. | ઈલાજ | ૭૫ |

| | | |
|---|---|---|
| ૩૦. | કબ્જો | ૭૬ |
| ૩૧. | આમનો જુલમ | ૭૭ |
| ૩૨. | લાચારી | ૭૯ |
| ૩૩. | રમુજ | ૮૦ |
| ૩૪. | સમય વીતી ગયો | ૮૨ |
| ૩૫. | આથમતો સુરજ | ૮૪ |
| ૩૬. | જીવ રહી જશે તો... | ૮૫ |
| ૩૭. | મૂછ નીચી | ૮૬ |
| ૩૮. | કોણ ઝેર ખાય? | ૮૮ |
| ૩૯. | લખાણું વંચાણું | ૯૦ |
| ૪૦. | આનંદ | ૯૨ |
| ૪૧. | હિંસાનો ઉપયોગ | ૯૩ |
| ૪૨. | સરદારનું દફતર | ૯૪ |
| ૪૩. | પ્રસાદી | ૯૫ |
| ૪૪. | તાલીમ | ૯૬ |
| ૪૫. | ગફલત! | ૯૭ |
| ૪૬. | અધવચ્ચે મૂકીને ના જવાય! | ૯૯ |
| ૪૭. | સંસ્કૃત પ્રયોગો | ૧૦૦ |
| ૪૮. | ચારો | ૧૦૨ |
| ૪૯. | આચાર્ય બનાવજો | ૧૦૪ |
| ૫૦. | હઠ! | ૧૦૬ |
| ૫૧. | અભૂતપૂર્વ કાર્ય | ૧૦૭ |
| ૫૨. | વિદાય | ૧૧૧ |
| ૫૩. | વત્સલ્ય હૃદય | ૧૧૬ |
| ૫૪. | બેરિસ્ટર સરદાર | ૧૨૦ |
| ૫૫. | સૂબા | ૧૨૩ |
| ૫૬. | જવાબ | ૧૨૫ |
| ૫૭. | શિક્ષણ | ૧૨૮ |
| ૫૮. | સરકારી નોકરી | ૧૩૦ |
| ૫૯. | પુરૂષાર્થી નોકરી | ૧૩૩ |
| ૬૦. | સંસ્કાર | ૧૩૭ |
| ૬૧. | વિનોદ શક્તિ | ૧૪૩ |
| ૬૨. | પરાક્રમ | ૧૪૮ |
| ૬૩. | કેટલા ઉપજ્યા? | ૧૫૨ |
| ૬૪. | એકાંત કેદ | ૧૫૪ |
| ૬૫. | કચ્છનાં દર્શન કરાવ્યાં | ૧૬૨ |
| ૬૬. | તો ઉત્સવ ઉજવીશું | ૧૬૬ |
| ૬૭. | ગંભીરતા ઊડી ગઈ | ૧૬૮ |
| ૬૮. | પરણેતર | ૧૬૯ |
| ૬૯. | લાઈસન્સ | ૧૭૧ |
| ૭૦. | તમારા ભાગ્યમાં ક્યાંથી? | ૧૭૩ |
| ૭૧. | સમજે તો ને? | ૧૭૬ |
| ૭૨. | નાખોની! | ૧૭૭ |
| ૭૩. | શું ગમે? | ૧૭૮ |
| ૭૪. | ખજૂર | ૧૭૯ |
| ૭૫. | ગાંધીજી સાથે | ૧૮૦ |
| ૭૬. | દીકરો | ૧૮૩ |
| ૭૭. | નાડ પારખું | ૧૮૮ |
| ૭૮. | ધર્મઋણ | ૧૯૦ |
| ૭૯. | મને ઓળખે છે | ૧૯૨ |
| ૮૦. | જંગમાં ઝંપલાવ્યું | ૧૯૪ |
| ૮૧. | હેત ભરી રીતે | ૧૯૮ |
| ૮૨. | વકીલાત | ૨૦૦ |
| ૮૩. | હેત | ૨૦૫ |
| ૮૪. | આફત | ૨૦૯ |
| ૮૫. | ઘરમાં પગ ન મૂક્યો | ૨૧૨ |
| ૮૬. | ખોટું પાડ્યું | ૨૧૪ |
| ૮૭. | જનસેવા | ૨૧૬ |
| ૮૮. | પિતાની શિખા | ૨૧૭ |
| ૮૯. | સ્વમાન | ૨૨૦ |
| ૯૦. | નિઃસ્વાર્થ વલણ | ૨૨૩ |
| ૯૧. | માનચાંદ | ૨૨૯ |
| ૯૨. | સેવાકાર્ય | ૨૩૨ |
| ૯૩. | દીકરી | ૨૩૭ |

# ૧. પહેલ કરી

૧૯૨૨ના નવેમ્બરના અરસામાં વઢવાણ મુકામે અબ્બાસ સાહેબના પ્રમુખપણા નીચે કાઠિયાવાડ રાજકીય પરિષદ ભરાઈ હતી.

ગાંધીજીનાં રચનાત્મક કાર્યો વિશે લોકો કેટલું ઓછું સમજતા હતા એનો અહીં સારો પરિચય સરદારને થયો.

આ પરિષદમાં અસ્પૃશ્યતાનિવારણ અંગે ઠરાવ પસાર કરવામાં આવવાનો હતો.

પરંતુ પરિષદના વ્યવસ્થાપકોએ ભારે ગફલત કરી હતી. તેઓ મૂળ મુદ્દો જ ચૂકી ગયા હતા!

સફાઈ કામદારો માટે બેસવાની આ પરિષદમાં અલગ જગ્યા રાખવામાં આવી હતી !

એક સ્વયંસેવક સફાઈ કામદાર પ્રતિનિધિઓ તથા



પ્રેક્ષકોને બીજાઓને ન અડવા અને તેઓને માટે અલગ રાખેલા સ્થાને બેસવા સૂચનાઓ આપતો હતો.

સફાઈ કામદારોએ પણ 'હા બાપુ, હા' એમ કહીને એ સૂચનાનો અમલ કરતા સંકોચાઈને બેસતા હતા!

એવામાં સરદાર સભામાં આવ્યા.

સરદારની ચકોર નજરે આ વસ્તુ તરત જ પડી.

એટલે સરદાર ઊઠીને સફાઈ કામદારોની વચ્ચે જઈને બેઠા.

દરબાર સાહેબ ગોપાળદાસ અને તેમનાં ધર્મપત્ની ભક્તિબા પણ સરદારને અનુસર્યા.

પછી તો સફાઈ કામદારોનું માટેનું એ અલગ સ્થાન પરિષદમાં આકર્ષણનું કેન્દ્ર બની ગયું.

સરદારશ્રીનો ભાષણ કરવાનો વારો આવ્યો. તેઓ મંચ ઉપર ન ગયા, પરંતુ પોતાને સ્થાને જ ઊભા થઈને તેમણે ભાષણ કર્યું.

પરંતુ સરદારે પોતાના ભાષણમાં આ ઘટના વિશે જરા પણ ઈશારો કર્યો નહીં.

ઈશારો શું કામ કરે? એ વિષે તો સરદારનું મૌન જ વધારે અસરકારક હતું.

## ૨. સુધારા સામે લાલબત્તી

પશ્ચિમની પદ્ધતિ દાખલ કરવામાં કેટલું જોખમ રહેલું છે, એ સામે સરદારશ્રીએ ૧૯૨૦માં અસહકારની લડત વેળાએ જે ચેતવણી આપી હતી, એ આજે પણ વિચારવા જેવી છે. તેમણે કહ્યું હતું :

‘કેટલાક પશ્ચિમના સુધારાના પૂજારી છે. તેઓ રેંટિયામાં દેશને દોઢસો વરસ પાછો લઈ જવાનો ડર દેખી રહ્યા છે.’

‘પશ્ચિમનો સુધારો જગતની અશાંતિનું મૂળ છે એ તેઓ જોઈ શકતા નથી.’

‘રાજા અને પ્રજા વચ્ચે કલેશ કરાવનાર, મોટી મોટી સલ્તનતોના ભુક્કા ઉડાવનાર, મહાન રાજ્યોને ગ્રહોની માફક અથડાવી પૃથ્વીનો પ્રલય આણનાર, માલિકો અને મજૂરો વચ્ચે



જાદવાસ્થળી મચાવનાર પશ્ચિમનો સુધારો શેતાની શસ્ત્રો અને સામગ્રી ઉપર રચાયેલો છે.’

‘એ સુધારાનો વંટોળિયો આખા જગત ઉપર જોસભેર ફેલાતો જાય છે. તે વખતે એકલું હિંદુસ્તાન એની સામે અડગ રહી પોતાનો અને બને તો જગતનો બચાવ કરવા ઈચ્છે છે.’

‘પશ્ચિમનો સુધારો હિંદમાં દાખલ કરવા ઈચ્છનારાઓની પાસે તે સુધારાને પચાવવાની શી સામગ્રી છે?’

‘હિંદુસ્તાન એ સુધારાની પાછળ દોડતાં હંમેશાં પાછળ જ રહેવાનું. તે આ ભૂમિને અનુકૂળ નથી.’

‘આત્મબળને પૂજનાર હિંદુસ્તાન શેતાનના તેજમાં કોઈ દિવસ તણાવાનું નથી.’

## 3. આદરભાવ

સરદાર વલ્લભભાઈ બોરસદમાં વકીલાત કરતા હતા.

એક દિવસ વલ્લભભાઈ પોતાની ઓફિસમાં બેઠા હતા. એવામાં તેમના પિતાશ્રી ઝવેરબાપા ઓફિસ ભણી આવતા દેખાયા.

કરમસદથી વયોવૃદ્ધ પિતાશ્રીને અચાનક આવેલા જોઈને વલ્લભભાઈને નવાઈ લાગી. તેમણે તરત જ ઊભા થઈ જઈને પૂછ્યું :

'મોટાકાકા, તમે હમણાં અહીં ક્યાંથી?'

ઝવેરબાપા ખુરશી પર બેસી થાક ઉતારતા બોલ્યા :

'ભાઈ, તારું જરા કામ પડ્યું છે. તેથી જ આવ્યો ને!'

વલ્લભભાઈ એ સાંભળીને કહે :



'પણ મને કહેવડાવવું હતું ને? હું જાતે કરમસદ આવી જાત. બાને પણ મળાત.'

પિતાએ કહ્યું : 'પણ કામ તો બોરસદમાં છે, એટલે તને ત્યાં બોલાવીને શું કરું?'

વલ્લભભાઈએ પૂછ્યું : 'મોટાકાકા, એવું શું કામ છે?'

ઝવેરબાપા મીઠાશથી કહે :

'જોને ભાઈ, આખા જિલ્લામાં તારી હાક વાગે અને આપણા મહારાજ ઉપર વોરંટ નીકળે એ કાંઈ ઠીક કહેવાય? તું બેઠો છતાં મહારાજને પોલીસ પકડી શકે એ શોભે ખરું?'

વાત એમ બની હતી કે, યજ્ઞપુરુષોત્તમદાસજી નામના એક સ્વામીનારાયણ સાધુ હતા. તેમણે વડતાલની ગાદીથી જુદા પડી જઈને બોચાસણમાં ગાદી સ્થાપી હતી.

ઝવેરબાપા પોતે બોચાસણવાળા નવા પંથમાં જોડાયા હતા.

જ્યારે યજ્ઞપુરુષોત્તમદાસજી વડતાલથી જુદા પડ્યા, ત્યારે તેમની સાથે બીજા કેટલાક સાધુઓ પણ ભળ્યા. વડતાલના મંદિરના તાબામાં જે મંદિરો ગામેગામ હતાં. એ બધાંને તેઓ કબજે કરવા લાગ્યા.

એટલે વડતાલના અસલ પક્ષના જે સાધુઓ અને પાળાઓના કબજામાં એ મંદિરો હતાં તેઓ સાથે અથડામણ થવા લાગી.

આમ ગામેગામ મારામારીના પ્રસંગો ઊભા થતાં જિલ્લામાં શાંતિનો ભંગ થવા લાગ્યો. એટલે બંને પક્ષના સાધુઓ અને પાળાઓ આ રીતે શાંતિનો ભંગ ન કરે એ સારુ તેઓ પાસે જામીન લેવા માટે સામસામે કેસ કરવામાં આવ્યા.

એવા એક કેસમાં પહેલા નંબરના તહોમતદાર તરીકે યજ્ઞપુરુષોત્તમદાસજી મહારાજ હતા. આ કેસ બોરસદના રેસિડન્સી મેજિસ્ટ્રેટની કોર્ટમાં દાખલ થયેલો હતો.

વલ્લભભાઈને આ વાતની થોડીઘણી જાણ તો હતી. છતાં પોતાનાં ટીખળી સ્વભાવ પ્રમાણે તેમણે કહ્યું :

'મોટાકાકા, મહારાજ ઉપર વળી વોરંટ કેવું? એ તો પુરુષોત્તમ ભગવાનનો અવતાર કહેવાય. આપણને સૌને આ ભવમાંથી છોડાવનારા. એમને પકડનારા કોણ હોય?'

પિતા જરા અકળાઈને બોલ્યા :

'અત્યારે તારું આ ટીખળ જવા દે ! મેં પાકે પાયે સાંભળ્યું છે કે વડતાલ અને બોચાસણના મંદિરોના કબજા સંબંધી તકરાર થઈ છે અને તેમાં આપણા મહારાજ ઉપર પણ વોરંટ નીકળ્યું છે. તારે એ વોરંટ રદ કરાવવું જ પડશે. મહારાજને પકડે તો તો મારી સાથે તારી પણ આબરૂ જાય!'

એ સાંભળીને વલ્લભભાઈએ કહ્યું :

'આપણી આબરૂ શું કામ જાય? એવાં કરમ કરે તેની જાય.



પણ હું તપાસ કરીશ. એમ વોરંટ શેનાં નીકળે? મારાથી થઈ શકે તે બધું કરીશ.'

એમ કહીને વલ્લભભાઈ જરા ગંભીર થઈ ગયા અને નમ્રતાથી પિતાશ્રીને ધીમેથી કહેવા લાગ્યા :

'મોટાકાકા, તમે હવે છોડો આ બધા સાધુઓને! જેઓ આવા પ્રપંચ કરે છે, કજિયા કરી કોર્ટે ચડે છે, પોતાનું જેઓ આ ભવમાં રક્ષણ કરી શકતા નથી તે આપણને આવતા ભવમાં શું તારવાના હતા? આપણો શો ઉદ્ધાર કરવાના હતા?'

ઝવેરબાપાને આવી વાત ક્યાંથી ગમે? તેઓ કહે :

'ભાઈ, એ બધી પંચાત આપણે શું કામ કરીએ? પણ જો, તારે એટલું ધ્યાનમાં રાખવાનું કે, મહારાજ ઉપર વોરંટ નીકળ્યું હોય, તો એ રદ થવું જ જોઈએ.'

એમ કહીને પિતાશ્રી ઓફિસમાંથી ચાલ્યા ગયા.

વલ્લભભાઈ આમ તો સ્વામીનારાયણ સંપ્રદાયમાં જ ઊછરેલા હતા. છતાં તેમણે એ સંપ્રદાય તરફ ખાસ તરફેણ ના કરી.

આ ઝઘડામાં પણ વચ્ચે પડવાની તેમની ઈચ્છા લગારે નહોતી. છતાં વૃદ્ધ પિતાશ્રીના આગ્રહને લીધે વલ્લભભાઈએ કેસ હાથમાં લીધો અને કેસની માંડવાળ કરાવી બેઉ પક્ષના તહોમતદારોને છોડાવ્યા.

આમ, તે સમય સંજોગો પ્રમાણે વ્યવહાર નિર્ણય લઈને કામ કરતા, કોઈ ચોક્કસ નિયમોમાં બંધાઈ જતા નહિ.



## ૪. અભ્યાસ

સરદારે સાતમી ચોપડી સુધીનો અભ્યાસ કરમસદમાં જ કરેલો.

સરદાર પ્રાથમિક નિશાળમાં ભણતા હતા ત્યારે ભણવાની ચોપડીઓ કરતાં આસપાસનાં ખેતરો અને ગામડાંઓનું તેમને વધારે જ્ઞાન થયું હશે.

ઝવેરબાપા ખાસ ભણેલા નહીં, છતાં સરદાર કહે છે એમ, ‘મારા પિતાને મને ભણાવવાનો શોખ બહુ. રોજ સવારના પહોરમાં ખેતરે લઈ જાય. ખેતરમાં કામ કરતા નહીં, પણ આવતાં-જતાં રસ્તે પાડા બોલાવવા અને પલાખાં ગોખાવવા.’

સરદાર સત્તર-અઢાર વર્ષના થયા, ત્યાં સુધી કરમસદમાં જ રહેલા. એટલે તેમને ખેતરમાં કામ કરવાનું તો આવેલું જ.

આ અંગે સરદાર કહેતા : ‘અમે બધા ભાઈઓએ ખેતરમાં

કામ કરેલું. એકલા વિઠ્ઠલભાઈએ કદાચ નહીં કર્યું હોય. કારણ કે પહેલી અંગ્રેજીથી જ તેઓ અંગ્રેજી ભણવા નડિયાદ મોસાળમાં રહેલા.'

કરમસદમાં અંગ્રેજી નિશાળ નહોતી. એટલે આગળ ભણવું હોય તો બીજે જવું પડે.

મોટાભાઈ વિઠ્ઠલભાઈ અંગ્રેજી ભણવા માટે મોસાળમાં નડિયાદ રહેતા હતા. એટલે બીજા છોકરા વલ્લભભાઈને પણ અંગ્રેજી ભણવા નડિયાદ મોસાળ મોકલવાનું ઝવેરબાપાને યોગ્ય લાગ્યું નહીં હોય.

એટલે અંગ્રેજી ભણવાનો મનસૂબો શી રીતે પાર પાડવો એના વિચારમાં ને વિચારમાં સરદારે કરમસદમાં ચાર છ મહિના કાઢી નાખ્યા.

એટલામાં કરમસદમાં ત્રણ ધોરણ સુધીની એક ખાનગી અંગ્રેજી નિશાળ નીકળી. તેમાં સરદાર દાખલ થયા અને ત્યાં ત્રણ અંગ્રેજી ભણ્યા. તે વખતે તેમની ઉંમર સત્તર વર્ષની હશે.

પછી આગળ ભણવા માટે પેટલાદમાં પાંચ ધોરણ સુધીની નિશાળ હતી, તેમાં સરદાર દાખલ થયા.

શરૂઆતમાં સરદાર બીજા વિદ્યાર્થીઓની સાથે રોજ કરમસદથી પેટલાદ સાતઆઠ માઈલ જા-આવ કરતા. પરંતુ પછી પેટલાદમાં નાનું ઘર ભાડે રાખી સાતેક વિદ્યાર્થીઓ ક્લબ જેવું



કરીને રહેતા. દરેક જણ દર રવિવારે પોતાને ઘેરથી અઠવાડિયાનું સીધું લઈ આવતો અને વારાફરતી હાથે રસોઈ કરી બધા જમતા.

સરદારે અંગ્રેજી ચોથી અને પાંચમી પેટલાદમાં કરી.

પેટલાદથી છઠ્ઠા ધોરણમાં નડિયાદ ગયેલા. મેટ્રિકમાં એક વરસ નાપાસ થયેલા. એટલે તેઓ નડિયાદમાં મેટ્રિક થયા ત્યાં સુધી ત્રણ વરસ રહેલા. વચ્ચે બેએક મહિના વડોદરા હાઈસ્કૂલમાં જઈ આવેલા.

નડિયાદમાં મોસાળ હતું, છતાં સ્વતંત્ર રહેવાની ખાતર સરદારે એક બોર્ડિંગ જેવું કાઢેલું એમાં તેઓ રહેતા.

નડિયાદની હાઈસ્કૂલમાં સરદારનું અંગ્રેજી સારું ગણાતું. અંગ્રેજી ચોપડીઓ વાંચવાનો અને તેમાંથી ફકરા મોઢે કરવાનો પણ તેમને શોખ હતો. વિદ્યાર્થીઓની સભાઓ કરી તેમાં તેઓ અંગ્રેજીમાં ભાષણ કરતા.

આમ, હાઈસ્કૂલમાં હતા ત્યારે તેમનેઅંગ્રેજીનો શોખ હોય એમ દેખાય છે. પરંતુ કામ પૂરતો અંગ્રેજીનો ઉપયોગ કરવા ઉપરાંત તેમણે કોઈ દિવસ પોતાની અંગ્રેજી ભાષા કેળવવા વિશેષ પ્રયત્ન પાછળથી કર્યો નથી.

છેવટે સને ૧૮૯૭માં નડિયાદ હાઈસ્કૂલમાંથી સરદાર મેટ્રિક થયા. તે વખતે એમની ઉમર લગભગ બાવીસ વર્ષની હતી.

સાથે સાથે અહીં એક વાતનો ઉલ્લેખ કરી લઈએ.

આપણા હિંદુ સમાજમાં અને તે જમાનામાં વિદ્યાભ્યાસના કાળ દરમિયાન જ છોકરાનાં લગ્ન થઈ જતાં.

સરદારનાં લગ્ન એમની અઢાર વર્ષની ઉંમરે થયેલાં. એમનાં ધર્મપત્ની ઝવેરબાની ઉંમર તે વખતે બાર વર્ષની હતી. ઝવેરબા નજીકના જ ગાના ગામનાં હતાં.

એ જમાનામાં પરણ્યા પછી પાંચસાત વર્ષે સ્ત્રીઓ સાસરે આવે એવો રિવાજ હતો. એટલે સરદારનો ગૃહસ્થાશ્રમ વકીલ થયા પછી અથવા થોડો વખત પહેલાં શરૂ થયો હતો.

વિદ્યાભ્યાસ સમયની વાત કરીએ તો આ કાળ દરમિયાન તેમણે જાતે જ બધુ કામ કરી ભણવા માટેની બોર્ડિંગ પસંદ કરી છે. આમ શરૂઆતથી જ તે સ્વાશ્રયમાં જ માનતા હતા. તે માનતા કે દરેકે પોતાનાં કાર્ય શક્ય હોય ત્યાં સુધી પોતાની જાતે જ કરવાં. માટે જ આગળ જતાં તેમને ગાંધીબાપુ સાથે સારો મેળ બેઠેલો.



# ૫. વિદ્યાર્થીઓના સરદાર

માનવી જેવો પુરુષાર્થ કરે તેવું પોતાનું જીવન ઘડી શકે છે. એ સૂત્ર અનુસાર સરદાર નાનપણથી જ ઊર્ધ્વગામી, સાહસિક, નીડર, કાર્યકુશળ અને સહનશીલ હતા.

ગુજરાતી નિશાળમાં પણ પોતાના સહાધ્યાયીઓ અને સાથીઓની ટુકડીના સરદાર તેઓ જ હોય.

પછી નડિયાદ હાઈસ્કૂલમાં સરદાર ભણવા ગયા. ત્યાં તેમનું વ્યક્તિત્ત્વ ઠીક ઠીક ખીલ્યું.

સ્વતંત્ર સ્વભાવ, મનના મોજી, થોડું છતાં અર્થગંભીર બોલવું, કોઈનાથીયે કશુંછુપાવવું નહીં. અન્યાયનો બેધડક સામનો કરવો અને પરિણામની પરવા કર્યા વિના હાથમાં લીધેલું કામ પૂરું કરવું - આ બધી શક્તિ તેમનામાં હતી એનાં પ્રથમ દર્શન તેમની સાથે ભણતા, રમતા, રહેતા સાથીઓને થયાં.

નડિયાદની હાઈસ્કૂલમાં સરદાર વિદ્યાર્થીઓના ખરેખર સરદાર જ બનેલા.

એક દિવસ વર્ગનો સમય થઈ ગયો હતો. પરંતુ શિક્ષક શિક્ષક-ખંડમાં વાતોના ટપ્પે ચડ્યા હતા.

વર્ગમાં વિદ્યાર્થીઓએ પાંચેક મિનિટ રાહ જોઈ. પરંતુ શિક્ષક હજુ વર્ગમાં આવ્યા નહીં.

એટલે સંગીતના એક શોખીન વિદ્યાર્થીએ એક ગીત લલકારવા માંડ્યું. બધા વિદ્યાર્થીઓએ એ ઝીલી લીધું.

એ સાંભળીને શિક્ષક ઉતાવળા ઉતાવળા વર્ગમાં દોડી આવ્યા અને ગુસ્સે થઈને બધાને ધમકાવવા લાગ્યા.

શિક્ષક પેલા સંગીતપ્રિય વિદ્યાર્થીને ઓળખતા હતા. એટલે તેને ઊભો કરીને તેમણે બરોબર ખખડાવ્યો.

શિક્ષકનો મિજાજ જોઈને બધા વિદ્યાર્થીઓ ચૂપ બેસી રહ્યા.

એક વિદ્યાર્થી જ શિક્ષકના રોષનો ભોગ બને એ વલ્લભભાઈને ગમ્યું નહીં. તે ઊભા થઈને બોલ્યા : ‘સાહેબ, તમે એને શા માટે ધમકાવો છો? વર્ગનો સમય થઈ જાય, છતાં તમે ઓફિસમાં બેસી ટોળટપ્પાં માર્યા કરો અને સમયસર આવો નહીં. ત્યારે અમે મજાનું ગીત ગાઈએ નહીં તો શું રડીએ?’

આ સાંભળીને શિક્ષકનો પારો ચડી ગયો. તેમણે વલ્લભભાઈને વર્ગ બહાર જવાની આજ્ઞા કરી.



વલ્લભભાઈએ પોતાની ચોપડીઓ લઈ, ચારેય બાજુના પોતાના સહાધ્યાયીઓ તરફ નજર ફેરવી અને બહાર ચાલ્યા ગયા.

ત્યાં તો બીજા બધા વિદ્યાર્થીઓ પણ એક પછી એક ઊઠીને વર્ગની બહાર ચાલવા લાગ્યા. આખો વર્ગ ખાલી થઈ ગયો.

બીજે દિવસે શાળા શરૂ થઈ. શિક્ષક વર્ગમાં આવીને જુએ, તો વર્ગ ખાલી !

બધા વિદ્યાર્થીઓ બહાર હાજર હતા. પરંતુ વલ્લભભાઈને વર્ગમાં દાખલ થવાની રજા ન મળે, ત્યાં સુધી કોઈ વર્ગમાં દાખલ થવા તૈયાર ન હતું.

શિક્ષક મૂંઝાયા. તેમણે હેડમાસ્તર આગળ વલ્લભભાઈ સામે ફરિયાદ કરી.

હેડમાસ્તરે વલ્લભભાઈને બોલાવ્યા અને શિક્ષકની માફી માગવા કહ્યું.

સરદારે દૃઢતાથી જવાબ આપ્યો :

‘સાહેબ, આ તો ચોર કોટવાળને દંડે એવો ન્યાય થયો! દોષ કર્યો હોય તો માસ્તર સાહેબે કર્યો છે. અમે વિદ્યાર્થીઓએ કશો દોષ કર્યો નથી. વર્ગનો સમય થઈ ગયો હતો. છતાં માસ્તર સાહેબ ઓફિસમાં ગપ્પાં મારતા બેસી રહ્યા. અમે બહુ રાહ જોઈ, પણ તેઓ આવ્યા નહીં. એટલે નાહક તોફાન કરીએ એને બદલે

સ્વસ્થ બેસીને અમે ગીત ગાતા હતા. આમાં અમારો શો દોષ?'

હેડમાસ્તરને વલ્લભભાઈની વાત બરોબર લાગી. તેમણે બધાને સમજાવીને વર્ગમાં બેસાડ્યા.

છઠ્ઠા ધોરણના એક પારસી શિક્ષક બહુ કડક હતા. નેતરની સોટીનો તે ખૂબ છૂટથી ઉપયોગ કરતા.

એક દિવસ એ શિક્ષકે એક વિદ્યાર્થીને દંડ કર્યો.

એ વિદ્યાર્થી દંડ ભરી શક્યો નહીં. એટલે ને વર્ગ બહાર કાઢવામાં આવ્યો.

વલ્લભભાઈ એ જ વર્ગમાં ભણતા હતા. એમને થયું કે, આનો કંઈ ઈલાજ કરવો જોઈએ.

સરદારને રસ્તો કાઢતાં કેટલી વાર? તેમણે પોતાનો વર્ગ તો તરત જ ખાલી કરાવ્યો. પછી બપોરની રજામાં આખી શાળાના વિદ્યાર્થીઓને એકઠા કરી હડતાળ પડાવી.

કોઈ પણ વિદ્યાર્થી શાળામાં ન જાય, એટલા માટે સરદારે ચારે બાજુ બરોબર ચોકી ગોઠવી દીધી.

હડતાળ પાડી વિદ્યાર્થીઓ આમતેમ ભટકવા ચાલ્યા જાય કે ઘર ભેગા થઈ જાય, તો હડતાળનું મહત્ત્વ કોઈની નજરે ન ચડે. સરદાર એ જાણતા હતા. એટલે તેમણે વિદ્યાર્થીઓને સમૂહમાં બેસવા માટે ધર્મશાળામાં ગોઠવણ કરી. ત્યાં પીવાના પાણી વગેરેની પણ વ્યવસ્થા રાખી.



હડતાળ ત્રણ દિવસ ચાલી.

શાળાના હેડમાસ્તરે મામલાની ગંભીરતા જાણી. તેમણે સરદારને બોલાવીને સમજાવ્યા. હવે પછી કોઈ પણ વિદ્યાર્થીને ખોટી રીતે અથવા વધારે પડતી સજા નહીં થાય એની બાંયધરી આપી.

એટલે સરદારે સમાધાન કરી હડતાળ પાછી ખેંચી લીધી.

એક શિક્ષક પોતાના વર્ગમાં વપરાતી બધી ચોપડીઓનો તથા કાગળ, પેન્સિલ, નોટબુક વગેરે વિદ્યાર્થીઓએ વાપરવાની વસ્તુઓનો વેપાર કરતા, વળી વર્ગના દરેક વિદ્યાર્થી આ બધી વસ્તુ પોતાની પાસેથી જ ખરીદે. એવી તે વિદ્યાર્થીઓને ફરજ પણ પાડતા.

એ શાળામાં ભણતા વિદ્યાર્થી વલ્લભભાઈને કાને આ વાત આવી. એટલે સરદારે વિદ્યાર્થીઓ પાસે એ શિક્ષકનો એવો બહિષ્કાર કરાવ્યો કે, આખરે પેલા શિક્ષકને પોતાનો વેપાર છોડી દઈને નમતું આપવું પડ્યું.

આમ, કરમસદ ગામનો એક ખેડૂતનો તેજસ્વી દીકરો નડિયાદની વિદ્યાર્થી આલમનો સરદાર બની શક્યો.

આવી લડાઈએ ઉપરાંત સાર્વજનિક સ્વરૂપની કહેવાય એવી પ્રવૃત્તિમાં પણ સરદાર ભાગ લેતા.

એક વાર નડિયાદની મ્યુનિસિપલ ચૂંટણીમાં મહાનંદ

નામના એક શિક્ષક ઉમેદવાર તરીકે ઊભા રહ્યા હતા.

સામે પક્ષે નડિયાદના દેસાઈ કુટુંબના એક ભાઈ ઊભા હતા. ગામમાં તેમની સારી વગ હતી.

એ દેસાઈ ભાઈ એક વાર બડાઈ હાંકતાં બધાંને કહેવા લાગ્યા : 'આ માસ્તર મારી સામે શું જોઈને ઊભો રહ્યો હશે? ભલભલાને છક્કા ખવડાવી દઉં એવો હું છું. હું તમને કહું છં કે, આ માસ્તરની સામે હું હારું, તો મૂછ મૂંડાવી નાખું. જોઈએ તો આ વાત તમે લખી રાખજો.'

સરદાર તે વખતે હતા તો એક વિદ્યાર્થી પરંતુ એમને આ વાત કણાની માફક ખૂંચી. તેમણે મનમાં ગાંઠ વાળી કે, આ બડવાખોર દેસાઈને સીધો કરું તો જ ખરો.

સરદારે તરત જ મહાનંદ શિક્ષકના પક્ષે કામ કરવા શાળાના બધા વિદ્યાર્થીઓને તૈયાર કર્યા.

સરદારની વાનરસેનાએ પેલા બડાઈખોર દેસાઈભાઈની સાનને ઠેકાણે લાવવાનું બીડું ઝડપ્યું.

સરદારે વિદ્યાર્થીઓની મદદથી મતદારોમાં જોરશોરથી કામ શરૂ કરી દીધું.

ચૂંટણી રસાકસીભરી બની ગઈ. છેવટે મહાનંદ માસ્તરની બહુ મોટી બહુમતીથી જીત થઈ.

સરદારને પણ એ જ જોઈતું હતું. તરત જ સરદાર તો



પચાસેક છોકરાઓના ટોળાને લઈને નીકળી પડ્યા. સાથે એક હજામને પણ લઈ લીધો.

બધા એ દેસાઈભાઈને મુંછ મૂંડાવવાનું કહેવા એને ઘેર પહોંચી ગયા.

બાપડા દેસાઈભાઈનું મોં જોવા જેવું થઈ ગયું!

## ૬. બહાદુરાઈ બતાવી

એક દિવસ ગાંધીજી ઉપર પંજાબના એક ખાનનો કાગળ હતો.

એમાં તેણે લખ્યું હતું :

'તમે રાજકારણ ન સમજો. એ આગાખાન અને શાસ્ત્રી, સપ્રુ જેવાને સોંપો અને તમે હિમાલય જાઓ અને તમારી ભૂલ કબૂલ કરો.'

ગાંધીજીએ એ ખાનને પોતાને હાથે કાગળ લખી જવાબ આપ્યો.

એ જોઈને સરદાર કહે :

'આ ગાળો દેનારને તમે હાથ શા સારુ કાગળ લખ્યો?'

ગાંધીજી બોલ્યા :

'એને હાથે જ લખવો જોઈએ.'



સરદાર ગમ્મતમાં ટકોર કરતા કહે :

'ગાળો દેનાર એટલે, કેમ? આમ જ ઘણા લોકો ફાટી ગયા છે!'

આમ ગાંધીજી નમ્રતામાં માનતા હતા જ્યારે વલ્લભભાઈ જેવા સાથે તેવા થવામાં માનતા હતા.

## ૭. બદામની વાત

ગાંધીજી બદામ લેતા હતા. પરંતુ બદામ સવા બે રૂપિયાના રતલના ભાવની હોય, તો બદામ પણ છોડવાનો ગાંધીજીએ નિશ્ચય કર્યો હતો.

ત્યાં તો બાર આને રતલના ભાવની બદામ નીકળી!

એ ભાવ જોઈને વલ્લભભાઈએ બાપુને ગમ્મત કરતાં કહ્યું : ‘અમે તો ભાઈ તમને અનુસરનારા કહેવાઈએ ને? એટલે અમે પણ વિચાર કર્યો કે, ચાલો ત્યારે આપણે પણ બદામ ખાઈએ.’

ગાંધીજી સાચી ગમ્મત કરતાં કહે :

‘તમે શું ખાવાના હતા?’

મહાદેવભાઈએ સરળ ભાવે કહ્યું :

‘દૂધ ઘી તજીને ખાવા માંડવું જોઈએ.’

ગાંધીજી તો ખોરાકમાં જાત જાતના અખતરા કર્યા કરતા



હોય. એટલે એ બાબતને ખ્યાલમાં રાખીને વલ્લભભાઈ વિનોદ કરતાં કહે :

‘મહાદેવ, આપણે બકરીનું દૂધ ઘી તજીએ. બાપુએ પણ એ જ તજ્યું છે ના!’ (મતલબ કે ગાય ભેંસનું ખાઈશું)

એ સાંભળી ગાંધીજી અને મહાદેવભાઈ ખડખડાટ હસી પડ્યા.

# ૮. ગાંધીજી સાથે

એક દિવસ ગાંધીજી રસ્કિન નામના જાણીતા અંગ્રેજ વિચારકના એક પુસ્તકની વિષયસૂચિ વાંચતા હતા. એમાં 'બ્રિટિશ બાઈબલ' એવો વિષય વાંચીને ગાંધીજીએ પૂછ્યું :

'આ ''બ્રિટિશ બાઈબલ'' એ શું હશે?'

વલ્લભભાઈએ સામું પૂછ્યું : 'બ્રિટિશ બાઈબલ?'

ગાંધીજી કહે : 'એટલે બ્રિટિશ લોકોનું બાઈબલ. એ શું?'

એટલે વલ્લભભાઈએ તરત જ જવાબ આપ્યો :

'બીજું શું હોય? બ્રિટિશ બાઈબલ એટલે પાઉંડ, શિલિંગ અને પેન્સ.'

પુસ્તકમાં ખરેખર પાઉંડ, શિલિંગ અને પેન્સ એ બ્રિટિશ બાઈબલ, એમ જ લખેલું હતું!

વલ્લભભાઈ હસતાં હસતાં કહે :

'જુઓ, આવું આવું મને આવડે છે ના?'



# ૯. જેલમાં કામ

જેલમાં છાપા વાંચવાનું કામ વલ્લભભાઈનું.

મહાદેવભાઈ રૂ પીંજીને કાંતવાને માટે વરંડામાં આવે, ત્યાં વલ્લભભાઈ છાપાંનું બીજું વાંચન કરતા હોય.

મહાદેવભાઈ પૂછે :

'વલ્લભભાઈ, ટૂંકમાં સમાચાર?'

તો વલ્લભભાઈ પાસે જવાબ તૈયાર જ હોય :

'મુસ્લિમ પરિષદમાં ખેડાના કલેકટર', 'સેમ્યુલ હોર ટેનિસ રમે છે.'

બીજે દિવસે ખબર હોય : 'મિ. એસ. પરણ્યા' વગેરે વગેરે....

## ૧૦. માનો છો?

યરવડા જેલમાં એક વાર લેડી ઠાકરસીએ ત્રણચાર હજારની કિંમતનું દૂરબીન - ટેલિસ્કોપ ગાંધીજીને આકાશદર્શન માટે મોકલ્યું.

એ જોઈને ગાંધીજી વલ્લભભાઈને કહે :

'હવે એ રાખી લેવાની દાનત થાય છે. આશ્રમમાં આકાશદર્શન માટે ઓબ્ઝર્વેટરી કરી શકાય. છૂટ્યા પછી પાંચેક વર્ષ જીવીએ તો બધું થાય.'

એટલે સરદારશ્રી વિનોદમાં કહે :

'અરે ભાઈ, ઓબ્ઝર્વેટરી માટે તો સરકાર તમને આજે પણ છોડી મૂકે. સાથે હરિજનનું ભેળવજો. અને બીજું કશું ન કરવાની બાંયધરી આપતા હો તો ''જાઓને, આજે જ જાઓ.'', એમ સરકાર કહેવા તૈયાર જ છે. છતાં તમે ક્યાં માનો છો?'



## ૧૧. આકાશદર્શન

ગાંધીજી યરવડા જેલમાં હતા, તે વખતે આકાશદર્શન કરવાનો તેમને રસ લાગ્યો હતો.

ગાંધીજીએ દૂરબીન બતાવવાને માટે આકાશશાસ્ત્રીઓને સાંજ પછી જેલમાં આવવા દેવા માટે જેલ-અધિકારીને વિનંતી કરી હતી.

પરંતુ એનો સ્વીકાર કરવામાં ન આવ્યો. એ લોકોએ દિવસે ઓફિસના વખત દરમ્યાન આવવું જોઈએ એ ભાવ એમાં હતો, એમ માનીને ગાંધીજીએ જેલ-અધિકારીને બીજો કાગળ લખ્યો.

આ વાતની સરદારશ્રીને જાણ થતાં એના ઉપર વિનોદ કરતાં તેઓ બોલ્યા :

'દિવસ છતાં આવવાનું એટલું જ છે ના? તો પછી ભલે એ લોકોને દિવસ છતાં દાખલ કરે. બહાર ક્યારે કાઢવા એ વિશે તો કાંઈ નિયમ નથી ના? અને રાતે બહાર ન કાઢી શકતા હોય, તો સવાર સુધી ભલે રાખતા.'

# ૧૨. ગભરાવાનું શું છે?

ગાંધીજી યરવડા જેલમાં હરિજન પ્રશ્ન અંગે ઉપવાસનું વિચારી રહ્યા હતા.

એક દિવસ ઠક્કરબાપા ગાંધીજીને મળવા આવ્યા.

વાતચીત દરમિયાન ઠક્કરબાપાએ કહ્યું :

'તમારે હવે ક્યાં જેલમાં લાંબુ રહેવું છે?'

એના જવાબમાં ગાંધીજી કહે :

'પાંચ વર્ષ તો ખરાં જ.'

ત્યારબાદ નરહરિભાઈ પરીખ સરદારશ્રીની મુલાકાતે આવ્યા. તેમણે ઠક્કરબાપા સાથે ગાંધીજીને થયેલી વાતચીત વિશે કહ્યું :

ગાંધીજીને હજી જેલમાં પાંચેક વર્ષ રહેવું પડશે એની ચિંતા દર્શાવતાં શ્રી નરહરિભાઈએ સરદારશ્રીને પૂછ્યું :



'પાંચ વર્ષ રહેવું પડશે એમ ગાંધીજી માનતા હશે?'

એ સાંભળીને સરદારશ્રી એ વાક્ય પર વિનોદ કરતાં કહેઃ

'નાહકનો ગભરાય છે. એમાં ગભરાવાનું શું છે? એટલે ૬૯-૭૦ વર્ષ જીવશે એવું તો નક્કી થયું ના? પછી શું?'

## ૧૩. વચ્ચે પડવું માટે?

ગાંધીજી યરવડા જેલમાં હતા, ત્યારે તેમણે અસ્પૃશ્યતા - નિવારણનો પ્રશ્ન હાથ ધર્યો હતો.

આ અંગે સનાતનીઓ અને આંબેડકર વગેરેએ ગાંધીજી સાથે ઉગ્ર ચર્ચા ઉપાડી હતી.

ગાંધીજી સનાતનીઓ અને આંબેડકરવાદીઓ એકેને સંતોષી શકતા નહોતા.

આ જોઈને મહાદેવભાઈએ દુઃખી થઈને ગાંધીજીને કહ્યું :

‘બાપુ, આ તો સનાતનીઓ અને આંબેડકરવાદીઓ એમ ઘંટીના બે પડિયાં વચ્ચે આપણે પિસાઈ જવાનું રહ્યું!’

એ સાંભળીને સરદારશ્રી વિનોદ કરતાં ગાંધીજીને કહે :

‘પણ પડની વચ્ચે પડીએ તો ના? હું તો કહું છું કે પડમાં પડો જ મા. ખીલે બેસી રહીએ અને બંને પડને એકબીજા સાથે



ઘસાવા દઈએ. એમ કરવાને બદલે તમે તો સનાતનીઓને કહો છો કે હું સનાતની છું અને આ લોકોને કહો છો કે હું સ્વેચ્છાથી અસ્પૃશ્ય છું. એટલે પછી બંને પડમાં પિસાવાનું જ રહ્યું ના?’

## ૧૪. મન

’૩૨ની સાલમાં યરવડા જેલમાં ગાંધીજીના પ્રથમ ઉપવાસનો અંત આવ્યા પછી ઉપવાસ દરમિયાન જેલખાતાએ આપેલાં બધાં સાધનો પાછાં લઈ લેવામાં આવ્યાં.

એક આરામ ખુરશી ગાંધીજી માટે આણેલી એ પણ મંગાવી લીધી.

આરામ ખુરશી લઈ ગયા એ સરદારશ્રીને અને મહાદેવભાઈને ન ગમ્યું.

મહાદેવભાઈને એમાં અસભ્યતા જેવું લાગ્યું.

પણ ગાંધીજીએ કહ્યું : ‘ના, એ ખુરશી અત્યાર અગાઉ પાછી મોકલી આપવાની સભ્યતા આપણામાં હોવી જોઈતી હતી...’

એ સાંભળી સરદારશ્રી બોલી ઊઠ્યા :



‘તમને તો બધાના ગુણ જ દેખાય છે! જ્યાં ગુણ ન હોય ત્યાંય ગુણ જ દેખાય છે!’

‘એ લોકો તો જડ જેવા છે. ઘણી બધી વસ્તુઓ એકાઉન્ટમાં ચડાવી તેમાં આ પણ ચડાવે તો કોણ પૂછવાનું હતું? એને વેચવાની ઉતાવળ હોય તો તમારા ખાતામાં નાખીને વેચેલી બતાવત. પણ આ તો અસભ્યતા બતાવવી એટલે શું?’

એટલે ગાંધીજી કહે :

‘ના, વલ્લભભાઈ, અસભ્યતા બતાવવાનો હેતુ તો નહીં જ. સુપરિન્ટેન્ડેન્ટને ખબર પણ ન હોય કે એ લઈ ગયા.’

સરદાર કહે :

‘એને બધી ખબર હશે. એને પૂછ્યા વિના કોણ લઈ જાય?’

ગાંધીજી બોલ્યા :

‘ના, વલ્લભભાઈ, એમાં દુઃખ માનવાનું કારણ નથી. તમે ગીતાનો છઠ્ઠો અધ્યાય શીખ્યા કે નહીં? – मन एव मनुष्याणां कारणं बन्धमोक्षयोः । અને આત્મા આત્માનો બંધુ છે.’

એટલે સરદારશ્રી બોલી ઊઠ્યા :

‘છે સ્તો ! પણ આત્મા એ આત્માનો શત્રુ પણ છે ને?’

એ સાંભળીને ગાંધીજી ખડખડાટ હસી પડ્યા. તેઓ કહે :

‘અરે, તમને તો ખબર લાગે છે! ભલે એટલું કબૂલ કરો છો એટલે બસ છે. પણ આ શ્લોક ક્યાંથી જાણ્યો? છઠ્ઠો અધ્યાય

તો હજી શીખ્યા નથી ને?'

મહાદેવભાઈ બોલ્યા :

'બાપુ, કાલે જ શરૂ કરેલો અને આ શ્લોક છેલ્લો જ શીખ્યા.'



# ૧૫. ટેકો શોધ્યા કરવાનો

યરવડા જેલમાં ગાંધીજી અનશનના જ વિચારમાં ઘણુંખરું રહેતા હતા.

એક દિવસ ગાંધીજી ખાતાં ખાતાં મહાવીર સ્વામી વિશે પુસ્તક વાંચતા હતા.

તેમાંથી એક વાક્ય ગાંધીજી પોતે જે કરવા ધારે છે અને તેમણે જે કર્યું છે એના અણધાર્યા ટેકા તરીકે મળ્યું.

ગાંધીજીએ મહાદેવભાઈને ઈશારો કરીને એ વાક્ય બતાવ્યું.

મહાદેવભાઈ એ વાંચીને કહે :

'ખરે ટાંકણે જ આવ્યું છે ના?'

ગાંધીજીએ આનંદાશ્ચર્યથી ડોકું હલાવ્યું.

સરદારશ્રી આ જોઈને વિનોદ કરતાં કહે :

'પોતાને માટે ટેકો શોધ્યા જ કરવાના !'

ગાંધીજીએ તેઓ બંને તરફ આંગળી બતાવીને સૂચવ્યું :

'તમારે માટે પણ એ છે.'

એટલે સરદારશ્રી કહે :

'જૈનોને તો એમ દેહ છોડવામાં ક્યાં વાંધો છે? સનાતનીઓને સમજાવો ત્યારે ખરા!'



## ૧૬. અધિકારી કોણ?

હરિજનો માટે મંદિરપ્રવેશની ચર્ચા ચાલતી હતી.

તે સમયે મહાદેવભાઈએ એક દિવસ બાપુને એક ગમ્મત કહી.

ગાંધીજીના પુત્ર શ્રી દેવદાસભાઈએ મહાદેવભાઈને પૂછ્યું હતું કે,

'મતગણતરીમાં બાપુ, વલ્લભભાઈ, તમે, બા અને હું હોઈએ, તો આપણે મંદિરપ્રવેસ માટે મત આપી શકીએ કે?'

એ સાંભળીને ગાંધીજી ગમ્મત કરતાં કહે :

'વલ્લભભાઈ સિવાય આપણે બધા મતદાર થઈ શકીએ છીએ.'

એટલે સરદારશ્રીએ પણ સામી ગમ્મત કરતાં કહ્યું :

'તમે કોઈ નહીં પણ હું તો થઈ શકું, કારણ હું તો

નાનપણમાં મંદિરોમાં બહુ ગયો છું.'

'તમે તો મંદિરમાં જવાનનો દાવો એ ઉપરથી કરતા હશો કે યરવડા જેવા "મંદિર"માં હંમેશાં આવવાનો ધર્મ કરી મૂક્યો છે અને બીજાને મોકલો છો, તેથી કેમ?'

ગાંધીજી અને મહાદેવભાઈ એ સાંભળીને ખડખડાટ હસી પડ્યા.



# ૧૭. અહિંસા કેમ?

એક દિવસ છાપામાં સમાચાર આવ્યા કે, મદ્રાસમાં ખ્રિસ્તી દેવળમાં પણ અસ્પૃશ્યોની સાથે ખ્રિસ્તીઓ અસ્પૃશ્યતા રાખે છે. તે લોકોને દૂર રાખવા માટે કઠેરા કરી દીધા છે. એની સામે મદ્રાસના બિશપને અનશનની નોટિસ કેટલાક ખ્રિસ્તીઓએ આપી છે.

આ સમાચાર જાણીને સરદારશ્રી ગાંધીજીને કહે :

'એ કઠેરા શા સારુ ઊખેડી નાખતા નથી?'

ગાંધીજી એ સાંભળીને સરદારની ગમ્મત કરતાં કહેવા લાગ્યા :

'તમારા મનમાં તો જાણે એ અહિંસામાં જ ખપે કેમ?'

સરદારશ્રી સામી ગમ્મત કરતાં કહે :

'એ કઠેરા ક્યાં કોઈને ઉખેડીને મારવાના છે? ઉખેડીને ફેંકી દેવાની વાત છે!'

# ૧૮. મેટ્રિક પછી

સરદાર કરમસદમાં ભણતા હતા, એ શાળાના મહેતાજીને પોતાના જે વિદ્યાર્થીઓ સાત ચોપડી પાસ થાય તે બધાને સિનિયર ટ્રેઈન્ડ માસ્તર બનાવવાની ભારે હોંશ હતી. સરદારને પણ તેમણે એવી સલાહ આપી હતી.

પરંતુ સરદારમાં નાનપણથી જ, કોઈનું પણ પ્રોત્સાહન કે પ્રેરણા નહોતી છતાં, મોટા માણસ થવાની ભારે મહત્ત્વાકાંક્ષા હતી.

તે જમાનામાં મોટા માણસ થવું એટલે વકીલ કે બેરિસ્ટર થવું.

સાત ચોપડી ભણી રહ્યા પછી તે વખતે વકીલ કે બેરિસ્ટર થવાનો સ્પષ્ટ ખ્યાલ સરદારના દિલમાં જાગ્યો પણ ન હોય. પરંતુ કોઈ પણ રીતે આગળ ભણવાની ઈચ્છા તેમના મનમાં હતી જ.



હવે મેટ્રિક થયા પછી શું કરવું એ પ્રશ્ન સરદાર સામે આવીને ખડો થયો.

ઘરની સ્થિતિ સાધારણ હતી. એટલે બધા એમ જ વિચારતા હતા કે કાંઈ નોકરીધંધે લાગી જાય તો સારું.

સરદારના મામા ડુંગરભાઈ એલ.સી.ઈ. પાસ થયેલા. તે અમદાવાદ મ્યુનિસિપાલિટીમાં મુખ્ય ઈજનેર હતા. મ્યુનિસિપાલિટી તથા શહેરમાં તે સારી પ્રતિષ્ઠા ધરાવતા હતા. તેમણે સરદારને સલાહ આપતાં કહ્યું :

‘તું હવે મેટ્રિક થઈ ગયો છે. તું જો અમદાવાદ આવે, તો મ્યુનિસિપાલિટીમાં મુકાદમની જગ્યા અપાવું. જેમ કામ શીખીશ તેમ આગળ વધવાનો સારો ચાન્સ મળશે.’

પરંતુ સ્વતંત્ર મિજાજના સરદારને આવી નોકરીબોકરીથી શાનો સંતોષ થાય? એમના મગજમાં બાળપણથી જ ભારે ભારે મહત્ત્વાકાંક્ષાઓ ભરેલી હતી.

સાહસિક યુવાન સરદારને મોટા થઈ કંઈ અવનવું કરવાની મહત્ત્વાકાંક્ષા હતી.

સરદારે નડિયાદ અને વડોદરામાં વકીલોને જોયા હતા. બેરિસ્ટરોને પણ જોયા હતા. એટલે એમના જુવાન મગજમાં જાતજાતનાં સ્વપ્નાં ઊભરાતાં હતાં.

આ અંગે સરદારે પોતે જ એક વાર જાહેર સભામાં જણાવ્યું

હતું.

૧૯૨૧ના સ્વરાજ્યના જુવાળના દિવસોમાં અસહકાર વિશે મોડાસામાં એક હૃદયસ્પર્શી વ્યાખ્યાન આપતાં સરદારે પોતાની યુવાવસ્થાના મનોરાજ્ય વિશે બોલતાં કહ્યું હતું :

'ભાઈ મોહનલાલે મારી ઓળખાણ આપતાં કહ્યું કે, હું પહેલાં અંગ્રેજની આબેહૂબ નકલ કરતો હતો, એ સત્ય છે. વળી, હું નવરાશનો વખત રમતગમતમાં ગાળતો એ વાત પણ ખરી છે.'

મારી માન્યતા તે વખતે આવી હતી કે, આ આપણા અભાગી દેશમાં પરદેશીની નકલ કરવી એ જ ઉત્તમ કાર્ય છે.

'મને શિક્ષણ પણ એવું જ આપવામાં આવ્યું હતું કે, આ દેશના માણસો હલકા અને નાલાયક છે અને આપણા ઉપર રાજ્ય કરનારા પરદેશી માણસો જ સારા અને આપણો ઉધ્ધાર કરવા સમર્થ છે. આ દેશના લોકો તો ગુલામગીરીને જ લાયક છે.'

'આવું ઝેર આપણા દેશનાં તમામ બાળકોને પિવડાવવામાં આવે છે!'

'હું નાનપણથી જ જે લોકો સાત હજાર માઈલ દૂર પરદેશથી રાજ્ય કરવા આવે છે, તેમનો દેશ કેવો હશે તે જોવા અને જાણવાને તરફડિયાં મારતો હતો.'

'હું તો સાધારણ કુટુંબનો હતો. મારા બાપ મંદિરમાં



જિંદગી ગાળતા અને તેમાં જ પૂરી કરેલી. મારી ઈચ્છા પૂરી કરવા તેમની પાસે સાધન ન હતું.'

'મને માલૂમ પડ્યું કે, દશ પંદર હજાર રૂપિયા મળે તો વિલાયત જવા. મને કોઈ એટલા રૂપિયા આપે એમ ન હતું.'

'મારા એક મિત્રે કહ્યું કે, ઈડર સ્ટેટમાં દરબાર પાસેથી રૂપિયા વ્યાજે મળે એવો સંભવ છે. એ મિત્રના કાકા ઈડરમાં રહેતા. તે ઉપરથી એ મારો મિત્ર અને હું બંને ઈડર ગયા અને શેખચલ્લીના વિચારો કરી ગામની પ્રદક્ષિણા ફરીને પાછા આવ્યા.'

'છેવટે નક્કી થયું કે વિલાયત જવું હોય તો પૈસા કમાઈને જવું....'

એટલે સરદારે 'સસ્તું ભણવાનું અને સહેલાઈથી રળવાનો ધંધો' કર્યો એ વિચારીને વકીલાતનો વિચાર કર્યો. તેય એલ.એલ.બી. થવાનો નહીં, પણ 'ડિસ્ટ્રિક્ટ પ્લીડર' થવાનો.

કોલેજમાં જઈ ઉચ્ચ કેળવણી લેવા જેટલા તો ઘરમાં પૈસા નહોતા. પરંતુ મોટું કારણ તો એલ.એલ.બી. થતાં છ વર્ષ લાગે એ જ હતું.

એટલાં બધાં વર્ષ અભ્યાસમાં ગાળવાનું સરદારને વાજબી ન લાગ્યું. ઉંમર મોટી થઈ ગઈ હતી અને શક્ય એટલા વહેલા વકીલ થઈ, પૈસા કમાઈ વિલાયત જવું હતું.

વળી ડિસ્ટ્રિક્ટ પ્લીડરની પરીક્ષા માટે તો ઘેર રહીને વાંચી શકાય અને ખર્ચ કંઈ જ ન થાય, એ પણ એની પસંદગીનું એક કારણ ખરું.



# ૧૯. વકીલ થયા

સરદારે વકીલ થવાનો વિચાર કર્યો. ઓળખીતા વકીલો પાસેથી ચોપડી લાવી તેમણે અભ્યાસની શરૂઆત કરી દીધી.

વકીલાતના અભ્યાસ દરમિયાન સરદાર મોટે ભાગે નડિયાદમાં એમના મિત્ર કાશીભાઈ શામળભાઈને ત્યાં રહેતા.

અહીં બનેલા એક પ્રસંગમાં, સરદારમાં રહેલી કુમાશભરી બાજુનું આપણને દર્શન થાય છે.

કાશીભાઈના પિતાના એક મિત્ર હતા. એમનું નામ હતું ડુંગરભાઈ મૂળજીભાઈ. તે નડિયાદના પ્રખ્યાત વકીલ હતા.

કાશીભાઈના પિતા ગુજરી ગયા, ત્યારે ડુંગરભાઈએ કાશીભાઈના કુટુંબની સઘળી સારસંભાળ રાખેલી.

જે વખતે સરદાર વકીલાતનો અભ્યાસ કરવા માટે કાશીભાઈને ત્યાં રહેતા હતા, એ અરસામાં ડુંગરભાઈનાં પત્ની

છએક મહિનાનો એકનો એક છોકરો મૂકીને ગુજરી ગયાં!

એટલે કાશીભાઈનાં માતુશ્રી એ બાળકને ઉછેરવા માટે પોતાને ઘેર લઈ આવ્યાં.

સરદાર અને કાશીભાઈ ખડકીની મેડી ઉપર વકીલાતનું વાંચતા તથા સૂવા બેસવાનું રાખતા. એમણે બંનેએ છોકરાને માની જેમ ઉછેરી મોટો કર્યો.

સરદાર તો છોકરાને પોતાને પડખે જ સુવાડતા અને રાતે ઊઠીને એને બેત્રણ વાર દૂધ પાતા.

રાતે છોકરો ઝાડો-પેશાબ ન કરે, તો સરદાર એનાં બાળોતિયાં બદલાવતા અને બધું જાતે સાફસૂફ કરીને પાછા પોતાની પાસે સુવાડતા.

એ છોકરો ત્રણેક વર્ષનો થયો. ત્યાં સુધી તેને ઉછેરીને મોટો કરવામાં સરદારશ્રીએ ખૂબ જ પરિશ્રમ ઉઠાવ્યો હતો.

આ સમય દરમિયાન બનેલો એક બીજો પ્રસંગ પણ નોંધવા જેવો છે. સરદારમાં રહેલી અદ્‌ભુત સહનશીલતાનો એમાં પરિચય થાય છે.

આ દિવસોમાં સરદાર પોતાના એક મિત્રને ત્યાં બાકરોલ બેએક મહિના રહ્યા હતા. ત્યાં તેમને કાખબિલાડી થઈ.

ગામડામાં બીજા ઉપાયો તો શેના હોય? કોઈએ કહ્યું : ‘ગામમાં વાળંદ છે. તે નસ્તર મૂકીને ગમે તેવું ગૂમડું ફોડી



નાખવામાં બહુ હોંશિયાર છે. તેને બોલાવી જુઓ. તરત આ પીડાનો નિકાલ આવી જશે.’

એટલે એ વાળંદને બોલાવવામાં આવ્યો.

વાળંદે નસ્તર મૂકવા માટે સળિયો ધગધગતો કરીને કાખબિલાડીને લગાડ્યો.

પરંતુ અંદર એકઠું થયેલું પરું કાઢી નાખવાની તેની હિંમત ન ચાલી !

આ જોઈને સરદારે કહ્યું : ‘આમ જોયા શું કરે છે? લાવ, તારાથી ન થાય તો હું કરું.’

એમ કહીને સરદારે ધગધગતો સળિયો હાથમાં લઈ તરત અંદર ખોસી દીધો અને અંદર ચારેબાજુ ફેરવી બધું પરું કાઢી નાખ્યું!

છેવટે સરદારે વકીલાતનો ત્રણ વરસ બરોબર અભ્યાસ કરીને સને ૧૯૦૦માં ડિસ્ટ્રિક્ટ પ્લીડરની પરીક્ષા પસાર કરી.

## ૨૦. દેશ આઝાદ બન્યો, પણ...

સરદાર અહમદનગરની જેલમાંથી છૂટીને ગાંધીજીને મળ્યા. ત્યાંથી સિમલા ગયા.

પરંતુ ત્યાં મળેલી પરિષદનું કશું સુખદ પરિણામ આવ્યું નહીં. મુસ્લિમ લીગના નેતા ઝીણાસાહેબે સિમલામાં અક્કડ વલણ ધારણ કર્યું.

સરદાર ત્યાંની પરિસ્થિતિ પરથી પામી ગયા કે, કોંગ્રેસના વનવાસ દરમિયાન મુસ્લિમ લીગે અંગ્રેજ સરકારની મદદથી પોતાની સ્થિતિ પાકી કરી નાખી હતી.

પછી તો દેશનું વાતાવરણ વધારે ને વધારે તંગ બનતું ગયું. એટલે કોંગ્રેસના કેટલાક મોવડીઓને પણ લાગવા માંડ્યું કે, હવે દેશના ભાગલા પાડ્યા સિવાય દેશમાં સુખશાંતિ સ્થાપવા મુશ્કેલ છે.

તેથી આ અંગે વિચારણા કરવા ૧૯૪૭ની ૧૪મી જૂને



નવી દિલ્હીમાં મહાસમિતિની બેઠક ભરવામાં આવી. એમાં ફક્ત મહાસમિતિના સભ્યોને જ આમંત્રણ હતું.

વાતાવરણ ગમગીનીભર્યું હતું. બધાનાં મન ચિંતાતુર હતાં. કેટલાક આગેવાનોની આંખમાંથી આંસુ પણ વહેતાં હતાં.

સરદારશ્રીના હૃદયના દુઃખનો પાર નહોતો. પરંતુ તેમણે પોતાની અનોખી રીતે બધાને આશ્વાસન આપતાં કહ્યું :

‘જિંદગીભર મુલકની એકતા માટે હું પ્રયત્નશીલ રહ્યો છું. તમારા કોઈનાય કરતાં આ ભાગલાના ઠરાવથી મને ઓછું દુઃખ નથી થતું.’

‘પણ મારા મનમાં વસી ગયું છે કે, આ ઠરાવ સ્વીકાર્યા સિવાય બીજો રસ્તો નથી. દેશના ભાગલા પાડવાના ભોગે પણ અંગ્રેજ સરકારને અહીંથી વિદાય કરવામાં ડહાપણ છે.’

‘ભવિષ્યની મોટી બૂરાઈને અટકાવવા ખાતર આ બૂરાઈને સ્વીકારીને પણ અંગ્રેજ પાપને અહીંથી વિદાય કરવામાં ડહાપણ છે.’

‘એ દૃષ્ટિએ હું કકળાટ કરતા મિત્રોને આ કડવો ઘૂંટડો પીવાને વીનવું છું.’

ત્યાર પછી પંદરમી ઓગષ્ટ, ૧૯૪૭ને રોજ ભારત સ્વતંત્ર જાહેર થયું. પાકિસ્તાન સ્થપાયેલું જાહેર થયું, અને અંગ્રેજ સત્તાએ આ ભૂમિ પરથી વિદાય લીધી.

પરંતુ એ મુક્તિદિનનો આનંદ માણવાનું ભારતવાસીઓના ભાગ્યમાં લખાયું નહોતું!

હિંદુ અને મુસલમાન કેટલાંય વર્ષોથી ભાઈ-ભાઈ તરીકે, એક પ્રજા તરીકે અને શાંત પડોશી તરીકે હળીમળીને રહેતા હતા. તેઓના દિલમાં શેતાને વાસ કર્યો અને કોમી રમખાણનું ગાંડપણ બધે ફેલાઈ ગયું!

નિર્દોષ સ્ત્રીઓ અને બાળકોના લોહીથી ભૂમિ તરબોળ બની. એકબીજાની મા-બહેનોની ઈજ્જત લૂંટાવા લાગી. સાંભળતાં શરમ અને કમકમાં છૂટે એવાં ઘોર અમાનુષી કૃત્યો થવા લાગ્યાં !

આ બધું ગાંડપણ અને ઘોર હિંસા જોઈને મહાત્મા ગાંધીજીનું દિલ દ્રવી ઊઠ્યું. એમની વેદનાનો પાર નહોતો.

મહાત્માજી દુઃખીઓનાં આંસુ લૂછવા અને દુઃખી દિલને દિલાસો આપવા નીકળી પડ્યા. બંગાળ, બિહાર, કલકત્તા, દિલ્હી એમ બધે ગાંધીબાપુ વૃદ્ધ વયે દુઃખી દિલે ઘૂમવા લાગ્યા. ગાંધીજી રાતદિવસ એ મથામણમાં જ રહેતા.

અને.... ત્યાં તો ૩૦ મી જાનેવારી, ૧૯૪૮નો ગોઝારો દિવસ આવ્યો અને બાપુજી સાંજની પ્રાર્થના વેળાએ નીકળ્યા, ત્યાં તો પ્યારા બાપુની હત્યા થઈ!

લાખો હૈયાં રડી ઊઠ્યાં!



# ૨૧. રસ્તા વચ્ચે પથ્થર

સરદાર વલ્લભભાઈ શાળામાં ભણતા હતા, ત્યારનો આ પ્રસંગ છે.

તે વખતે કરમસદમાં ગુજરાતી સાત ધોરણ સુધીની નિશાળ હતી.

ત્યાં અંગ્રેજી શાળા નહીં હોવાથી કેટલાય અંગ્રેજી ભણતાં વિદ્યાર્થીઓ ત્યાંથી જ છસાત માઈલ દૂર આવેલા પેટલાદ ગામે રોજ જતા-આવતા.

ગરમીની મોસમમાં શાળાનો સમય સવારનો હતો. શાળા છસાત માઈલ દૂર હતી. તેથી વિદ્યાર્થીઓએ કરમસદથી પરોઢ થતાં પહેલાં નીકળી જવું પડતું.

ખેતરાળ રસ્તો - પગથી પડેલી. એ રસ્તે વિદ્યાર્થીઓ રોજ પેટલાદ જાય - આવે.

એક દિવસ પાંચ છ વિદ્યાર્થીઓ વહેલી સવારે કરમસદથી નીકળ્યા.

પગથી પર ચાલતાં ચાલતાં એક વિદ્યાર્થીનું ધ્યાન ખેંચાયું કે, તેમનામાંથી એક ઓછો છે!

તે આજુબાજુ જોઈને બોલી ઊઠ્યો :

'અલ્યા, વલ્લભભાઈ ક્યાં ગયો?'

બીજાએ પાછળ જોઈને કહ્યું : 'એ પેલો જણાય! કાંઈક ગડમથલ કરતો લાગે છે.'

ત્રીજાએ બૂમ પાડી : 'વલ્લભભાઈ, તું શું કરે છે? કેમ પાછળ રહી ગયો?'

વલ્લભભાઈએ જવાબ આપ્યો : 'જરા થોભો, હું આ આવ્યો.'

એમ કહીને ખેતરની હદ માટે દાટેલા પથ્થરનાખૂંટને જોરથી હચમચાવી બહાર ખેંચી કાઢવાના કામમાં વલ્લભભાઈ મંડી પડ્યા.

થોડીવારમાં ખૂંટ બહાર નીકળી ગયો. વલ્લભભાઈએ એને દૂર ફગાવી દીધો. પછી તે દોડીને પોતાના સાથીઓ પાસે જઈ પહોંચ્યા.

એક જણે પૂછ્યું : 'કેમ પાછળ રહ્યો'તો?'

વલ્લભભાઈએ સહજપણે જવાબ આપ્યો :



'રસ્તા વચ્ચે પથ્થરનો ખૂંટ વારંવાર નડતો હતો. આપણા જેવા અનેકને નડ્યો હશે. કોઈના પગ પણ અંધારે ભાંગ્યા હશે. એને હચમચાવી કાઢવામાં રોકાયો હતો.'

એક જરા મશ્કરીમાં પૂછ્યું :

'કાઢ્યો કે પછી રહેવા દીધો?'

વલ્લભભાઈએ ખુમારીમાં કહ્યું :

'રહેવા દે એ બીજા ! જેને તેને વાગે અને હરકત કરે તેને કાઢ્યે જ છૂટકો. કેટલાયને અંધારે વાગતો હશે. છતાં કોઈ એને કાઢતું નહોતું! એટલે બધાંનું દુઃખ ઊભું ને ઊભું રહેતું.'

'ગઈકાલનો મેં નિશ્ચય કર્યો હતો કે, આજે તો તેને કાઢી જ નાખવો. એટલે એને કાઢી નાખવાના કામે રોકાયો હતો. એને કાઢીને દૂર ફગાવી દીધો!'

## ૨૨. ગભરાય એ બીજા !

સરદારશ્રી મેટ્રિક થયા પછી વકીલ થવા માગતા હતા. એ માટે તેઓ ઘેર રહીને 'ડિસ્ટ્રિક્ટ પ્લીડર'ની પરીક્ષાનો અભ્યાસ કરતા હતા.

આ અભ્યાસ દરમિયાન સરદારશ્રી તેમના એક મિત્રને ત્યાં વાંચવા માટે બે મહિના બાકરોલ ગયા હતા.

એવામાં સરદારને કાખબિલાડી થઈ.

બાકરોલ જેવા નાનકડા ગામમાં બીજા ઉપાયો તો શેના જડે?

ગામના એક ભાઈએ સરદારને કહ્યું :

'વલ્લભભાઈ, કાખબિલાડી માટે એક અકસીર દેશી ઉપાય છે ખરો. પણ દુઃખ સહન કરવાની તમારી તૈયારી હોય, તો એ ઉપાય અજમાવી શકાય. કાચાપોચાનું એમાં કામ નહીં. બોલો, છો તૈયાર?'



સરદારશ્રીએ તરત જ કહ્યું :

'દુઃખથી ગભરાય એ બીજા ! તમે તમારે ઉપાય તો બતાવો. અજમાવી જોવામાં શું ખાટુંમોળું થવાનું છે?'

પેલા ભાઈએ કહ્યું :

'ગામમાં વાળંદ રહે છે. તે નસ્તર મૂકીને ગમે તેવું ગૂમડું ફોડી નાખવામાં હોંશિયાર છે. તેને બોલાવી જુઓ.'

સરદારશ્રીએ તરત જ વાળંદને બોલાવ્યો.

વાળંદે કાખબિલાડી તપાસી જોઈ. તેણે કહ્યું :

'આનો ફોડવી પડશે. એ માટે સળિયો તપાવીને એને લગાડવો પડશે. પછી અંદરનું બધું પરું કાઢી નાખવું પડશે. તમે કહેતા હો તો કરું.'

સરદારે કહ્યું : 'ભલે, ભલે, કરો ઉપાય.'

એટલે વાળંદે નસ્તર મૂકવા માટે સળિયો ધગધગતો કર્યો અને કાખબિલાડીને લગાડ્યો. કાખબિલાડી ફૂટી ખરી પરંતુ અંદર એકઠું થયેલું બધું પરુ કાઢી નાખવાની તેની હિંમત ન ચાલી!'

આ જોઈને સરદાર બોલી ઊઠ્યા : 'અલ્યા, આમ જોયા શું કરે છે? લાવ, તારાથી ન થતું હોય, તો હું કરું.'

એમ કહી સરદારશ્રીએ વાળંદના હાથમાંથી ગરમ સળિયો લઈ લીધો. પછી પોતે જ એ સળિયાને અંદર ખોસી દીધો અને કાખબિલાડીની અંદર ચારેબાજુ ફેરવીને બધું પરું કાઢી નાખ્યું!

## ૨૩. પ્લેગ

સરદારશ્રી વકીલ થયા. પછી તેમણે ગોધરામાં વકીલાત શરૂ કરી.

તેમનાં ધર્મપત્ની ઝવેરબા સાથે તેઓ ગોધરા ગયા.

ઘર નવેસરથી શરૂ કરવાનું હતું. સરદાર પાસે કાંઈ જ સાધન ન હતું.

ઘર માંડવા માટે જોઈતાં વાસણકૂસણ અને બીજું રાચરચીલું પણ સસ્તું મળે એ સારું તેઓ નડિયાદની ગુજરીમાં ગયા અને ત્યાંથી એ બધું વેચાતું લીધું. તે વખતે સરદાર પાસે પૈસા પણ ન હતા. એટલે તેમણે એટલા પૈસાનું દેવું કર્યું હતું.

ગોધરામાં ઘર અને વકીલાત હજી શરૂ કરતા હતા, ત્યાં તો ગોધરામાં પ્લેગ ફાટી નીકળ્યો ! ઘેર ઘેર પ્લેગના કેસ બનવા લાગ્યા.



ગોધરાની કોરટના નાજર સરદારશ્રીા સ્નેહી થતા હતા. તેમનો દીકરો પ્લેગમાં સપડાયો !

સરદારને આ વાતની ખબર પડી. એટલે તેઓ તરત જ નાજરને ઘેર દોડી ગયા. ત્યાં જઈને સરદાર દરદીની સેવામાં લાગી ગયા.

દરદીને બચાવી લેવાના ઉપાયો અજમાવી જોયા. પરંતુ દરદી બચ્યો નહીં!

દરદીને સ્મશાને વળાવીને બધા ઘેર આવ્યા.

સરદાર પોતાને ઘેર પહોંચ્યા, ત્યાં તો તેઓ પોતે જ પ્લેગમાં પટકાયા ! મોટી ગાંઠ નીકળી.

પરંતુ સરદારશ્રી એથી કાંઈ ઓછા ગભરાઈ જાય?

સરદારશ્રી ઝવેરબા સાથે ગાડીમાં બેઠા.

આણંદ આવીને સરદારશ્રીએ ઝવેરબાને કહ્યું :

'તમે જાઓ કરમસદ, હું નડિયાદ જાઉં છું. ત્યાં સાજો થઈ જઈશ. તમે ચિંતા કરશો નહીં.'

પ્લેગ જેવા ભયંકર રોગમાં સપડાયેલા પતિને એકલા છોડીને જવાની કઈ પત્નીની હિંમત ચાલે?

ઝવેરબાએ નડિયાદ સાથે આવવાની અને એમની સેવાચાકરી કરવાની હઠ પકડી.

પરંતુ સરદાર શાના માને? તેમણે પોતાનો આગ્રહ પકડી રાખ્યો એ ઝવેરબાને કરમસદ મોકલી દીધાં.

પછી સરદારશ્રી એકલા નડિયાદ ગયા અને ત્યાં સાજા થઈ ગયા.



# ૨૪. ગુમાન ઉતાર્યું

સરદાર અમદાવાદમાં બેરિસ્ટરી કરતા હતા. સાંજે કોર્ટના કામ પછી તેઓ 'ગુજરાત ક્લબ'માં જતા.

સરદારને બ્રિજ નામની પાનાંની રમત રમવાનો ભારે શોખ. બેરિસ્ટર ચિમનલાલ ઠાકોર સાથે એમને બહુ દોસ્તી થઈ ગઈ હતી.

એ બંને મિત્રો બ્રિજમાં ભેરુ થતા.

એ ક્લબમાં વાડિયા નામના એક બેરિસ્ટર પણ આવતા. એ પોતે બ્રિજ રમવામાં એક્કા છે એવો ફાંકો રાખતા હતા.

એવો જ ફાંકો રાખનાર એક બ્રોકર નામે વકીલ હતા. એ વકીલ વાડિયાના ભાઈબંધ હતા.

એ બે જણે એક વાર સરદાર અને તેમના ભેરુને હરાવવાનો વિચાર કર્યો. એ લોકોએ સરદારને કહેણ મોકલ્યું : 'શરત બકીને

બ્રિજ રમવી છે? અમે તૈયાર છીએ.’

સરદાર એ બંને જણાનું ગુમાન તરત જ પારખી ગયા. એટલે તેમને થયું, આ ભાઈસાહેબને બરોબર પાઠ શીખવીએ, જેથી બીજી વાર આવી શેખી કરવાની ખો ભૂલી જાય.

સરદારે કહ્યું : ‘તમારી શરત કબૂલ છે. પરંતુ આના-બે આનાની શરત બકી આપણે રમવું નથી. રમવું જ હોય તો પાંચ પાઉન્ડના સો પોઈન્ટ એવી શરત રાખીએ તો રમવાની પણ મજા પડે. અમારી શરત કબૂલ હોય તો આવી જાઓ મેદાનમાં.’

વાડિયા બેરિસ્ટર અને બ્રોકર વકીલને તો ભારે ખુમારી હતી કે, આપણે બંદા જ જીતવાના છીએ. સરદાર અને તેમના ભેરુનાં ખીસાં ખાલી કરવાનો આ સારો મોકો છે. એમ માનીને તેઓ રમવાને કબૂલ થયા.

પહેલે દિવસે રમવા બેઠા.

બીજા વકીલો પણ આ મફતનો તમાશો જોવા આસપાસ વીંટળાઈ વળ્યા.

પરંતુ પહેલે જ દિવસે બ્રોકર અને વાડિયા પંદર કે વીસ વાઉન્ડ હાર્યા !

એ લોકોને થયું, આ તો રમત છે, તેમાં કોઈ વાર હારી પણ જવાય. પણ બીજે દિવસે એ લોકોનાં ખીસાં ખાલી કરતાં વાર કેટલી?



બીજે દિવસે વાડિયા અને બ્રોકર સરદાર સાથે રમવા તૈયાર થયા.

સરદાર તો તૈયાર જ હતા. સામા માણસનો પડકાર ઝીલવામાં સરદારને મજા પડતી. આ ટેવ તો એમને નાનપણથી જ હતી.

બીજે દિવસે બ્રિજની રમત શરૂ થઈ.

સરદારે ઠાવકઈથી રમવા માંડ્યું.

પણ વાડિયા સાહેબ પચીસ કે ત્રીસ પાઉન્ડ હારી બેઠા!

એમનાં મોં જોવા જેવાં થઈ ગયાં.

ક્લબમાં તો હાહાકાર ફેલાઈ ગયો.

કેટલાક વકીલ તો આવી મોટી શરત બકીને રમવાની ક્લબમાં બંધી કરવી જોઈએ એવી વાતો જોરશોરથી કરવા લાગ્યા.

પરંતુ સરદાર તો પોતાની ટેવ મુજબ છાનામાના બધો તમાશો જોતા હતા. વાડિયા અને બ્રોકર નમતું જોખે છે કે નહીં એ તેઓ જોવા માગતા હતા.

ત્રીજે દિવસે વાડિયાનાં પત્નીને આ વાતની ખબર પડી.

તે તો લગભગ ચાર વાગ્યાનાં ગાડી લઈને ક્લબ દરવાજે આવીને ઊભાં.

કોર્ટમાંથી નીકળીને વાડિયા ક્લબમાં દાખલ થવા જતા

હતા, તેવાં જ એમનાં પત્ની બોલી ઊઠ્યાં : 'ચાલો ઘેર, ક્લબમાં નથી જવું.'

એમ આઠદસ દિવસ સુધી વાડિયાનાં પત્ની એમના પતિદેવને લેવા આવતાં અને એમને ગાડીમાં બેસાડીને સીધા ઘેર લઈ જતાં.

પછી વાડિયાનાં પત્ની સરદાર પાસે આવ્યાં અને વિનંતી કરતાં બોલ્યાં : 'કૃપા કરીને મારા ધણીને આવા છંદે ન ચડાવશો!'

સરદારે આવી શરતો બકીને રમવાનું પસંદ નહોતા જ કરતા. પણ પેલા બે ભાઈબંધોનું ગુમાન ઉતારવાની ખાતર જ શરત ઉપર રમવા તૈયાર થયા.



## ૨૫. દરદી!

સરદારશ્રી બેરિસ્ટરીનો અભ્યાસ કરવા વિલાયત ગયા હતા.

તેઓ ત્યાં અભ્યાસ કરવામાં એકાગ્ર બની ગયા હતા.

એક વાર સ્નાન કરતી વેળાએ સરદારશ્રી બાથરૂમમાં ચક્કર ખાઈને પડી ગયા !

પછી તો તેમને ખૂબ તાવ ચડ્યો. પગમાં પીડા થવા લાગી. તપાસ કરતાં પગમાં વાળાનું દરદ માલૂમ પડ્યું!

સરદારશ્રીને સારવાર માટે એક નર્સિંગ હોમમાં દાખલ કરવામાં આવ્યા.

દાક્તરે પગ તપાસીને કહ્યું : 'પગનું ઓપરેશન કરવામાં આવે, તો જ સારું થશે.'

સરદારે હા કહી, એટલે ઓપરેશન કરવામાં આવ્યું.

પરંતુ ત્યાંના સર્જનને આ દરદની બરાબર ખબર નહીં. આપણા દેશમાં તો વાળાનો બહુ સરળતાથી ઉપચાર થાય છે. પરંતુ વિલાયતમાં આ માટે એની આવડત કેળવાયેલી નહોતી. એટલે દાક્તર સર્જને વાળો કાઢવા પ્રયત્ન કર્યો ખરો. પરંતુ વાળો પૂરેપૂરો બહાર ન નીકળ્યો.

સર્જને બીજી વાર ઓપરેશન કર્યું.

તેથી તો દરદ વધ્યું અને ધનુર ધાયું!

પેલા સર્જને પગની બરોબર તપાસ કરીને ગંભીરતાથી કહ્યું :

‘હવે મને તો એક છેલ્લા ઉપાય સૂઝે છે. એ વિના બીજો રસ્તો નથી. જીવ બચાવવો હોય તો, પગ તરત કાપી નાખવો પડશે!’

સરદારશ્રીને આ વાત ક્યાંથી ગમે? તેમને તો હિંદુસ્તાન પાછા આવીને બેરિસ્ટરી કરવી હતી, તે લંગડા પગે કરવાની કાંઈ શોભે?

સરદારશ્રીએ પોતાના ઓળખીતા ડોક્ટર મિત્રના એક પ્રોફેસરને હાથે ફરી ઓપરેશન કરાવવાનું વિચાર્યું.

એ પ્રોફેસરે આખો કેસ ઝીણવટથી તપાસ્યો. એ વિશે થોડી વાર વિચાર કરીને તેમણે કહ્યું :

‘હું ઓપરેશન કરવા તૈયાર છું. પરંતુ તમારે મારી એક



શરત કબૂલ રાખવી પડશે. ક્લોરોફોર્મ આપી બેભાન કર્યા વિના તમે ઓપરેશન કરવા દેવા તૈયાર હો, તો સારા થવાનો વધારે સંભવ છે. બોલો, પીડા સહન કરવાની તૈયારી છે ખરી?’

સરદારશ્રીએ જરાયે આનાકાની કર્યા વિના કહ્યું :

‘મારે તો ક્લોરોફોર્મ લેવાની જરૂર જ નથી. ગમે તેટલી પીડા કે દુઃખ થાય એ હું સહન કરી શકું એમ છું.’

અને ખૂબી એ થઈ કે, ઓપરેશન પૂરું થાય ત્યાં સુધી એક ઊંહકારો સરખો સરદારશ્રીએ ન કાઢ્યો!

સર્જન અને તેમના મદદનીશો આ જોઈને નવાઈ પામ્યા. તેઓ બોલી ઊઠ્યા :

‘આવો દરદી અમને પહેલી વાર જ જોવા મળ્યો છે!’

## ૨૬. ઊલટ તપાસ

સરદાર ઊલટતપાસમાં સામા પક્ષના સાક્ષીઓને વિચિત્ર અને અણધારેલા સવાલો પૂછીને એવા ગૂંચવી દેતા કે તેઓ ડઘાઈ જઈ સાક્ષી આપવામાં નબળા પડી જતા. એ રીતે સરદાર પોતાનો કેસ મજબૂત કરી દેતા.

આવા બે એક પ્રસંગો અહીં જોઈએ :

૧

એક બારૈયાનું ખૂન તેના પોતાના જ ઘરમાં થયું હતું. જુદા જુદા ગામના બે બારૈયાઓ ઉપર પોલીસોએ ખૂનનો આરોપ મૂકી કેસ કરેલો અને પોલીસપટેલ સાક્ષીમાં ગયેલો.

એક બારૈયાએ સરદારને કેસમાં રોક્યા.

સરદારે પોલીસપટેલની ઊલટતપાસ લેવા માંડી. સરદારે પૂછ્યું :

'તમારા પ્રથમ રિપોર્ટમાં ખૂનીનાં જે નામ લખેલાં છે તે



છેકી નાખીને કેમ બદલ્યાં છે?'

પોલીસપટેલે જવાબ આપ્યો :

'મરનારના બાપે પહેલી વાર બે નામ આપ્યાં. પણ ત્યાર પછી તેની સ્ત્રીએ આ બીજાં બે નામ આપ્યાં. એટલે મેં બદલ્યાં.'

સરદારે બીજો સવાલ પૂછ્યો :

'તમે નામ બદલવાના કેટલા રૂપિયા લીધા છે?'

પોલીસ પટેલ કહે : 'મેં કાંઈ લીધઉં નથી.'

એ સાંભળીને સરદારે સપાટો ચલાવ્યો :

'વાહ, ધરમરાજાના અવતાર લાગો છો! પણ હું તમને પોલીસપટેલોને ઓળખું છું. તમારા લોકો તો ખૂન કરાવે, દેવતા મુકાવે, જાસા કરાવે, ચોરીઓ કરાવે અને ચોરીનો માલ પણ રાખે.'

'માટે ભગવાનને માથે રાખી જુબાની આપો છો તો સાચું બોલો. નહીં તો સવાલો પૂછીને તમારાં બધાં પોકળ મારે ખોલાવવાં પડશે!'

પેલો પોલીસપટેલ તો ડઘાઈ જ ગયો અને બધું ઘણુંયે તૈયાર કરીને આવ્યો હતો, છતાં જુબાનીમાં સાવ તૂટી ગયો!

પેલા બંને આરોપીઓ છૂટી ગયા.

૨

સરદાર બેરિસ્ટરી કરતા હતા, તે અરસામાં ઉમરેઠ ગામમાં

ખોટા દસ્તાવેજોના જોર ઉપર કેટલાયે માણસો ઉપર ખોટા દાવા થયેલા.

કોઈના ઉપર અદાવત હોય, તો તેની સામે ખોટો દસ્તાવેજ ઊભો કરી દાવો માંડવામાં આવતો અને તેને હેરાન કરવામાં આવતો.

આવા કેસો છેક હાઈકોર્ટ સુધી પહોંચેલા અને જ્યાં દસ્તાવેજના ખોટાપણાની ખાતરી થઈ ત્યાં હાઈકોર્ટમાં જજોએ સખત ટીકા કરેલી તથા એવા દસ્તાવેજ રજૂ કરનાર ઉપર ફોજદારી કેસ ચલાવવાના હુકમો કાઢેલા.

છેવટે તપાસ કરી ગુનેગારોને પકડવા માટે એક ખાસ પોલીસ અમલદાર નીમવામાં આવ્યો. તેણે એક ખોટા દસ્તાવેજ બનાવનારને એપ્રૂવર બનાવ્યો.

એપ્રૂવર તેને કહેવાય જે પોતાના ગુના કબૂલ કરે છે અને ગુનામાં સંડોવાયેલા બધાનાં નામ આપે છે, એ બદલ તેને સરકાર તરફથી માફી બક્ષવામાં આવે છે.

એપ્રૂવર નામવામાં આવ્યો, તેથી ખોટા દસ્તાવેજ બનાવવાના આરોપના ખોટાખરા સંખ્યાબંધ કેસો ઊભા થયા. એ બધા કેસો ચલાવવા સરકારે એક ખાસ વકીલ નીમ્યો.

આમાંનાં ઘણા કેસોમાં આરોપી તરફથી પોતાના બચાવ માટે સરદારને રોકવામાં આવતા.



એવા એક કેસમાં એક સાક્ષીની સરદારે ઊલટતપાસ કરવા માંડી.

સરદારે સાક્ષીને પૂછ્યું :

'તમે શરાફ છો?'

પેલાએ કંઈ જવાબ ન આપ્યો.

સરદારે ફરી પૂછ્યું :

'તમે શરાફ છો?'

જવાબ ન મળ્યો.

એટલે સરદારે ત્રીજી વાર પૂછ્યું :

'તમે શરાફ છો?'

પેલો કંઈ બોલ્યો નહીં, એટલે સરદારે સપાટો ચલાવ્યો :

'જે હો તે કહી દો ને? હું તો તમને ઓળખું છું કે, ''સત્તર પંચા પંચાણું, તેમાંથી પાંચ મૂક્યા છૂટના, લાવ નેવું'', એ ધંધો કરનારા તમે છો. પણ અહીં લાલચટક પાઘડી અને કડકડતું અંગરખું અને ખેસ નાખીને આવ્યા છો, એટલે મેં જાણ્યું કે શરાફી પેઢી કાઢી હશે.'

પેલો સાક્ષી ધીરધારનો ધંધો કરતો, પણ શરાફ કહી શકાય એવી તેની પેઢી નહોતી. તેના ઉપર એકાએક થયેલા આ હુમલાથી તે ગભરાઈ ગયો અને જુબાનીમાં ટકી શક્યો નહીં.

## ૨૭. માતૃભાષા

૧૯૨૦ની સાલમાં ગાંધીજીએ અસહકારની લડત જાહેર કરી.

તે વખતે અસહકારની ચળવળ સામે અંગ્રેજ સરકારે એક યાદી બહાર પાડીને જણાવ્યું હતું કે,

'જે કોઈને હિંદુનું સાચું હિત હૈયે છે તે સર્વ લોકોએ એકઠા થઈ આ હિલચાલની સામા થવું જોઈએ તથા કાયદા અને સુલેહના અમલ માટે સંગઠિત યત્નો કરવા જોઈએ.'

સરકારની આવી અપીલ જોઈને અમદાવાદ શહેરના મોડરેટો અને સરકાર પક્ષના માણસોએ સ્થાનિક નેશનલ હોમ રૂલ લીંગ તરફથી નીચેના વિષય ઉપર એક જાહેર સભા ગોઠવીઃ

'અસહકાર - તેનું કાર્ય, વિકાસ અને ક્ષય.'

આ સભામાં અસહકારીઓએ પણ સારી સંખ્યામાં હાજરી



આપી. સરદારશ્રી પણ તેમાં ગયા.

સભામાં કલેકટર, પોલીસ ખાતાના અમલદારો, મેજિસ્ટ્રેટો, મામલતદાર તથા એ બધાની કચેરીના કારકુનોએ પણ ઠીક જગ્યા રોકી હતી.

મુખ્ય ભાષણકર્તા પોતાનું ભાષણ અંગ્રેજીમાં લખી લાવ્યા હતા.

તેમનું ભાષણ પૂરું થયું, એટલે પ્રમુખની રજા લઈને સરદારશ્રી તેનો જવાબ આપવા ઊભા થયા.

સરદારશ્રીએ ગુજરાતીમાં બોલવાનું શરૂ કર્યું.

એટલે કલેકટરની વિનંતીથી પ્રમુખે સરદારશ્રીને અંગ્રેજીમાં બોલવાની સૂચના કરી.

સરદારશ્રીએ સૂચના સાંભળીને કહ્યું :

'હું ચર્ચા કરું એમ તમે ઈચ્છતા હો, તો પછી મને જે ભાષામાં બોલવાનું યોગ્ય લાગતું હોય તે ભાષામાં બોલવાની છૂટ હોવી જોઈએ.'

'કલેકટર સાહેબને તો હું ઓળખું છું. તેઓ મારા કરતાં પણ સારું ગુજરાતી જાણે છે. તેમની સાથે બીજા ગોરા ગૃહસ્થ બેઠા છે તેમને હું ઓળખતો નથી. પણ જો તેઓ અમલદાર હોય, તો તો એમને ગુજરાતી આવડવું જ જોઈએ.'

આમ, થોડી વાર રકઝક થઈ.

છેવટે કઈ ભાષામાં બોલવું તે પ્રમુખ સાહેબે ભાષણકર્તાના વિવેક ઉપર છોડ્યું અને સરદારે માતૃભાષા ગુજરાતીમાં બોલવાનો વિવેક વાપર્યો.

પરંતુ કલેક્ટરથી આ સહન ન થયું. એટલે સરદારશ્રીએ બોલવાનું શરૂ કર્યું કે તરત તેમણે અને તેમની સાથે આવેલા ગોરો ગૃહસ્થે ઊઠીને ચાલવા માંડવાનો વિવેક કર્યો!

સરદારશ્રીએ પોતાની તળપદી ગુજરાતીમાં ભાષણકર્તાના સઘળા મુદ્દાના સચોટ રદિયા આપ્યા.



# ૨૮. એટલા સારા

યરવડા જેલમાં ગાંધીજી હતા, ત્યારે અંગ્રેજ સરકારનું દબાણ વધ્યે જતું હતું. ગાંધીજીના બધા જ પત્રોનું અંગ્રેજીમાં ભાષાન્તર કરી દેવામાં આવતું હતું.

એક દિવસ ગાંધીજીએ મહાદેવભાઈ પાસે ઘણા કાગળો લખાવ્યા.

આ જોઈને સરદારશ્રીને યાદ આવ્યું કે, જેલવાળાઓનો બાપુના પત્રોનો અનુવાદ કરાવતાં દમ નીકળતો હશે!

તેથી સરદાર હસતાં હસતાં મહાદેવભાઈને કહે :

‘ભલે, જેટલા વધારે થાય એટલા સારા! ભાષાન્તર કરી કરીને થાકી જશે એટલે કહેશે, ‘‘જવા દો, આ કાગળોમાં શું છે?’’’

## ૨૯. ઈલાજ!

એક જણે ગાંધીજીને કાગળ લખી જણાવ્યું :

'મારી પત્ની કુરૂપ છે. એટલે ગમતી નથી !'

એ સાંભળીને સરદારશ્રી કહે :

'લખોની કે આંખ ફોડી નાખીને એની સાથે રહે. એટલે એની કુરૂપતા જોવાનું નહીં રહે!'



## ૩૦. કબજો

એક દિવસ યરવડા જેલમાં એવા સમાચાર આવ્યા કે, બારડોલી આશ્રમનાં મકાનો અંગ્રેજ સરકારે વેચવા કાઢ્યાં છે.

આ સાંભળીને સરદાર ગમ્મત કરતાં કહે :

'સારું છે વેચાઈ જાય તો! આપણા હાથમાં સત્તા આવશે, ત્યારે એ બધાં મકાનો પાછાં આપ્યે જ છૂટકો છે. આપણા હાથમાં સત્તા ન આવે ત્યાં સુધી બદલામાં આ બધાં મકાનોનો (જેલોનો) કબજો આપણી પાસે પડેલો જ છે ના?'

## ૩૧. આમનો જુલમ !

ગાંધીજીએ '૩૨ની સાલમાં હરિજન પ્રશ્ન અંગે પ્રથમ ઉપવાસ આદર્યા હતા.

તે સમય દરમિયાન સરદારશ્રીનો વિનોદ સુકાઈ ગયો હતો. પરંતુ ઉપવાસ પૂરો થતાં પાછો તે પુરબહારમાં ખીલી ઊઠ્યો.

ઉપવાસ દરમિયાન ગાંધીજીને 'સ્પંજ બાથ' આપવાને માટે એમના કબાટમાંથી ઘણા ટુવાલો કાઢેલા હતા.

ગાંધીજી એ બધી વાતનો બરોબર હિસાબ રાખતા એટલે એક દિવસ તેમણે કહ્યું :

'હું બધાનો હિસાબ માગીશ.'

એ સાંભળીને સરદારશ્રી વિનોદ કરતાં કહે :

'એ શેનો અપાય? અમે તો તમને ખોઈને બેઠેલા હતા. અમને થોડી જ ખબર હતી કે તમે પાછા હિસાબ માગવાને માટે



આવવાના છો?'

એ સાંભળીને બધાં હસી પડ્યાં. પછી કસ્તૂરબાને પણ આ ગમ્મતમાં ભેળવવા માટે સરદારશ્રી મજાક કરતાં કહે :

'જુઓને બા, આમનો જુલમ ! માલવીયજીની પાસે ખાદી પહેરાવી, અસ્પૃશ્યોને અડકાડ્યા, જેલમાં લાવ્યા, વિલાયત લઈ ગયા, અને હવે અસ્પૃશ્યતાની સાથે રોટીબેટીનો વ્યવહાર પણ કરાવશે!'

આ સાંભળી બધાં ખડખડાટ હસી પડ્યાં.

ગંભીર વાતાવરણમાં થોડી વાર હળવાશ આવી ગઈ.

## ૩૨. લાચારી

એક જણે ગાંધીજીને પત્ર લખી પોતાની લાચારી બતાવીને પોતાને ફરી પરણવાનો આગ્રહ કરનારની દલીલ આપી હતી કે, 'એણે મારા ઉપર ઉપકાર કર્યા છે અને એને ત્રણ છોકરી કુંવારી છે. ન્યાતમાં વરની અછત છે. એટલે મને પરણવાનો આગ્રહ કરે છે!'

એ સાંભળીને સરદારશ્રી હસતાં હસતાં કહે :

'ત્યારે ત્રણે છોકરીઓ જ પરણી લે તો શું ખોટું?'



## ૩૩. રમૂજ

એક દિવસ ગાંધીજીએ સરદારશ્રી અને મહાદેવભાઈને પોતાના પૂર્વજીવનની વાત કરતાં કહ્યું :

'બેરિસ્ટર તરીકે ધંધો ચાલશે તેની ખાતરી નહીં. ખર્ચ તો ચાલુ જ. એટલે મુંબઈમાં કોઈ શાળામાં માસિક ૭૫ રૂપિયાની શિક્ષક તરીકે નોકરી માટે અરજી કરેલી!'

એ શાળાનો હેડમાસ્તર પણ એવો કે એણે ગાંધીજીને મળવા બોલાવેલા અને વાતો કરીને શિક્ષકની નોકરી માટે નાલાયક માનેલા !

સરદારશ્રી આ વાત સાંભળીને ખડખડાટ હસ્યા. પછી તેમણે પોતાના પૂર્વજીવનની રમૂજ વાત કરતાં કહ્યું :

'મારા મામા મ્યુનિસિપાલિટીમાં ઓવરસિયર હતા. તેમના મનમાં કે આ છોકરો શું ભણશે? લાવો ઠેકાણે પાડીએ.

એટલે એ ઘણી વાર મને કહે છે કે, ''અલ્યા, તું આવી જા. તને મુકાદમની જગા અપાવી દઈશ. એટલે કાલથી તું કમાતો થઈ જઈશ.''

એ સાંભળીને ગાંધીજી અને મહાદેવભાઈ ખડખડાટ હસી પડ્યા.'



# ૩૪. સમય વીતી ગયો

યરવડા જેલમાં ગાંધીજી હતા, ત્યારે તેમના ડાબા હાથની કોણીના હાડકાને આરામ આપવા ડોક્ટરે સલાહ આપી.

એ સલાહને માનવાના હેતુથી ગાંધીજીએ નવી જ યુક્તિ શોધી કાઢી.

યરવડા ચક્રના મોઢિયામાં ફેરફાર કરીને ગાંધીજીએ ડાબા હાથે કાંતવાનો પ્રયોગ ચાલુ કર્યો.

આ બધું જોઈને સરદાર ગાંધીજીને કહે :

'આમાં કાંઈ ફાયદો ન થાય ! પાકી કોઠીએ કાના ન ચડે. આપણું જૂનું ચાલતું હતું તેમ ચાલવા દો ની!'

ગાંધીજી કહે :

'કાલના કરતાં આજે પ્રગતિ સારી થઈ છે, એની કોઈ ના પાડી શકે એમ નથી.'

સરદારશ્રી ગમ્મત કરતાં કહે :

'એ તો આશ્રમમાં કોઈ જાણશે, તો ડાબા હાથે કાંતવાનું શરૂ કરી દેશે અને એ પંથ ચાલશે!'

બાપુજીએ પણ ગમ્મત ચાલુ રાખતાં કહ્યું :

'એ તો જાણવાના જ. આ વખતે લખીશ.'



# ૩૫. આથમતો સુરજ

એક દિવસ સાંજની વેળાએ ગાંધીજી, સરદાર અને મહાદેવભાઈ વાતો કરતા હતા. તે વેળાએ અદ્‌ભુત સૂર્યાસ્ત થઈ રહ્યો હતો.

એ જોઈને ગાંધીજી બોલી ઊઠ્યા : 'જુઓ તો ખરા!'

એટલે સરદારશ્રી ગમ્મત કરતાં કહે :

'અરે, તમે આથમતા સૂરજને શું જુઓ છો? ઊગતાને પૂજવો જોઈએ.'

ગાંધીજી પણ ગમ્મતમાં ભળી જઈને કહે :

'હા, હા, એનો એ જ સૂરજ નાહીધોઈને કાલે સવારે પાછો આવીને ઊભશે, એટલે પાછા એનેય પૂજશું.'

## ૩૬. જીવ રહી જશે તો...

ગાંધીજી યરવડા જેલમાં હતા તે વેળાએ તેમને ઉર્દૂ કોપી લખતા જોઈને એક દિવસ સરદાર ગમ્મતમાં કહે :

'એમાં જો જીવ રહી જશે, તો ઉર્દૂ મુનશીનો અવતાર લેવો પડશે!'

પછી થોડી વાર બાદ સરદાર કહે :

'તમારું ચાલે તો પગે પણ કલમ ચલાવો!'

ગાંધીજી હસતાં હસતાં કહે :

'હાથ ખોટકી જાય તો તેવુંય કરવું પડે. તમને ખબર છે કે, ધુમલી આગળ મૂળુ માણેક અને જોધા માણેક અંગ્રેજ સામે લડતાં લડતાં પડ્યા, ત્યારે તેમણે પગ વતી બંદૂક ચલાવી હતી?'

'જો પગ વતી ગોળી ચાલે તો પગ વતી કલમ અને રેંટિયો પણ કેમ ન ચાલી શકે? હા, પગ વતી પૂણી ન ખેંચી શકાય એ દુઃખની વાત છે!'



## ૩૭. મૂછ નીચી!

એક વાર ગાંધીજીએ ગોપાળકૃષ્ણ ગોખલેજીના 'સર્વન્ટ્સ ઓફ ઈન્ડિયા સોસાયટી'ના સભ્યો સાથે અસ્પૃશ્યતા-નિવારણના પ્રશ્ન વિશે થયેલી ચર્ચાની વાત કરી.

વિવાદ બહુ વધી ગયો, ત્યારે ગાંધીજીએ શાસ્ત્રી, દેવધર, આપટે બધાને કહ્યું, 'હું તમને દુઃખ આપીશ એવી મને કલ્પના નહોતી.'

પછી ગાંધીજીએ સરદારશ્રીને આ પ્રસંગનો ઉપસંહાર કરતાં કહ્યું :

'મેં માફી માગી એની એ લોકોના ઉપર સારી અસર થઈ. પછી તો અમને બની ગયું.'

સરદારશ્રી એ સાંભળીને હસતાં હસતાં કહે :

'તમને તો બધાની સાથે બની જ જાય ને! તમારે શું?

વાણિયા મૂછ નીચી!'

ગાંધીજી પણ સાચી ગમ્મત કરતાં કહે

'જુઓની, એટલે જ કતરાવી નાખું છું ના?'



## ૩૮. કોણ ઝેર ખાય?

એક દિવસ જેલમાં એક જણે બાપુજીને પત્ર લખ્યો હતો. એમાં તેણે છેવટે લખ્યું :

'તમારા જમાનામાં જીવવાનું દુર્ભાગ્ય મેળવનાર...'

ગાંધીજીએ એ પત્ર વાંચીને સરદારને પૂછ્યું :

'કહો, એને શો જવાબ આપીએ?'

સરદારશ્રીએ તરત જ જવાબ આપ્યો :

'કહો કે ઝેર ખા!'

ગાંધીજી કહે :

'એમ નહીં.' 'મને ઝેર આપ' એમ ન લખીએ?

સરદાર હસતાં હસતાં કહે :

'પણ તેમાં એનો દહાડો નહીં વળે! તમને ઝેર આપે, એટલે તમે જાઓ અને એને ફાંસીની સજા મળે; એટલે એનેય જવાનું!

એટલે પાછું તમારી સાથે જ જન્મ લેવાનું એના કરમમાં ઊભું ને ઊભું રહે! એના કરતાં એ પોતે જ ઝેર ફાકે તે સરસ'

એ સાંભળીને ગાંધીજી ખડખડ હસી પડ્યા.



## ૩૯. લખાણું વંચાણું !

યરવડા જેલમાં વાંચવાનો ઈજારો સરદારશ્રીનો. ગાંધીજી અને મહાદેવભાઈ કાંતવાનું કે બીજું કંઈ કામ કરતાં કરતાં સાંભળે.

વાંચતાં સરદારશ્રીના ઘણા ઉચ્ચારોમાં ભૂલો હોય તેની એમને જરાય પરવા નહીં.

ખાસ કરીને મદ્રાસ તરફનાં નામોના ઉચ્ચાર તો એમને કેમે કરી મોંએ ચડે જ નહીં!

આરોગ્ય સ્વામી મુદલિયારનું નામ અંગ્રેજીમાં Arokia Swami લખેલું. સરદારશ્રી 'આરોકિયા' બોલે અને મહાદેવભાઈને હસવું આવે.

એટલે પછી વલ્લભભાઈ ચિડાઈને કહે :

'તને હસવું આવે છે, પણ આમાં તો જે લખાણું તે વંચાણું!'

ગાંધીજી બોલ્યા :

'પણ વલ્લભભાઈ, તામિલમાં ક અને ગ એ બેની વચ્ચે ફેર નથી.'

એટલે સરદારશ્રી કહે :

'એ વાત ખરી, પણ અંગ્રેજીમાં G તો છે ના? તે શા માટે નથી લખતા?'



## ૪૦. આનંદ

એક દિવસ યરવડા જેલમાં ગાંધીજી પર અનેક ચોપાનિયાં આવ્યાં. તેમાંથી હસવાનું ખૂબ મળ્યું.

'જ્ઞાનકિરણો' નામની ઘણી પત્રિકાઓ એક મોટા તાવ ઉપર છાપેલી હતી.

એ પત્રિકાઓને સરદારશ્રીએ સીવીને એક ચોપડી બનાવી. પછી એ ગાંધીજીને આપતાં સરદાર કહે :

'વાંચવા જેવી છે. પણ જ્ઞાન વધી જશે તો!'

ગાંધીજીએ વાંચવા લીધી.

વાંચીને ગાંધીજી ખડખડાટ હસતા હતા. ખાસ કરીને 'દીવો ન બાળો' એ પત્રિકા વાંચીને.

સરદારશ્રી એ પત્રિકા પર વિનોદ કરતાં બાપુજીને કહે : 'આ પત્રિકા લેમ્પને દીવે બેસીને લખી હશે!

# ૪૧. હિંસાનો ઉપાય !

ગાંધીજીના ઉપર કાગળો આવતા, એમાં ઘણી વાર નાદાન અને બાલિશ પ્રશ્નો પણ પુછાતા.

એક દિવસ એક જણે ગાંધીજીને પત્રમાં સવાલ પૂછ્યો :

'આપણું ત્રણ મણનું શરીર લઈને આપણે ધરતી ઉપર ચાલીએ અને અનેક કીડીઓ પગ તળે ચગદાઈ જાય, એ હિંસા શી રીતે અટકાવી શકાય?'

સરદારશ્રી આ સાંભળીને હસતાં હસતાં તુરત જ બોલ્યાઃ

'બાપુ, એને લખો ની કે, પગ માથા ઉપર રાખીને ચાલે!'

ગાંધીજી સરદારનો જવાબ સાંભળીને ખડખડાટ હસી પડ્યા.



# ૪૨. સરદારનું દફતર

જેલમાં સરદારશ્રીને પાકીટો બનાવતા, અનેક વસ્તુઓ સંઘરતા અને બીજી અનેક બાબતો કરતા જોઈને એક વાર ગાંધીજીએ સરદારને પૂછ્યું :

વલ્લભભાઈ સ્વરાજમાં તમને શેનું દફતર આપીશું?

સરદારશ્રી પાસે તો જવાબ હાજર જ હોય. તેઓ હસતાં હસતાં બોલ્યા :

'સ્વરાજમાં હું લઈશ ચીપિયો અને તૂમડી!'

# ૪૩. પ્રસાદી

ગાંધીજી ઉપર જેલમાં 'યરવડા મંદિર' એવું સરનામું કરેલા કાગળ આવતા.

પોસ્ટ ઓફિસે પણ એ પરિભાષા સ્વીકારી લીધી હતી.

આના ઉપર ગમ્મત કરતાં સરદારશ્રી ગાંધીજીને કહેવા લાગ્યા :

'મંદિર તો છે જ, માત્ર પ્રસાદી વિશે રોજ મારામારી હોય છે!



# ૪૪. તાલીમ

યરવડા જેલમાં એક દિવસ ગાંધીજી હંમેશની માફક બોલ્યાઃ

'ચાલો, ત્યારે સૂઈ જાઉં છું.'

આ સાંભળીને સરદારશ્રીને ગમ્મત કરવાનું સૂઝી આવ્યું.

ગાંધીજી ઘણીખરી બાબતમાં તાલીમ લેવાની જરૂરિયાત વિશે કહેતા જ હોય. એટલે એ વાતને આ સાથે જોડીને સરદાર હસતાં હસતાં કહે :

'જરૂર, કોક વાર તો હંમેશને માટે સૂવું પડશે. એટલે જરા તાલીમ લેવાની જરૂર છે, ખરી!'

એ સાંભળીને ગાંધીજી ખડખડાટ હસી પડ્યા.

## ૪૫. ગફ્લત !

કલકત્તાના રોયલિસ્ટ્સને માટે તૈયાર કરેલો બેન્થોલનો ખાનગી અહેવાલ છાપામાં આવ્યો હતો. એની ઉપર છાપામાં આવેલી ટીકા ગાંધીજીને વાંચી સંભળાવવામાં આવતી હતી.

એ ટીકામાં 'ગાંધીની રચનાત્મક ગફલતો' એવા શબ્દો આવતા હતા.

એ સાંભળીને મહાદેવભાઈને કુતૂહલ થયું. તેમણે ગાંધીજીને પૂછ્યું :

'બાપુ, રચનાત્મક ગફલત એ કેવી થતી હશે?'

ગાંધીજી કંઈ જવાબ આપે એ પહેલાં જ સરદાર બોલી ઊઠ્યા :

'આજે તારી દાળ બળી ગઈ હતી ને, તેવી!'

જેલમાં તે વખતે રાંધવા માટે નવો કૂકર આવેલો. સરદારને



ત્રણેક મહિનાથી સારી દાળ ખાવા મળી ન હતી. એટલે તે દિવસે સરદાર સારી દાળ ખાવાની આશા રાખતા હતા.

પરંતુ પહેલે જ દિવસે મહાદેવભાઈએ પાણી ઓછું નાખવાની ભૂલ કરી નાખી હતી. અને દેવતા વધારે હતો તેથી દાળ બળી ગઈ હતી!

## ૪૬. અધવચ મૂકીને ન જવાય !

યરવડા જેલમાં ગાંધીજીને હાથનું દર્દ વધ્યે જતું હતું. છતાં તેઓ કાંતવાનું છોડતા ન હતા.

એટલે એક દિવસ વલ્લભભાઈ ગમ્મત કરતાં કહે :

'આ અંગૂઠા ઉપરથી કોણી સુધી પહોંચ્યું. એ કોણી ઉપરથી કાંધે ચડશે. હવે રહેવા દો ની! બહુ કાંત્યું!'

ગાંધીજી પણ ગમ્મત કરતાં બોલ્યાં :

'કોક દિવસ તો કોકની કાંધે ચડવું પડશે જ ના?'

સરદાર કહે :

'ના રે, એમ ના થાય ! દેશને અધવચ મૂકીને ન જવાય. એક વાર વહાણ કિનારે લાવો, પછી જ્યાં જવું હોય ત્યાં જજો. હું સાથે આવીશ.'



## ૪૭. સંસ્કૃત - પ્રયોગો

યરવડા જેલમાં સરદારશ્રીએ સંસ્કૃત શીખવા માંડ્યું હતું. તેઓ ખૂબ સરળ ભાવે પોતાને જે ન સમજાય અથવા પોતાને જે સૂઝે તે મહાદેવભાઈની આગળ રજૂ કરતા :

સરદારશ્રી મહાદેવભાઈને પૂછે :

મહાદેવ, આ વિભક્તિ શું? અને नृपः કહેવાય તો राजः કેમ નહીં અને विद्वानः કેમ નહીં?

★

સરદારશ્રીને સંસ્કૃત શીખવવામાં મહાદેવભાઈને પણ બહુ ગમ્મત આવતી.

સરદારશ્રી પૂછે :

'वासांसि' કેમ વાપર્યું અને वस्त्राणि કેમ નહીં?'

કોઈ વાર વળી સરદારશ્રી પૂછે :

'એકવચન, દ્વિવચન અને બહુવચન એ શું?'

એક દિવસ તો સરદારે પૂછ્યું :

'शनैः शनैः એટલે શનિવારે?'

ખરી રીતે એનો અર્થ થાય 'ધીમે ધીમે'. પણ સરદારે

ઘટાવેલો અર્થ સાંભળીને મહાદેવભાઈ ખૂબ હસ્યા.

સ્વર કોને કહેવાય? વ્યંજન કોને કહેવાય? કૃદંત કોને કહેવાય? વગેરે વગેરે પ્રાથમિક સવાલો બાલોચિત નિર્દોષતાથી સરદાર મહાદેવભાઈને વારે વારે પૂછતા, નવા નવા શબ્દો શીખતા અને શીખે તેનો પ્રયોગ કરતા.

'આ તમને ન શોભે' એને માટે સરદાર કહે : 'इदं न शोभनं अस्ति ।'

થેન્કને માટે સરદારશ્રી વારંવાર પ્રયોગ કરતા :

'कृतार्थोऽहम् ।'

એક દિવસે સૂતી વખતે મહાદેવભાઈએ સરદારશ્રીને પૂછ્યું:

'ત્યારે કાલે ગીતાનો પ્રારંભ કરીશું ને?'

સરદારશ્રી કહે :

'आदौ वा यदि वा पश्चात् वा वेदं कर्म मारिष ।'

★

એક દિવસ મહાદેવભાઈ જેલ-સુપ્રિન્ટેન્ડેન્ટની કાંઈક ટીકા કરતા હતા.

એટલે સરદારશ્રી ગમ્મત કરતાં કહે :

'नैतत्त्वय्युपपद्यते ।'



# ૪૮. ચારો

એક દિવસ ગાંધીજી, સરદાર, શ્રી કુમારપ્પા વગેરે આશ્રમમાં જમવા બેઠા હતા.

ગાંધીજી એ દિવસોમાં લીમડાની ચટણી નિયમિતપણે લેતા હતા.

ગાંધીજી તો રહ્યા જબરા પ્રયોગશીલ. તેઓ તો પોતે કંઈ પ્રયોગ કરતા જાય અને એમાં પોતાના સાથીઓને પણ ભેળવતા જાય.

એટલે ગાંધીજી સાથે જમવા બેસનારને પણ તેઓ પ્રેમથી લીમડાની ચટણી પીરસતા.

એ મુજબ ગાંધીજીએ કુમારપ્પાજીની થાળીમાં હસતાં હસતાં એક ચમચી ભરીને લીમડાની ચટણી મૂકી!

સરદારશ્રી આ જોઈ રહ્યા હતા. તેમને તો ગમ્મતનો વિષય

મળી ગયો.

સરદાર મોં ઉપર ગંભીર ભાવ ધારણ કરીને કુમારપ્પાજીને જાણે કોઈ બહુ મોટી વાત કહેતા હોય એમ બોલ્યા :

'કુમારપ્પાજી, જોયું ને તમે? બાપુ અત્યાર સુધી બકરીનું દૂધ જ પીતા હતા, પણ હવે તો તેઓ બકરીનો ચારો પણ ખાવા લાગ્યા છે!'

હવે સાચી હકીકત જાણીને 'આ તો લીમડાની ચટણી છે!' કુમારપ્પાજી પણ હસી પડ્યા.



# ૪૯. આચાર્ય બનાવજો

ગાંધીજીએ રાષ્ટ્રીય કેળવણી આપવા માટે અમદાવાદમાં 'ગુજરાત વિદ્યાપીઠ' અંગે વિચારણા કરવા ગુજરાતના મોટા મોટા વિદ્વાનો અને સાક્ષરોને બોલાવ્યા હતા.

તેઓ સૌ મહાવિદ્યાલયના આચાર્યપદે કોને નીમવા એની ગંભીરતાથી ચર્ચા ચલાવી રહ્યા હતા.

એ સૌને આટલા ગંભીર જોઈને સરદારશ્રી હસતાં હસતાં કહે :

'આચાર્ય તરીકે બીજો કોઈ ના મળે, તો મને આચાર્ય બનાવજો. છોકરાઓને હું ભણેલું ભુલાવી દઈશ.'

આ સાંભળીને ગાંધીજી અને બીજા સૌ ખડખડાટ હસી પડ્યા.

બીજા હસ્યા અને ગાંધીજી હસ્યા એમાં તફાવત હતો.

જ્યારે બીજાઓ ગમ્મત સમજીને હસ્યા, ત્યારે ગાંધીજી તો એમ સમજીને હસ્યા હતા કે, વલ્લભભાઈ કહે છે એ તદ્દન ખરી વાત છે. પરદેશી સરકારે આપણને આજ સુધી આપણે રાષ્ટ્રીયતાનું ભાન ભૂલી જઈએ એવું જે શિક્ષણ આપ્યું હતું, એ આત્મઘાતી શિક્ષણને જ ભુલાવી દેવાની પ્રથમ જરૂર હતી.



## ૫૦. હઠ !

ઈ.સ. ૧૯૪૨ના જુલાઈ માસમાં સરદારશ્રી અમદાવાદમાં કોલેજના વિદ્યાર્થીઓ આગળ ભાષણ કરવા ગયા હતા.

તે વખતે ઘણા વિદ્યાર્થીઓ સભાસ્થાને બેસી જવાને બદલે આમતેમ ઊભા હતા.

વ્યવસ્થાપકો એ વિદ્યાર્થીઓને બેસી જવા વિનંતી કરતા હતા. પરંતુ તેઓ એ ધ્યાન પર લેતા ન હતા.

આ જોઈને સરદારશ્રીએ વિદ્યાર્થીઓને સંબોધીને કહ્યું :

'અત્યારે દુનિયામાં ચાર હઠો જાણીતી છે : (૧) રાજહઠ (૨) બાળહઠ (૩) સ્ત્રીહઠ અને (૪) અંગ્રેજોની પીછેહઠ!'

'અને એ ચાર હઠમાં તમારી ''ઊભા રહેવાની હઠ'' તરીકે પાંચમી હઠનો ઉમેરો થાય તો એ નવી વસ્તુ!'

સરદારશ્રીનું વાચન સાંભળીને બધા વિદ્યાર્થીઓ ટપોટપ નીચે બેસી ગયા.

# ૫૧. અભૂતપૂર્વ કાર્ય

આવી ગંભીર કટોકટીની ઘડીએ આપણા આઝાદ દેશનું સુકાન વડા પ્રધાન જવાહરલાલ નહેરુ અને નાયબ વડા પ્રધાન સરદાર સાહેબને સાચવવાનું હતું.

સરદારશ્રીના હાથમાં ગૃહખાતું હતું. એટલે દેશની અંદર સુલેહશાંતિ જળવાય, હિંદુ-મુસલમાનો સૌ કોમી વેરઝેર કાઢી નાખીને પ્રેમથી અને ભાઈચારાથી રહે એવી પરિસ્થિતિ નિર્માણ કરવાની હતી.

વળી, એક બીજો અતિ વિકટ સવાલ પણ દેશ આગળ ઊભો હતો.

ભારત સ્વતંત્ર તો થયું પણ એમાં અસંખ્ય નાનાંમોટાં દેશી રાજ્યો આવેલાં હતાં. એ બધાંનાં વિલીનીકરણનો ભારે કોયડો સરદારશ્રી આગળ આવીને ઊભો હતો.



પરંતુ સરદારશ્રી ખૂબ સ્વસ્થતાથી, પ્રેમથી, ધીરજથી અને કુનેહથી તનતોડ પરિશ્રમ ઉઠાવીને એ સવાલનો સંતોષકારક નિકાલ લાવી શક્યા.

તે દિવસોમાં સરદારની તબિયત ખૂબ જ નાજુક હતી. છતાં એને ન ગણકારતાં તેમણે દેશને મોટી કટોકટીમાંથી ઉગારી લીધો.

કારણ કે પાકિસ્તાન ભારતની એકતા જોખમાવવા માટે હૈદરાબાદ, જૂનાગઢ વગેરે નાનાંમોટાં દેશી રાજ્યોને મોટી મોટી લાલચો આપીને પોતાના પક્ષમાં ખેંચવા પેંતરો રચ્યા કરતું હતું.

પરંતુ સરદારશ્રીએ સજાગ રહીને ખૂબ કુશળતાથી એને ફાવવા દીધું નહીં.

સરદારશ્રીએ વિલીનીકરણનું વિકટ કાર્ય કેવા પ્રેમભાવથી અને મૈત્રીભાવથી પાર પાડ્યું એનું એક ઉદાહરણ પૂરતું થશે.

સદ્‌ગતશ્રી રાવજીભાઈ મણિભાઈ પટેલ મહાત્મા ગાંધીજીના દક્ષિણ આફ્રિકાની સત્યાગ્રહની લડતના જૂના સાથી હતા. તેઓ ૧૯૫૪ની સાલમાં આબુ હવાફેર માટે ગયા હતા.

આબુમાં રાવજીભાઈએ અલ્વર નરેશની મુલાકાત લીધી હતી.

રાવજીકાકાએ વાતવાતમાં અલ્વર નરેશને સીધું પૂછ્યું :

‘આપને સરદાર સાહેબનો અનુભવ કેવો થયો?’

અલ્વર નરેશે સરદારશ્રીનું નામ સાંભળતાં જ ઉમળકાભેર જવાબ આપ્યો :

‘સરદાર સાહેબ ! એ તો અમારા વડીલ. અમારાં માબાપ હોય એવા પ્રેમથી અમારી સાથે વર્ત્યા. અમને પ્રેમ અને વાત્સલ્યભાવથી જીતી લીધા. અમારા હૃદયમાં અમારા હિતની વાત ઉતારી.’

રાવજીકાકા બોલી ઊઠ્યા :

‘પણ તમારાં રાજ્ય લેવાની વાત શી રીતે આપે સ્વીકારી? આપના પર કાંઈ ગેરવાજબી સત્તાનું દબાણ કરેલું હશે ને?’

અલ્વર નરેશ માલા ફેરવતાં ફેરવતાં બોલ્યાં :

‘સરદારશ્રી તો ગયા. અને માળા ફેરવતાં હું સાચી જ વાત કરીશ. અમારા પર કોઈ પણ પ્રકારનું દબાણ તેમણે કર્યું નથી. અમે પહેલાં તો તેમનાથી ડરતા હતા. અમને લાગેલું કે અમારાં દિલ દૂભવી સત્તાને જોરે અમને સતાવશે, તો લોર્ડ ડેલહાઉસીનાં પગલાંથી સન સત્તાવનમાં જેવો બળવો થયો તેવો બળવો નવી હિંદી સરકાર સામે હિંદના રાજાઓ પોકારશે.’

‘પણ સરદાર સાહેબે તો સત્તાનો સોટો ન ચલાવ્યો. પ્રેમની ગંગા અમારા જીવનમાં વહેવડાવી. અમને અમારો સાચો સ્વાર્થ સમજાવ્યો અને માબાપ છોકરાને સંતોષે તેમ અમને સંતોષ્યા.’

‘અમને પ્રેમ અને ઉદારતાથી સંતોષ્યા ન હોત, અને કેવળ



સત્તાનો સોટો વાપર્યો હોત, તો બીજું તો કંઈ નહીં પણ હિંદના નાનામોટા રાજાઓના જૂથમાં એટલી શક્તિ તો હતી કે ભારતના અનેક ભાગલા થાત. કંપની સરકારે અમારી મિલકતનો વારસદાર કોને ઠરાવવો તેનો નિર્ણય કરવાનો અમારો હક છીનવી લીધો. તેને પરિણામે ૧૮૫૭નો બળવો થયો.’

‘સરદાર સાહેબે તો અમારી મિલકત અને રાજસત્તા બંનેનું અમારી પાસે દેશને સમર્પણ કરાવ્યું. તેવું સમર્પણ પ્રેમ, દેશદાઝ અને ઉદારતા સિવાય થાય નહીં.’

‘સરદાર સાહેબે અમારા પ્રત્યે માયા બતાવી તે શક્તિ અમારા હૃદયમાં જાગ્રત કરી. કેવળ સત્તાનો સોટો ચલાવી અમને નારાજ કર્યા હોત, તો ભારત આજે છે એવું એક અને અખંડ ન જ હોત.’

# ૫૨. વિદાય

સરદારશ્રીને આંતરડાની અને કબજિયાતની પીડા પ્રથમથી જ હતી. પરંતુ દેશના કાર્યના દબાણને લીધે એની સારવાર કરવાનો તેમને પૂરતો સમય મળ્યો નહીં. શરીરનું સ્વાસ્થ્ય સાચવવામાં સેવાના કાર્યક્રમને સરદારશ્રી મુલતવી રાખતા નહીં.

લાંબી મુદતના જેલનિવાસમાં સ્વમાની શિસ્તબદ્ધ સરદાર સાહેબને પોતાના શરીરને ખાતર અંગ્રેજ સરકાર પાસેથી કોઈ સગવડ માગવાની ટેવ નહીં.

પરિણામે શરીરની વધતી પીડા મૂંગા મોંએ અને પ્રસન્ન ચિત્તે તેઓ સહન કર્યા કરતા હતા.

અહમદનગરના કિલ્લામાંના બે વરસ તો તેમની સતત માંદગીમાં જ ગયાં.

ત્યાંથી છૂટ્યાં પછી તો સરદાર સાહેબને શિરે એક પછી એક જવાબદારીઓ આવતી જ ગઈ.



દેશમાં વ્યાપેલા કોમી વિખવાદથી, હિંદુ અને મુસલમાનોએ કરેલા અમાનુષી અત્યાચારોથી, દેશના પડેલા ભાગલાથી અને એવા અનેક દુઃખદ બનાવોથી લોખંડી પુરુષ ગણાતા એવા સરદાર સાહેબના દિલ ઉપર પણ માઠી અસર થઈ.

સરદાર સાહેબને વારંવાર હૃદયના હુમલા આવતા. એ દર્દ ધીમે ધીમે વધતું ગયું. દેહરાદૂન અને મસૂરીમાં પણ આરામ માટે રહ્યા.

પરંતુ આમ તબિયતને થીંગડાં ક્યાં સુધી મરાય?

એવી નાજુક તબિયતે પણ સરદાર સાહેબ પોતાનું કામકાજ ધીમે ધીમે ચલાવ્યા કરતા હતા.

સરદાર સાહેબનો ૭૬મો જન્મદિવસ ૩૧મી ઓક્ટોબર, ૧૯૫૦ ને રોજ દેશભરમાં ઊજવવામાં આવ્યો.

ગુજરાતે તે પ્રસંગે મહોત્સવ માણ્યો.

ગમે તેવી ઢીલી તબિયત છતાં એ કારણે સાહેબે સૌને મળવાનો લાભ જતો ન કર્યો. તેઓ અમદાવાદ આવ્યા.

અને સારું થયું કે તેઓ આવ્યા. ગુજરાતને તેમનાં દર્શન થયાં.

જતાં પહેલાં સરદાર સાહેબ પોતે પણ આંખ ભરીને પોતાની મૂળ કર્મભૂમિને અને ત્યાંના પોતાના જૂના સાથીઓને

જોઈ શક્યા.

પરંતુ આ તેમની અંતિમ મુલાકાત હતી એવી કોને ખબર હતી? સરદાર સાહેબને પોતાને ઊંડે ઊંડે એમ હતું ખરું કે, ફરી ન પણ મળીએ.

ગુજરાતની ફૂલપાંખડી સ્વીકારીને સરદાર સાહેબ અમદાવાદથી દિલ્હી ગયા.

પરંતુ દિલ્હી ગયા પછી તબિયતે પાછો ઊથલો ખાધોઅને સરદાર સાહેબને મુંબઈ લાવવામાં આવ્યા.

મુંબઈ આવીને બે દિવસ તો ઘણું સારું લાગ્યું. સૌને થયું કે, મુંબઈની હવા હવે ઠીક સુધારો કરી આપશે. પણ એ તો ઓલવાતા દીવાનો છેલ્લો ચમકારો જ હતો.

૧૪ મી એ ગુરુવારે રાતે તબિયત કથળી અને શુક્રવારે સવારે નવ ઉપર સાડત્રીસ મિનિટે તા. ૧૫ મી ડિસેમ્બર, ૧૯૫૦ને રોજ આપણા વંદનીય સરદાર સાહેબ સ્વર્ગવાસી થયા!

આ શોકજનક દુઃખદ સમાચાર બધે વાયુવેગે ફેલાઈ ગયા. મુંબઈના આગેવાનો અને પ્રધાનો મુંબઈના બિરલા હાઉસમાં જઈ પહોંચ્યા. વડાપ્રધાન શ્રી જવાહરલાલ નેહરુ, રાષ્ટ્રપતિ રાજેન્દ્ર બાબુ, રાજાજી, શ્રી ગોવિંદવલ્લભ પંત વગેરે આગેવાનો પણ થોડા જ કલાકમાં દિલ્હીથી વિમાનમાં મુંબઈ જઈ પહોંચ્યા.

બિરલા હાઉસની અંદર અને બહાર દરેકની આંખ આંસુથી



ભીની થઈ ગઈ હતી. જવાહરલાલ અને શ્રી પંત તો નાના બાળકની માફક ધ્રુસકે ધ્રુસકે રોયા.

શ્રી રાજેન્દ્રબાબુ, રાજાજી, મંગળદાસ પકવાસા, દાદાસાહેબ માવળંકર, મોરારજીભાઈ વગેરેની પણ એવી જ સ્થિતિ હતી.

સરદાર સાહેબનાં સુપુત્રી મણિબહેન અને સુપુત્ર ડાહ્યાભાઈ રાતદિવસ સરદાર સાહેબની સેવામાં ખડે પગે હતાં તેમના દુઃખનો તો પાર નહોતો.

કરોડો હૃદયને રડતાં મૂકીને સૌના શિરછત્ર સમા સરદાર વલ્લભભાઈ પટેલ ચિરશાંતિમાં પોઢી ગયા.

દેશને માટે આ ઓચિંતી ખબર હતી. માંદા હતા, પણ આટલી જલદી સરદાર સાહેબ પોતાની જીવનલીલા સંકેલી લેશે એમ નહોતું લાગતું. તેથી આ દુઃખદ ખબર મળતાં દેશ ડઘાઈ ગયો.

૧૯૪૭થી દેશનું જે નવનિર્માણ થઈ રહ્યું હતું તેનો એક મોટો આધારસ્તંભ તૂટી પડ્યો.

સરદાર વલ્લભભાઈ પટેલ જતાં ગુજરાતને પડેલી જબરી ખોટ કોઈથી પૂરી શકાય એમ નથી. ગુજરાત પર જ્યારે જ્યારે કંઈ ને કંઈ આફત આવી પડે છે, ત્યારે ત્યારે સૌ કોઈ સરદાર સાહેબને અચૂક યાદ કર્યા વિના રહેતા નથી.

પરંતુ હવે શું થાય? સરદાર સાહેબના અગ્નિસંસ્કાર વેળાએ આપણા રાષ્ટ્રપતિ રાજન્દ્રબાબુએ ઉચ્ચારેલા શબ્દો યાદ કરીએ અને પ્રેરણા મેળવીએ :

'સરદારના દેહને અગ્નિ ભરખી રહ્યો છે. પરંતુ આ ધરતી પરનો કોઈ પણ અગ્નિ તેમની કીર્તિને આંચ લગાડી શકે એમ નથી.'

'સરદાર પટેલનો ભૌતિક દેહ તો ગયો. પણ તેમણે કરેલી પોતાના દેશની સેવાના રૂપમાં તેઓ સદાકાળ જીવશે. તેમની પાછળ રહેલાંઓએ હજી અધૂરું કાર્ય આગળ ચાલુ રાખવાનું છે.'

'આજે આપણે તેમના સાથીઓ રુદન કરી રહ્યા છીએ. પણ આપણે કંઈ સરદારને માટે રુદન કરતા નથી. આપણે તો આપણે માટે રડીએ છીએ.'

'સરદાર પટેલ, એક મોટું કુટુંબ મૂકતા ગયા છે, એ આપણે ન ભૂલીએ. આખો દેશ તેમનો પરિવાર છે. તેમની પેઠે રાષ્ટ્રની સેવા કરવાની આજે આપણે પ્રતિજ્ઞા લઈએ. તેમના આત્માને શાંતિ મળો.'

ગુજરાત અને સમગ્ર રાષ્ટ્રના એ મહાન સપૂતને આપણાં કોટી કોટી વંદન !

'એનું જીવનકાર્ય અખંડ તપો,
અમ વચ્ચે સરદાર અમર રહો!'



## ૫૩. વત્સલ હૃદય

ઝવેરબા ગુજરી ગયાં, તે વખતે સરદારની ઉંમર ત્રેવીસ વર્ષની જ હતી. તેથી સગાંવહાલાં અને મિત્રો તરફથી સરદારને ફરી પરણવાનો ઘણો આગ્રહ થયો.

પરંતુ સરદાર નહીં પરણવાના વિચારમાં ખૂબ દૃઢ રહ્યા હતા. કોઈ આવી વાત કાઢે ત્યારે તેઓ મૌન જાળવી બેસી રહેતા.

પછી તો સરદાર ૧૯૧૦ની સાલમાં બેરિસ્ટર થયા વિલાયત ગયા. ત્યાં પણ મિત્રો સારી સારી કન્યાઓનાં નામ સાથે કાગળો લખતા. તેમના તરફથી એકબે કન્યાઓના ફોટા પણ સરદારશ્રીને મોકલવામાં આવેલા.

પરંતુ સરદારશ્રી જવાબમાં બીજી બધી વાતો લખે, પણ આ વાતનો જવાબ જ ખાઈ જતા!

સરદાર વિલાયત ભણવા ગયા, ત્યારે તેઓ વિધુર હતા.

તેમ જ બે નાનાં બાળકોને પાછળ મૂકીને આવ્યા હતા. એટલે સરદાર વિલાયત ગયા તો ખરા, પરંતુ એમનો જીવ માવિહોણાં એમનાં બે નાનાં બાળકોમાં જ હતો.

એ જમાનામાં હિંદુસ્તાનમાંથી ઘણું કરીને શ્રીમંતોના છોકરાઓ જ બેરિસ્ટરો માટે વિલાયત જતા હતા. ઈંગ્લેંડ જઈને કરકસરથી રહીને અભ્યાસ કરનારા હિંદી વિદ્યાર્થીઓ ઘણા જ ઓછા હતા.

આવા વિદ્યાર્થીઓમાંના એક સરદરા હતા. બીજા ઘણાખરા વિદ્યાર્થીઓની માફક મોજમજા કરવાની તેમની વૃત્તિ નહોતી. સાદી રહેણીકરણી, સાદો પોશાક અને નિયમિત ખાવુંપીવું એટલી વાતથી તેમને સમાધાન મળી રહેતું.

વિલાયત જવાનો મુખ્ય હેતુ સરદારે પોતાની નજર સામે રાખ્યો હતો. તે એ કે બેરિસ્ટર થવું. તેથી બેરિસ્ટર માટેની પરીક્ષાનો ઉત્તમ રીતે અભ્યાસ કરવો અને તેમાં અડચણરૂપ થાય એવી બધી બાબતોથી સાવધપણે દૂર રહેવું, એ રીતે સરદારે પોતાનો જીવનવ્યવહાર ગોઠવ્યો હતો.

પુખ્ત ઉંમર અને જીવનનો અનુભવ લઈને સરદાર વિલાયત ગયા હતા. તેથી આપણા કેટલાક જુવાનોની જે દશા થાય છે તેવી થવાનો સરદારને ભય નહોતો.

અહીં હાઈસ્કૂલમાં વિદ્યાર્થી હતા ત્યારે સરદાર જેટલા



તોફાની હતા, તેટલા જ સ્થિર અને એકાગ્રતાવાળા વિલાયતમાં તેઓ થયા. એમને તો બેરિસ્ટર થઈને વહેલા પાછા આવવું હતું. એટલે વિલાયતમાં બીજી કશી પ્રવૃત્તિમાં માથું માર્યા વિના એકાગ્ર ચિત્તે પરીક્ષાની જ તૈયારી કરવા માંડી.

આનું પરિણામ પણ ઘણું સારું આવ્યું.

સાધારણ રીતે ત્રણ વર્ષે બેરિસ્ટર થવાય. પરંતુ જો કોઈ વિદ્યાર્થીને છ ટર્મ (દરેક ટર્મ ત્રણ માસની ગણાય) પૂરી કર્યા પછી દોડ વરસ બાદ પરીક્ષા આપવી હોય, તો તે આપી શકે. આ પૂરી પરીક્ષામાં જે ઓનર્સમાં પાસ થાય, તેને બે ટર્મ એટલે છ માસની માફી મળે.

સરદાર એ રીતે દોઢ વર્ષ પછી પરીક્ષામાં બેઠા અને પહેલા વર્ગ ઓનર્સમાં પ્રથમ નંબરે પાસ થયા. તેમને પચાસ પાઉન્ડનું ઈનામ પણ મળ્યું.

આમ, આખી પરીક્ષા ખૂબ માનભેર પસાર કરી અને છ મહિનાની માફી મેળવી.

પછી જ્યારે પદવીદાન સમારંભ પૂરો થયો, ત્યારે સરદાર પ્રથમ નંબરે માનભેર પાસ થયેલા હોવાથી એમને જમવાનાં આમંત્રણ ઉપરાઉપરી મળવા લાગ્યા.

પરંતુ બીજે જ દિવસે ત્યાંથી ઊપડી જવા માટે સ્ટીમરની ટિકિટ લઈ રાખી છે એમ જણાવીને, સરદાર જમવાના

નિમંત્રણનો અસ્વીકાર કરવા લાગ્યા.

આવી ઉતાવળ કરવાનું કારણ કોઈ પૂછે, તો કારણમાં માવિહોણાં બે નાનાં છોકરાંને અઢી વર્ષ થયાં ઘેર મૂકીને આવ્યો છું. એમ સરદાર કહેતા.

પછી પોતાની ગોઠવણ મુજબ બીજે જ દિવસે સરદારે ઈંગ્લેન્ડનો કિનારો છોડ્યો.



# ૫૪. બેરિસ્ટર સરદાર

દેશમાં આવી સરદારે અમદાવાદમાં પ્રેક્ટિસ શરૂ કરી.

બાહોશ અને નીડર વકીલ તરીકે સરદારે ક્યારની ખ્યાતિ મેળવેલી હતી જ. એટલે બેરિસ્ટર તરીકે પણ તેઓ ચમકવા લાગ્યા.

જ્યારે સરદાર કેસ ચલાવતા હોય, ત્યારે ઘણા વકીલો એ જોવા બેસતા. એટલે તે દિવસે તો કોર્ટ વકીલોથી ચિકાર ભરાઈ જતી.

તે વખતના બેરિસ્ટર સરદારનું શબ્દચિત્ર દાદાસાહેબ માવળંકરે સુરેખ દોર્યું છે :

'ફાંફડો જુવાન, છેક છેલ્લી ઢબના કટવાળાં કોટપાટલૂન પહેરેલાં, ઊંચામાં ઊંચી જાતની બનાવટની હેટ માથા ઉપર કંઈક વાંકી મૂકેલી, સામા માણસને જોતાં જ માપી લેતી તેજસ્વી

આંખો, બહુ ઓછું બોલવાની ટેવ, મોઢું સહેજ મલકાવીને આવનારનું સ્વાગત કરે પણ તેની સાથે ઝાઝી વાતચીતમાં ન ઊતરે, મુખમુદ્રા દઢતાસૂચક તથા ગંભીર, કાંઈક પોતાની શ્રેષ્ઠતાના ભાન સાથે દુનિયાને નિહાળતી તીણી નજર, જ્યારે પણ બોલે ત્યારે એમનાં શબ્દોમાં આત્મવિશ્વાસથી તથા પ્રભાવથી ભરેલી દઢતા, દેખાવ કડક અને સામા માણસને પોતાની આમન્યા રાખવાની ફરજ પાડે એવો - આવા આ નવા બેરિસ્ટર અમદાવાદમાં વકીલાત કરવા આવ્યા.'

'તે વખતે અમદાવાદમાં છસાત બેરિસ્ટર હતા. તેમાં વધારે પ્રેક્ટિસવાળા તો બે કે ત્રણ જ હતા.'

'સ્વાભાવિક રીતે જ નવા અને જુવાનિયા વકીલોનું આ નવજવાન બેરિસ્ટર પ્રત્યે ધ્યાન ખેંચાયું. એમના વ્યક્તિત્વમાં અને વર્તનમાં જ અમુક વિશિષ્ટતા હતી.'

'કાંઈક આકર્ષણ, કાંઈક માન, કાંઈક અંજાઈ જવું અને બીજાઓ પ્રત્યે તેઓ જે રીતે જોતા તેને લીધે કદાચ કાંઈક રોષ પણ - એવી મિશ્ર લાગણીઓથી વકીલમંડળમાં તેમનો સત્કાર થયો.'

સરદારની પ્રેક્ટિસ મોટે ભાગે ફોજદારી બાજુની હતી. સાક્ષીઓની ઊલટતપાસ ટૂંકી પણ મુદ્દાસરની રહેતી. જોતાંવેંત જ સાક્ષી કેવા પ્રકારનો છે એ તેઓ કળી જતા અને ઊલટતપાસમાં



એ રીતે પોતાનો મારો ચલાવતા.

કોર્ટ સાથેનો સરદારનો વ્યવહાર સંપૂર્ણ નીડરતાનો રહેતો. અંગ્રેજ જજને પણ જો કશી ભૂલ કરતો કે પોતાના અંગ્રેજપણાનો મિજાજ બતાવતો જુએ, તો સરદાર તે સાંખી લેતા નહીં. અને જે હોય તે તડ અને ફડ કહી દેતા.

કોઈ જજના તોરીપણાની કે તરંગીપણાની ટીકા કરવાથી અથવા તે ઉઘાડી પાડવાથી તે જજ આગળની પોતાની પ્રેક્ટિસને ધોખો પહોંચશે એવો ડર તેઓ કદી રાખતા નહીં.

તેથી જ સરદાર લોકોના તેમ જ વકીલોના સ્વમાનના ભારે રક્ષક બની રહેતા.

## ૫૫. સૂબા !

વલ્લભભાઈના મોટાભાઈ વિઠ્ઠલભાઈને ટીખળ કરવાનો બહુ ટેવ હતી.

એક વાર વિઠ્ઠલભાઈ સરદારશ્રીને મળવા અમદાવાદ આવ્યા હતા.

તે વેળાએ વિઠ્ઠલભાઈને સરદારની ટીખળ કરવાનું મન થઈ ગયું.

અમદાવાદમાં ભદ્ર વિસ્તારમાં સરદાર જે મકાનમાં રહેતા હતાં, ત્યાં સરદારના દીવાનખાનાના ઓરડાની બાજુના છજામાં પાયખાનું હતું.

વિઠ્ઠલભાઈ આવેલા, એટલે કેટલાક મિત્રો તેમને મળવા આવ્યા હતા.

વાતો ચાલતી હતી તે દરમિયાન સરદારશ્રી પાયખાને



ગયા.

થોડી વાર થઈ, એટલે વિઠ્ઠલભાઈએ ઊઠીને બહારથી પાયખાનાની સાંકળ દઈ દીધી!

પછી ઠાવકું મોં રાખીને ત્યાં આવેલા મિત્રો સાથે વાતો કરવા વિઠ્ઠલભાઈ બેઠા.

થોડી વાર થઈ અને સરદારે પાયખાનામાંથી બહાર નીકળવા બારણું ખોલવા માંડ્યું. પણ ઊઘડ્યું જ નહીં.

સરદારે અંદરથી ઠોકવા માંડ્યું. જેથી કોઈએ ભૂલમાં બારણું બહારથી વાસી દીધું હોય, તો આવીને કોઈ ઉઘાડે.

ત્યાં તો વિઠ્ઠલભાઈ મોટે સાદે, વલ્લભભાઈ પાયખાનાની અંદરથી સાંભળી શકે એ સારુ, પેલા મિત્રોને કહેવા લાગ્યા :

'જોયા તમારા સૂબા! આટલી પાયખાનાની સાંકળ ખોલીને તો બહાર અવાતું નથી અને આખા દેશનું સ્વરાજ લેવા નીકળી પડ્યા છે! પાછા અમે કહીએ છીએ તે માનતા નથી અને અમારી સાથે બાખડી બાંધે છે!'

પછી અર્ધાએક કલાકે વિઠ્ઠલભાઈ હળવેથી સાંકળ ખોલી આવ્યા.

સરદાર પાયખાનામાંથી બહાર નીકળ્યા અને જાણે કશું બન્યું જ ન હોય એમ પોતાના કામમાં લાગી ગયા !

## ૫૬. જવાબ

'૨૦ની સાલમાં ગાંધીજીએ અસહકારની ચળવળ જાહેર કરી હતી.

પંજાબમાં થયેલા અત્યાચારો પછી ગાંધીજીને લાગ્યું કે, આપણું સ્વરાજ્ય ન સ્થપાય ત્યાં સુધી આવા અન્યાયો થતા અટકાવવાનું શક્ય નથી.

એટલે ગાંધીજીએ આ જાહેરાત કરી હતી.

ગાંધીજીએ પોતાને મળેલા બધા સરકારી ચાંદો - બોઅર વોર મેડલ, ઝૂલુ વોર મેડલ અને કૈસરે હિંદ સુવર્ણ ચાંદ - વાઈસરોયને પાછા મોકલી આપીને અસહકારની શરૂઆત કરી.

ગાંધીજીના આ અસહકારની વિરુદ્ધમાં સર નારાયણ ચંદાવરકર અને બીજા કેટલાક નેતાઓએ એક જાહેરનામું કાઢ્યું હતું.



એમાં જણાવ્યું કે, દુનિયાના મુખ્ય ધર્મગ્રંથો - ગીતા, કુરાન, બાઈબલ અને પારસી અવેસ્તા અસહકારને ધર્મવિરુદ્ધ ગણે છે.

સરદારશ્રી આ જાહેરનામું વાંચીને સમસમી ગયા. સર નારાયણ ચંદાવરકર જેવા પ્રખર વિચારક આવું જાહેર કરે એ સરદારશ્રી ક્યાંથી સાંખી શકે?

એનો જવાબ આપતાં સરદારશ્રીએ જણાવ્યું :

'અસહકારમાં કેટલાક લોકો ધર્મભંગનો દોષ જુએ છે. હું એમના જેટલી વિદ્વત્તાનો કે ધર્મનાં તત્ત્વોના જ્ઞાનનો દાવો કરતો નથી.'

'છતાં હું એમને પૂછું કે પ્રજાને અસહકારમાં નહીં જોડાવા, અસહકારથી દૂર રહેવા, ટૂંકામાં અસહકારવાદીઓની સાથે અસહકાર કરવાની સલાહ આપતાં ધર્મભંગનો દોષ ક્યાં જતો રહે છે?'

'આપણે સર નારાયણ ચંદાવરકરને એટલું તો વિનયપૂર્વક પૂછી શકીએ છીએ કે, જે સામ્રાજ્યમાં (પંજાબના અમાનુષી અત્યાચારો કરાવનાર પંજાબના લેફ્ટનન્ટ ગવર્નર) સર માઈકલ ઓડવાયર જેવા "સર"નો ઈલકાબ ધારણ કરી શકે છે અને સર રવીન્દ્રનાથ ટાગોર જેવા મહાન કવિને પોતાનો "સર"નો ઈલકાબ ફેંકી દેવો પડે છે અને જેમને આપ માથું નમાવવા લાયક

“પ્રોફેટ” - પયગંબર ગણો છો તેમને પણ પોતાના ચાંદોનો ત્યાગ કરવો પડે છે, ત્યાં આપને “સર” નો ઈલકાબ પાછો સોંપી દેવામાં ગીતાજીના કયા શ્લોકનો બાધ આવે છે?’



# ૫૭. શિક્ષણ

૧૯૨૦ની સાલમાં ગાંધીજીએ અસહકારના એક કાર્યક્રમ તરીકે સરકારી શાળા-કોલેજોની અને અંગ્રેજી શિક્ષણનો ત્યાગ કરવાની હિમાયત કરી હતી.

એમાં સરદારશ્રી પણ સંમત થયા હતા. એની લોકો પર ભારે અસર પડી.

સરદારશ્રી જેવા ભણેલાગણેલા અને કોરટોને ગજવનારા એક બાહોશ બેરિસ્ટરે જ્યારે આવા શિક્ષણના અસહકારની હિમાયત કરવા માંડી, ત્યારે જુવાનોમાં ભારે ચકચાર જાગી.

ગુજરાત કોલેજના વિદ્યાર્થીઓએ આ વિષય ઉપર એક સભા ગોઠવી હતી. એમાં સરદારશ્રીને પ્રવચન પ્રવચન આપવા બોલાવ્યા હતા.

વિદ્યાર્થીઓએ સરદારશ્રીને આ બાબતમાં કેટલાય પ્રશ્નો

પૂછ્યા.

વિદ્યાર્થીઓએ સરદારશ્રીને ગૂજરાત વિદ્યાપીઠ વિશે પ્રશ્ન પૂછતાં કહ્યું :

'અમે કોલેજનું શિક્ષણ છોડીને ગૂજરાત વિદ્યાપીઠમાં જોડાએ તો અમને ત્યાં કેવું શિક્ષણ મળશે?'

સરદારશ્રી પાસે જવાબ તૈયાર જ હતો :

'તમે ગુજરાત કોલેજમાં જે ભણ્યા તે ભૂલી જાઓ એવું વિદ્યાપીઠ શીખવે તોપણ બસ છે.'



# ૫૮. સરકારી નોકરી

બોરસદમાં હૈડિયાવેરાની લડતી ચાલતી હતી.

તે વખતે પ્રજાની સામે સરકારની એક ફરિયાદ એવી હતી કે, ગાંધીજીની ખેડા સત્યાગ્રહની અને અસહકારની લડતોથી લોકોને સત્તાનો ડર રહ્યો નહીં અને બહારવટિયા બહાર પડ્યા તેઓને લોકોએ ઉત્તેજન આપ્યું.

પરંતુ સાધારણ સીધાસાદા માણસોને બહારવટિયા બનાવવામાં સરકારી અમલદારો જ કેવી રીતે કારણરૂપ હોય છે તેનું વર્ણન સરદારશ્રીએ એક જાહેર સભામાં કરતાં કહ્યું હતું :

'સિંગલાવ ગામનો પેલો ગુલાબરાજા બહારવટે નીકળ્યો, ત્યારે તો ગાંધીજી હિંદુસ્તાનમાં આવ્યા પણ નહોતા.'

'તે વખતે કલેકટર વુડને તે મારવા ફરતો હતો. કારણ એણે ગુલાબરાજાને ખોટા કેસમાં સંડોવીને સજા કરાવી હતી.'

'એક વખત કલેકટરનો મુકામ સિંગલાવ ગામમાં હતો. ત્યાં તેણે સાંભળ્યું કે, ગુલાબરાજા નામનો માણસ ગાયકવાડી હદમાં લૂંટો કરે છે અને અંગ્રેજી રાજ્યની પોલીસની તેને મદદ છે. તેણે એની તપાસ કરવા માંડી.'

'તે વખતે પેલો ગુલાબરાજા કસબી ફેંટો અને ભેટ બાંધીને પાસે જ ઊભો હતો.'

'તેણે કહ્યું : હું ગુલાબરાજા.'

'કલેકટર વુડે કહ્યું : તારા હાથ તે છૂટા હોય? તને તો બેડીઓ પહેરાવવી જોઈએ.'

'ગુલાબરાજા કહે : ગુનામાં પકડાઉં તો તારી સત્તા ચાલે તે સજા કરજે. પણ આજે તો હું રાજા છું.'

'પછી તેને ગુનામાં સંડોવવા ખાતર કલેકટરના કહેવાથી તેના ઉપર કેસ ઊભો કરવામાં આવ્યો. ચોરા ઉપર મામલતદારની શિખવણીથી એક વાણિયાએ ગુલાબરાજાને ગાળો દીધી.'

'તેથી ગુસ્સે થઈને તેણે એને કપાળમાં એક કાંકરો માર્યો. આ બાબતનો કેસ ચાલ્યો.'

'ગુલાબરાજાએ મને વકીલ કર્યો. કેસમાં કંઈ થઈ શકે એમ નહોતું. પણ કલેકટરે જજને મળી એને નવ મહિનાની સજા કરાવી.'



'પેલાને આ વાતની ગંધ આવેલી. એટલે ફેંસલાને દિવસે કોર્ટમાં એ હાજર જ ન થયો અને તે દહાડાથી બહારવટું શરૂ કર્યું.'

'આમ સાવ નાની વાતમાંથી કલેકટરે એક બેગુના માણસને બહારવટિયો બનાવ્યો! પછી તો એણે બાવન લૂંટો કરી અને પચીસ-ત્રીસ ખૂન કર્યાં. તેને સતાવવામાં પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ પણ ખરો.'

એક દિવસ કલેકટરને કોઈએ એવી બાતમી આપી કે, બહારવટિયો ગુલાબરાજા રોજ રાતે વલ્લભભાઈ વકીલને ઘેર આવે છે.

એટલે કલેકટરે સરદારને બોલાવ્યા. મોટી મોટી જગ્યાઓ આપવાની અનેક લાલચો આપી કલેકટરે સરદારને બહારવટિયા ગુલાબરાજાને પકડાવી આપવા સમજાવ્યા.

એ સાંભળીને સરદાર બોલી ઊઠ્યા :

'કાયદો હું થોડોઘણો જાણું છું. મારે ઘેર ગુલાબરાજા આવતો હોય, તો મારે પોતે જ એ જાહેર કરવું જોઈએ. ન કરું તો ગુનો ગણાય એ હું જાણું છું. બાકી તમારી નોકરીની લાલચે એને પકડવાના કામમાં હું પડું એ તો કાળું કામ કહેવાય અને આમેય હું તો સરકારી નોકરીને લાત મારું છું.'

કલેકટર તો એ સાંભળીને સડક જ થઈ ગયો !

# ૫૯. પુરૂષાર્થી પુત્ર

સરદાર વલ્લભભાઈ પટેલનું નામ કોણે સાંભળ્યું નહી હોય?

૧૫મી ઓગસ્ટ, ૧૯૪૭ને યાદગાર દિવસે આપણો દેશ આઝાદ થયો.

સરદારશ્રી ભારતના પ્રથમ ગૃહપ્રધાન અને નાયબ વડા પ્રધાન બન્યા હતા.

સામાન્ય ગરીબ કુટુંબમાં સરદારશ્રીનો જન્મ થયો હતો. પિતા ખેડૂત હતા. ઘરમાં કોઈ ભણેલું પણ નહીં. વા ગામડાગામના એક ખેડૂતના પુત્ર આખા દેશમાં સરદાર તરીકે જાણીતા થયા અને સ્વતંત્ર ભારત દેશના ગૃહપ્રધાન તથા નાયબ વડા પ્રધાન બન્યા હતા, એ આખી ગૌરવગાથા આપણને પ્રેરણા આપે એવી છે.



ઘરમાં ગરીબાઈ કેવી હતી એનું વર્ણન સરદારશ્રીના મુખે જ સાંભળીએ :

'હું નડિયાદમાં જ્યારે મોસાળમાં રહેતો, ત્યારે કોઈ વાર કરમસદ જાઉં, ત્યારે મારાં દાદીમા મને રેલવે ક્રોસિંગ સુધી મૂકવા આવતાં. નડિયાદથી આણંદ રેલવે હતી. પણ કરમસદ જવામાં અમે કદી રેલગાડીનો ઉપયોગ ન કરતા. ઘેરથી નીકળું, ત્યારે ખાવાનું લેવા માટે બેચાર આના આપે. પણ તે આમ ગાડીભાડામાં ન વાપરી નાખીએ, એટલા માટે દાદીમા અહીં સુધી મૂકી જતાં.'

મેટ્રિક થયા પછી પણ સરદારને આગળ અભ્યાસ કરવાની ખૂબ ઈચ્છા હતી. પરંતુ કોલેજની કેળવણી લેવા જેટલા તો ઘરમાં પૈસા નહોતા.

સરદારને આમ તો વિલાયત જઈ બેરિસ્ટર થવાની પણ ખૂબ ઈચ્છા હતી. પરંતુ સરદાર કહે છે એમ, 'હું તો સાધારણ કુટુંબનો હતો. મારા બાપ મંદિરમાં જિંદગી ગાળતા અને તેમાં જ પૂરી કરેલી. મારી ઈચ્છા પૂરી કરવા તેમની પાસે સાધન ન હતું.'

આમ હોવા છતાં સરદારે મેટ્રિક પછી 'ડિસ્ટ્રિક્ટ પ્લીડર'નો ઘેર બઠાં અભ્યાસ કર્યો. પછી વકીલાત કરતાં કરતાં થોડા થોડા પૈસા બચાવીને વિલાયત જઈ બેરિસ્ટર થવાની તૈયારી કરી. છેવટે બેરિસ્ટર થઈને આવ્યા. ત્યારે જ જંપ્યા.

સરદાર શાળામાં ભણતા હતા, ત્યારનો એક પ્રસંગ સરદારના જીવનઘડતરમાં ઘણો મહત્ત્વનો ગણાય એવો છે.

બાળપણના તેમના એક શિક્ષક એવા હતા કે તેમને વિદ્યાર્થી પણ પૂછે, તો તે ગુસ્સે થઈને કહેતા :

'મને શું પૂછો છો? માંય માંય ભણો.'

આ સૂત્ર જાણે સરદારશ્રીના જીવનની ગુરુકિલ્લી બની ગયું હતું. સરદારશ્રીએ પોતાનું બધું ભણતર 'માંય માંય ભણીને' જ કરેલું.

એમના ઘડતરમાં શિક્ષકનો કશો ફાળો હોય એમ જણાતું નથી.

આગળ જતાં મહાત્મા ગાંધી શિક્ષક મળ્યા, ત્યાં સુધીનું પોતાના જીવનનું ઘડતર પણ સરદારશ્રીએ આપમેળે જ કોઈની મદદ કે ઓથ વિના કરેલું હતું.

ગાંધીજીને શિક્ષક તરીકે, ગુરુ તરીકે સ્વીકાર્યા તે પણ પોતાનું વ્યક્તિત્વ કાયમ રાખીને.

આપણે જાણીએ છીએ કે, મોટા ઝાડની છાયા નીચે ઊગેલા છોડનો વિકાસ અટકી જાય છે. પરંતુ ગાંધીજી તો એવા વિશાળ વડદાદા હતા, છતાં એમની છાયા હેઠળ સૌનો વ્યક્તિગત વિકાસ થયો જ છે.

એટલે ગાંધીજી જેવા શિક્ષકના શિષ્ય થઈ જે વ્યક્તિત્વ



ગુમાવી બેસે, તે પોતાને અને ગાંધીજીને બંનેને લજવે.

સરદારશ્રીએ ગાંધીજીને લજ્જા પામવાનું જરાયે કારણ આપ્યું નથી, એટલું જ નહીં પણ પોતાના શિષ્યત્વને શોભાવ્યું છે.

આમ, સરદારશ્રીએ જીવનમાં જે કંઈ મેળવ્યું હતું એ 'માંય માંય ભણીને', જાતે જ નિરીક્ષણ અને પરીક્ષણ કરીને મેળવ્યું છે. તેઓ પોતે એને 'કોઠાવિદ્યા' કહેતા હતા.

આવા પુરુષાર્થી સરદાર વલ્લભભાઈ પટેલનું જીવનકાર્ય આપણને પણ પુરુષાર્થ કરવા પ્રેરે એવું છે.

# ૬૦. સંસ્કાર

ખેડા જિલ્લાનો ચરોતર પ્રદેશ રળિયામણો અને અનેક વિવિધતાથી ભરેલો છે. એના આણંદ તાલુકામાં કરમસદ ગામ આવેલું છે.

કરમસદ એ સરદારશ્રીનું વતન.

ખેતીબંધા પાટીદાર કુટુંબમાં એમનો જન્મ.

ચરોતર પ્રદેશના પાટીદારો સ્વતંત્ર સ્વભાવના, નિખાલસ અને તેજદાર ગણાય છે.

આવાં તેજસ્વી માતાપિતાને ત્યાં આપણા દેશના બે મહાન સપૂતો અવતર્યા.

વીર વિઠ્ઠલભાઈ પટેલ અને સરદાર વલ્લભભાઈ પટેલ.

સરદારશ્રીની જન્મતારીખ ૩૧ મી ઓક્ટોબર, ૧૮૭૫ ગણવામાં આવે છે.



ઘરમાં કોઈ ભણેલું નહીં. એટલે કોઈએ એમની જન્મતિથિની બરોબર નોંધ લીધી ન હતી. મેટ્રિકના સર્ટિફિકેટ પ્રમાણે આ તારીખ ગણાય છે.

નડિયાદ એ સરદારશ્રીનું મોસાળ. તેમનો જન્મ નડિયાદમાં થયો હતો.

સરદારશ્રીના પિતાશ્રીનું નામ હતું ઝવેરભાઈ. માતુશ્રીનું નામ લાડબાઈ.

પિતા ઝવેરભાઈ સ્વામીનારાયણ પંથના પરમ ભક્ત. ભક્તિ કરે અને ખેતી કરે.

ઝવેરબાપા બહુ સ્વતંત્ર મિજાજના અને કડક સ્વભાવના હતા.

આમ તો ઘરની સ્થિતિ સાધારણ હતી, છતાં ઝવેરબાપા કોઈ પણ બાબતમાં કોઈથી દબાય તો શાનાં જ?

ઝવેરબાપા ઘણોખરો વખત મંદિરમાં ગાળતા. મંદિરમાં કદી બેસી રહેતાં નહી. માળા ફેરવતાં અથવા ભજન ગણગણતાં આંટા મારવાની એમને ટેવ હતી.

સરદારશ્રી પણ ઘરમાં હોય ત્યારે એક ઠેકાણે બેસી રહેતા નહીં, પણ આમથી તેમ આંટા માર્યા કરતા. એ ટેવ એમને પિતાશ્રી તરફથી વારસામાં મળેલી હતી.

ઝવેરબાપા ગામની પંચાતમાં કદી ભાગ લેતા જ નહીં.

સૌ કોઈ એમની આમન્યા રાખતું અને કોઈનો વાંક હોય ને ઝવેરબાપા બે શબ્દ કહે, તો સૌને સાંભળવા પડતા. ભગવતી પુરુષ તરીકે ગામમાં એમનું માન સારું હતું.

સરદાર વગેરે ભાઈઓ ઝવેરબાપાને 'મોટાકાકા' કહેતા. પરંતુ ગામમાં સૌ એમને 'રાજભા' કહેતું.

કહેવાય છે કે, ઝવેરબાપાએ ૧૮૫૭ની રાજ્યક્રાંતિ વેળાએ ઝાંસીની રાણીના પ્રદેશમાં ભાગ લીધો હતો. કોઈને કહ્યા વિના તેઓ નીકળી પડ્યા હતા.

અંગ્રેજોએ ઝવેરબાપાને ઈન્દોર રાજ્યમાં પકડ્યા હતા અને તે રાજ્યના કેદી તરીકે તેમને ઈન્દોરનાં રાજા મલ્હારરાવ હોલકરને સોંપવામાં આવ્યા હતા.

મલ્હારરાવ ઝવેરબાપાને કેદ કરી પોતાની સામે બાંધી રાખતા.

એક વાર મલ્હારરાવ કોઈ દરબારી સાથે શેતરંજની રમત રમતા હતા.

ઈન્દોરનરેશે રમતાં રમતાં એક સોગઠું ઉપાડ્યું અને ક્યાંક મૂકવા જતા હતા.

ત્યાં તો ઝવેરબાપા બોલી ઊઠ્યાં : 'અરે રાજા, ત્યાં ન મૂકશો, પેલે ઘેર મૂકો.'

'ઈન્દોર નરેશે ઊંચું જોયું, તો ઝવેરબાપા બોલતા હતા!



ઝવેરબાપાએ બરોબર સૂચવ્યું હતું.'

પાછી બીજી સોગઠી ભરવાની આવી. એ પ્રસંગે મલ્હારરાવ પાછા મૂંઝાયા.

ત્યાં તો ઝવેરબાપાએ કહ્યું : 'એ સોગઠી પેલા ઘરમાં ચલાવો.'

મલ્હારરાવ તો રાજકેદી ઝવેરબાપાની બુદ્ધિશક્તિ જોઈને ખુશ થઈ ગયા. તેમણે ઝવેરબાપાને મુક્ત કર્યા અને પોતાના મિત્ર તરીકે રાખ્યા.

પાછલી અવસ્થામાં ઝવેરબાપાએ ગામના સ્વામીનારાયણના મંદિરમાં સૂવા-બેસવાનું રાખ્યું હતું. એક વેળ જમતા અને જમવા માટે જ ઘેર આવતા.

ઝવેરબાપા ૧૯૧૪ના માર્ચ માસમાં લગભગ પંચાશી વર્ષની વયે ગયા, ત્યાં સુધી દર પૂનમે વડતાલ જવાનું એકેય વાર ચૂક્યા નથી.

સરદાર પણ પિતાશ્રીની સાથે અનેક વાર વડતાલ ગયેલા. સરદાર સત્તર વર્ષના થયા ત્યાં સુધી પિતાશ્રી સાથે કરમસદમાં જ રહેલા અને ત્યાં સુધી નિરાહારી અને કોઈ કોઈ વાર નિર્જળા એકાદશી વિનાની ભાગ્યે જ કોઈ એકાદશી ગઈ હશે.

માતુશ્રી લાડબાઈ નરમ અને સુશીલ સ્વભાવનાં હતાં. ઘર ચલાવવામાં બહુ કુશળ હતાં. ઘરની સ્થિતિ ગરીબ હતી,

છતાં મહેમાન-પરોણા સારી રીતે સાચવતાં.

કોઈ સાથે તકરારમાં ઊતરવાનું લાડબાના સ્વભાવમાં જ નહોતું. સેવાભાવી વૃત્તિનાં હતાં. પાડોશીનું પણ કામ કરી છૂટે. આસપાસનાં સૌનો પ્રેમ સંપાદન કરવાની શક્તિ એમનામાં સહજ હતી.

લાડબા વહુઓને પણ બહુ સારી રીતે રાખતાં. નાના દીકરા કાશીભાઈ વિધુર થયા પછી એમનું ઘર લાડબા જ સંભાળતાં અને છોકરાંઓને સાચવતાં.

લાડબા લગભગ પંચાશી વર્ષની ઉમરે ૧૯૩૨ની સાલમાં ગુજરી ગયાં, ત્યાં સુધી કાશીભાઈ બધું તૈયાર કરી આપે અને એ બેઠાં બેઠાં રાંધી જમાડે, એ પ્રમાણે ઘરનું કામ કરતાં રહ્યાં.

મહાત્મા ગાંધીજીએ રેંટિયા પ્રવૃત્તિ શરૂ કરી ત્યાર પછી તો નવરાશ મળે કે તરત રેંટિયો લઈને લાડબા બેસતાં.

સરદારને ચાર ભાઈઓ અને એક બહેન : સોમાભાઈ, નરસિંહભાઈ, વિઠ્ઠલભાઈ, કાશીભાઈ અને ડાહીબા. સરદારને નાની બહેન પર સવિશેષ પ્રેમ હતો.

માતાપિતાના ધર્મપરાયણ અને સંયમમય જીવનનો વારસો સરદારને પૂરતા પ્રમાણમાં મળ્યો હતો. સરદાર બ્રહ્મર્ષિ નહીં પણ રાજર્ષિ હતા. સરદારની ધાર્મિકતા, એમનો સંયમ, એમનો ત્યાગ, એમની તિતિક્ષા સાધુસંતોનાં નહીં પણ ક્ષત્રિય



વીરનાં હતાં.

આગ્રહ, દૃઢતા, હસતે મોંએ શારીરિક દુઃખો સહન કરવાની શક્તિ, સંપૂર્ણ નિર્ભયતા - એ બધા મહાયોદ્ધાના ગુણો સરદારમાં જોવા મળે છે તે પિતાના સંયમમય અને આગ્રહી જીવનનો જ વારસો છે.

સરદારને સ્વચ્છતા અને સુઘડતાની ટેવ પણ માતાપિતા તરફથી જ વારસામાં મળેલી.

# ૬૧. વિનોદશક્તિ

આપણા જીવનમાં સુખદુઃખ તાણાવાણાની માફક વણાયેલા જ છે. એટલે જ આપણા સંતો, મહંતો, મહાપુરુષો, પયગંબરો વગેરે આપણને સુખ અને દુઃખમાં સમતા જાળવવા સર્વદા ઉપદેશ આપતા આવ્યા છે.

ગીતાજીમાં ભગવાન શ્રીકૃષ્ણે ગાયું છે :

दुःखेषु अनुद्विग्नमनाः
सुखेषु विगतस्पृहः ।

'દુઃખે ઉદ્વેગ ના ચિત્તે, સુખોની ઝંખના ગઈ.'

આપણા કવિ આદિકવિ ભક્તરાજ નરસિંહ મહેતાએ પણ ઉપદેશ્યું છે :

'સુખદુઃખ મનમાં ન આણીએ,
ઘટ સાથે રે ઘડિયાં,



ટાળ્યાં તે કોઈનાં નવ ટળે,
રઘુનાથનાં જડિયાં'

મીરાંબાઈએ ગાયું છે :

'સુખદુઃખ સરવે સહીએ,
રામ રાખે તેમ રહીએ.'

આ સત્ય જેમના જીવનમાં વણાઈ ગયેલું હોય છે એમને કેવાય વિકટ પ્રસંગો વિહ્વળ કરી શકતા નથી અને કેવાય કપરા સંજોગને કે કેવાય દુઃખની ઘડીને તેઓ હસી કાઢી હળવી બનાવી મૂકે છે.

સરદારશ્રીમાં પણ આ વિનોદશક્તિ - દુઃખને હસી કાઢવાની શક્તિ - સહજ હતી. એનો પરિચય એમના નિકટ સંબંધમાં આવનારને થયા વિના રહેતો નહીં.

સામાન્ય રીતે સરદારશ્રી વિશે એવી માન્યતા પ્રચલિત છે કે, તેઓ એક બાહોશ અને વિચક્ષણ મુત્સદ્દી હતા, વજ્ર જેવા કઠોર હતા, એમનું હૃદય કદીયે પીગળે એમ નહોતું. એક શબ્દ મીઠાશથી કે પ્રેમથી બોલે, તો એ સરદાર વલ્લભભાઈ શાના? માયા, મમતા, નિખાલસતા, ભલમનસાઈ એવા એવા મૃદુ અને પોચટ ગુણો એમનામાં ક્યાંથી હોય?

પરંતુ ખૂબીની વાત તો એ છે કે, આવી ભારે કડકાઈ ધરાવનારા લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈના બાહ્ય દેખાવની

પાછળ વિનોદશીલ અને પ્રેમાળ સદ્‌ભાવ છુપાયેલો હતો.

ગાંધીજી '૩૨ની સાલમાં યરવડા જેલમાં હતા. તે વખતે એક વાર આપણા એક જાણીતા દેશસેવક શ્રી શ્રીનિવાસ શાસ્ત્રીજીએ ગાંધીજીને લખેલું :

'તમે જેલમાં એકલા એકલા રહ્યા છો, એટલે ગમગીન બની ગયા હશો...'

એના જવાબમાં ગાંધીજીએ લખ્યું હતું :

'હું ગમે તેટલો એકલો રહું તોપણ ગમગીન બનું એવો નથી અને અહીં તો એકલો ક્યાં છું? મારી સાથે સરદાર વલ્લભભાઈ છે. એ એમની મશ્કરીઓના સપાટાથી દિવસમાં કેટલીયે વાર મને પેટ પકડીને હસાવે છે.'

વિજ્ઞાનમાં એવો એક નિયમ છે કે, માણસના માથા ઉપર વાતાવરણનું દબાણ આશરે ૩૭,૫૬૦ રતલ અથવા ૧૬ ટન જેટલું હોય છે!

એટલા ભારે વજનથી કચરાઈને માણસના ચૂરેચૂરા જ થઈ જાય!

વળી વાતાવરણનું દબાણ માત્ર ઉપરથી જ નહીં પણ બધી બાજુએથી પણ સરખા પ્રમાણમાં થતું હોય છે.

એ આજુબાજુનું દબાણ પણ માણસના શરીરના માળખાનો કૂચો જ કરી નાખે!



પરંતુ કુદરતની અદ્‌ભુત કરામત એ છે કે, શરીરમાંના ઘન, પ્રવાહી અને વાયુ પદાર્થોનો એવી રીતે સમન્વય કરેલો હોય છે કે, જેને લીધે શરીરને આટલા ભારે વજનની જાણે કશી વિસાત જ નથી ! આપણા આ હાડકાંના માળાનું બંધારણ જ એવું છે કે તે આ કરતાં પણ વધારે દબાણ સામે ટકી શકે છે, તે કચરાઈ જતો નથી.

આના જેવો જ એક બીજો સૂક્ષ્મ નિયમ મનુષ્યજીવનમાં પ્રવર્તે છે.

આપણા જીવનમાં અને સંસારમાં આપત્તિઓ, મૂંઝવણો, વિટંબણાઓ, દુઃખો વગેરેનો કંઈ પાર જ નથી. એ અતિવિપુલ ભાર તળે માણસ બાપડો ક્યારનો કચડાઈ જ ગયો હોત!

છતાં દુઃખ અને આપત્તિઓથી સભર ભરેલી આ દુનિયામાં માનવી ટકી શકે છે, જીવી શકે છે, જીવનનો આનંદ લૂંટી શકે છે.

મનુષ્યને જિવાડનાર, એને ટકાવનાર આ જીવનતત્ત્વ કયું?

મનુષ્યનો પરસ્પર પ્રેમ, સ્નેહ. એ પ્રેમ જ માનવીને આ બધી આપત્તિ સહન કરવાની દૈવીશક્તિ બક્ષે છે.

પ્રેમ જેવું જ બીજું જીવનતત્ત્વ છે મનુષ્યમાં રહેલી વિનોદશક્તિ.

વિનોદવૃત્તિ પણ માનવીનાં દુઃખોને, આપત્તિઓને ગાળી નાખી સહન કરી શકાય એવાં હળવાં બનાવી દે છે.

આ વિનોદનું - મુક્ત હાસ્યનું દર્શન કરાવે એવા પ્રસંગો સરદારશ્રીના જીવનમાં પણ ઘણા મળી આવે છે. એમાંના થોડાકનો પરિચય આપણે કરીએ અને દુઃખ, આપત્તિ, વિટંબણાને હસી કાઢવાની શક્તિ મેળવીએ.



## ૬૨. પરાક્રમ

સરદારશ્રી વડોદરા હાઈસ્કૂલમાં મેટ્રિકમાં હતા. સરદારશ્રીને સંસ્કૃતમાં બહુ રસ નહીં પડવાથી તેમણે મેટ્રિકમાં સંસ્કૃત છોડી દીધું અને ગુજરાતી લીધું.

ગુજરાતીના શિક્ષક આમ તો ગુજરાતી શીખવતા હતા. પરંતુ દેવભાષા ગણાતી સંસ્કૃતને છોડીને ગુજરાતી શીખવા આવનાર વિદ્યાર્થી તરફ તેમને સહેજે અણગમો રહેતો.

તેથી સરદાર જ્યારે ગુજરાતના વર્ગમાં પહેલે દિવસે દાખલ થયા કે તરત જ શિક્ષકે ટકોર કરી :

‘આવો મહાપુરુષ ! ક્યાંથી આવ્યા? સંસ્કૃત છોડીને ગુજરાતી લો છો. પરંતુ સંસ્કૃત વિના ગુજરાતી આવડે જ નહીં, એ ખબર છે કે?’

વિદ્યાર્થી વલ્લભભાઈએ બહાદુરીપૂર્વક જવાબ આપ્યો :

'પણ સાહેબ, અમે બધા સંસ્કૃતમાં જ રહેત, તો પછી તમે ગુજરાતી શીખવત કોને?'

આવી રીતે છડેચોક જવાબ આપનાર વિદ્યાર્થી એ શિક્ષકને આજ સુધી મળ્યો ન હતો. તેમણે આવા જવાબની સ્વપ્ને પણ કલ્પના કરી ન હોય!

શિક્ષકનો મિજાજ છટકી ગયો. તેમણે તરત જ હુકમ છોડ્યો:

'મહાપુરુષ ! જાઓ, એક એકાથી દસ એકા સુધીના પાડા લખી લાવજો.'

એક દિવસ થયો.

બે દિવસ થયા.

પરંતુ 'મહાપુરુષ' શેના લખી લાવે?

માસ્તર સાહેબ રોજ ચિડાતા જાય અને રોજ સજા વધારતા જાય :

'જાઓ, કાલે બે વાર લખી લાવજો.'

'કાલે ચાર વાર'

'કાલે આઠ વાર'

એમ વધતાં વધતાં બસો પાડા લખવાનો હુકમ થયો !

પરંતુ 'મહાપુરુષ' ઉપર એની કશી અસર ન થઈ!

શિક્ષક શિક્ષા દિનપ્રતિદિન વધારતા ગયા અને શિષ્ય એ



શિક્ષા મૂંગે મોઢે સાંભળતા ગયા.

છેવટે શિક્ષક થાક્યા. તે ગરજી ઊઠ્યા :

'કેમ રે અલ્યા, લખી લાવવા છે કે નહીં? કે પછી બીજી ભારે શિક્ષાનો વિચાર કરું?'

શિષ્યે ઠંડે કલેજે જવાબ આપ્યો :

'સાહેબ, બસો પાડા તો લાવ્યો હતો. પણ તેમાંનો એક મારકણો નીકળ્યો. તેનાથી ભડકીને બધા પાડા દરવાજા આગળથી નાસી ગયા ! એટલે એક્કે પાડો રહ્યો નહીં!'

વર્ગમાં હસાહસ થઈ ગઈ.

શિક્ષકે વધારે કડક થઈને તાકીદ આપી :

'હવે નકામી લવરી છોડ. કાલે જો પાડા લખી ન આવ્યો, તો તારી વાત છે!'

બીજો દિવસ થયો.

શિક્ષકે કડકાઈથી પૂછ્યું :

'કેમ મહાપુરુષ, બસો પાડા લખી લાવ્યા કે?'

'મહાપુરુષે' જરાયે ગભરાયા વિના વિનોદ આગળ ચલાવ્યો :

'હા, સાહેબ, લખી લાવ્યો છું.'

એક કહીને સરદારે એક કાગળ બતાવ્યો. કાગળમાં લખ્યું હતું. :

'બસેં પાડા.'

શિક્ષકને થયું કે, આવા માથાભારે વિદ્યાર્થીને પ્રિન્સિપાલ સાહેબ જ ઠેકાણે લાવશે. એટલે તેમણે વલ્લભભાઈને આચાર્યની પાસે મોકલ્યા.

આચાર્યે વલ્લભભાઈને વર્ગમાં આમ તોફા કરવાનું અને શિક્ષકના હુકમનો અનાદર કરવાનું કારણ પૂછ્યું. વલ્લભભાઈએ હિંમતપૂર્વક કહ્યું :

'સાહેબ, આવી તે સજા હોતી હશે? કાંઈ અમારા અભ્યાસમાંથી લખાવતા હોય, તો મને ફાયદો પણ થાય. પહેલી ચોપડીના એકાના પાડાથી તો કોઈને ફાયદો ન થાય, ઊલટા એ લખતો જોઈને મને સૌ મૂરખ કહે!'



# ૬૩. કેટલા ઊપજ્યા?

સરદાર સમજણા થયા ત્યારથી જ પાટીદાર નાતના પહેરામણી વગેરે રિવાજો તરફ તેમને ભારે તિરસ્કાર હતો. એ જમાનામાં કોઈ પાટીદારને ત્યાં દીકરી જન્મે, તો ઘરનાં બધાં માણસો નારાજ થઈ જતાં. વરપક્ષને ખુશ કરવા કન્યાપક્ષને તેઓ જે માગે એ આપવું પડતું.

કેટલીક વાર બાળકી જન્મે ત્યાં જ એ બાપડીને 'દૂધ પીતી' કરી દેવામાં આવતી !

આ બધું જોઈ-સાંભળીને સરદારને આવા જંગલી રિવાજ તરફ ઘૃણા ઊપજ્યા વિના શાની રહે?

કોઈની પહેરામણી લીધાની વાત સરદારને કાને આવે તો તેઓ નફરત સાથે પૂછતા :

'આખલાના કેટલા ઊપજ્યા? પાંચ હજાર કે સાત હજાર?'

એક વાર સરદારના સગામાં જ એક છોકરાની સગાઈની વાત ચાલતી હતી. વરપક્ષ અને કન્યાપક્ષના માણસો બેસીને પહેરામણીની કેટલી રકમ લેવી એ વિશે વાટાઘાટ ચલાવતા હતા.

એવામાં ત્યાં સરદાર આવી પહોંચ્યા. આ બધી ભાંજગડ જોઈને સરદાર બોલી ઊઠ્યા :

'આ બધી લમણાઝીક છોડીને એ છોકરાને શુક્કરવારીમાં જ મૂકો ને!'



## ૬૪. એકાંત કેદ!

એક ભાઈ રેલવેમાં પોલીસ ઈન્સ્પેક્ટર હતા. તેનો ઉપરી અમલદાર સુપરિન્ટેન્ડેન્ટ ગોરો હતો.

એ ગોરા અમલદારને પોલીસ ઈન્સ્પેક્ટર સાથે અમુક બાબતમાં અણબનાવ થયો. તે એને પજવવા કોઈ ગુનામાં સંડોવવા તરકીબ શોધવા લાગ્યો.

આખરે પેલા ગોરાએ એ ઈન્સ્પેક્ટરને એક નજીવા કેસમાં સંડોવ્યો. રેલવે વેગનમાંથી એક રૂપિયાની કિંમતનાં બાળવાનાં લાકડાંની પોતાના નોકર પાસે ચોરી કરાવ્યાંનો આરોપ તેના ઉપર મૂક્યો અને તેને જેલમાં પુરાવી દીધો!

એ ગોરો સુપરિન્ટેન્ડેન્ટ બહુ લાગવગવાળો હતો. તેનો ભાઈ મુંબઈ સરકારમાં હોમ-મેમ્બર હતો.

તે વખતે રેલવેમાં ચોરી અને લૂંટફાટના બનાવો

અવારનવાર બન્યા કરતા હતા. એ બહાના હેઠળ આ નજીવા કેસને ભારે રૂપ આપવામાં આવ્યું.

આ આરોપી ભારે લાગવગવાળો છે એણ ખોટું જણાવીને આ કેસ ચલાવવા માટે એક સ્પેશિયલ મેજિસ્ટ્રેટની નિમણૂંક એ ગોરાએ કરાવી.

કેસ ખેડા જિલ્લામાં ચાલવાનો હતો, છતાં અમદાવાદ જિલ્લાના સરકારી વકીલને આ કેસ ચલાવવા માટે ખાસ રોકવામાં આવ્યો.

કેસ કોર્ટમાં મોકલતા પહેલાં પેલા ગોરા સુપરિન્ટેન્ડેન્ટ જાતે બધી તપાસ કરી. આરોપીને આ પહેલાં કોઈ વાર કોઈ ગુનાસર સજા થયેલી કે કેમ તેની બાતમી મેળવવા તેણે ખૂબ જહેમત ઉઠાવી. પરંતુ તેને એવી કોઈ હકીકત જાણવા મળી નહીં.

આ કેસ સાબિત થાય અને કહેવાતા ગુનેગાર ઈન્સ્પેક્ટરને સજા થાય તેટલાથી એ ગોરાને સંતોષ થાય એમ નહોતો. તે તો એને વધારે સજા થાય એની પેરવીમાં હતો. એ કારણે જ એના ભૂતકાળની કોઈ સજાની તલાશમાં એ અમલદાર હતો.

છેવટે તેણે પેલા ઈન્સ્પેક્ટરને ફસાવવા બોલાવીને કહ્યું : ‘જો સાંભળ. તને વધારે સજા થાય એવી મારી ઈચ્છા નથી. તારા જેવો માણસ જેલમાં જાય એ મને ન જ ગમે. માટે તને આ ગુનામાંથી ઉગારી લેવાનો એક ઉપાય મને સૂઝે છે.’



‘તને આ પહેલાં કોઈ વાર સજા થયેલી હોય, તો એનો દાખલો લાવે અથવા એવું નિવેદન તારે પોતાને હાથે લખી આપે, તો હું રેલવેના વકીલને ભલામણ કરી તને જેમ બને તેમ ઓછી સજા થાય અથવા તને નિર્દોષ છોડી મૂકે એવું કરી શકું.’

પેલો બાપડો મૂંઝાયો. એ અમલદારને કશો જવાબ આપ્યા વિના તે પાછો ફર્યો.

આ ઈન્સ્પેક્ટરે વકીલ તરીકે સરદાર વલ્લભભાઈને રોક્યા હતા. એટલે તે વલ્લભભાઈ પાસે ગયો અને તેણે બધી વાત તેમને કહી.

વલ્લભભાઈએ તરત જ આ તક ઝડપી લીધી. તેમણે પેલા આરોપીને કહ્યું : ‘તારી જન્મતિથિનો દાખલો છે કે?’

પેલાએ કહ્યું : ‘હાજી, મારી મા પાસે છે.’

વલ્લભભાઈએ એ દાખલો મંગાવ્યો. પછી તેમણે એ માણસની જન્મતિથિના સમયમાંથી નવ મહિના ઓછા કરીને એને સમજાવ્યું કે, સુપરિન્ટેન્ડેન્ટ આગળ જઈને આમ આમ કહેજે.

પેલો બાપડો ગોરા સુપરિન્ટેન્ડેન્ટ પાસે જઈને બોલ્યો : ‘સાહેબ, આપની ભલી લાગણી મને હવે સમજાઈ. આપની આગળ સાચેસાચું કહેવામાં શી હરકત છે? હું કબૂલ કરું છું કે મને આ પહેલાં નવ માસની સજા થયેલી અને મને ‘સોલિટરી

કન્ફાઈન્મેન્ટ' (એકાંત કેદ)માં રાખવામાં આવ્યો હતો. પણ સાહેબ, એ વાતને તો ઘણો વખત થઈ ગયો. ત્રીસ વરસ પહેલાં એ સજા મેં ભોગવેલી. એટલે એનું કશું મહત્ત્વ ન ગણી શકાય. છતાં આપની ઈચ્છા હોય તો લખી આપું.'

સુપરિન્ટેન્ડેન્ટને તો એ જ જોઈતું હતું. તેણે એની પાસે બધું લખાવી લીધું.

નવ માસની સજાનું આ લખાણ વાંચીને પેલો ગોરો રાજી રાજી થઈ ગયો. ઉત્સાહમાં ને ઉત્સાહમાં તેણે દિવસ, મહિનો કે વરસ વાંચ્યાં જ નહીં!

જ્યારે કેસ કોર્ટમાં નીકળ્યો, ત્યારે સરદાર બીમાર પડી ગયેલા હોવાથી આરોપી તરફથી કેસ ચલાવવા માટે વલ્લભભાઈને બદલે વિઠ્ઠલભાઈ ગયા. સરકારી વકીલ સાથે તેમને ખૂબ બોલાચાલી અને તકરાર થઈ.

પરંતુ પહેલાંથી નક્કી કરી નાખ્યું હતું એ મુજબ મેજિસ્ટ્રેટ તો આરોપીને ગુનેગાર ઠરાવી છ માસની સખત કેદની સજા ફરમાવી. વળી તેણે આપેલા જજમેન્ટમાં વિઠ્ઠલભાઈની વિરુદ્ધમાં કડક ટીકા કરી.

આ કેસની અપીલ સરદારે અમદાવાદ સેશન્સ કોર્ટમાં દાખલ કરાવી. આરોપીને જામીન પર છોડવાની અરજી કરવા ત્યાંના એક જાણીતા બેરિસ્ટરને રોક્યા.



સરકાર તરફથી આરોપીને જામીન પર છોડવા માટે માટે સખત વિરોધ કરવામાં આવ્યો. પેલા સરકારી વકીલે કેસના મહત્ત્વ પર ખાસ ભાર મૂકી જામીન અરજી રદ કરાવી.

એટલે સરદારે અપીલની સુનાવણી તરત જ કરવાની માગણી કરી. એ મંજૂર થઈ અને કેસ ચાલ્યો.

રેલવેના વકીલે પેલા ગોરા અમલદારની સૂચના અનુસાર દલીલ કરી : 'આ તહોમતદાર રીઢો ગુનેગાર છે. તેને ચોરી કરવાની ટેવ જ પડી છે. આ ગુનામાં પૂરતો પુરાવો છે, છતાં તે પૂરતો ન હોય તોપણ તેના જૂના દાખલા જોઈને કોરટે તેને સજા કરવી જોઈએ.'

એમ કહીને સરકારી વકીલે પેલો નવ માસની સજાનો દાખલો રજૂ કર્યો.

કોરટે તહોમતદારને પૂછ્યું : 'તને પહેલાં સજા થયેલી કે?'

વલ્લભભાઈની શિખવણી મુજબ પેલા આરોપીએ કહ્યું : 'હા જી. નવ માસની થયેલી.'

આરોપીની આવી સ્પષ્ટ કબૂલાત સાંભળ્યા પછી મેજિસ્ટ્રેટને વધારે ઊંટા ઊતરીને પેલો દાખલો જોવાની જરૂર ન લાગી.

આ બધું સાંભળીને પેલા તહોમતદારનો બચાવ કરવા માટે રોકેલા બેરિસ્ટર સ્તબ્ધ થઈ ગયા. મેજિસ્ટ્રેટે એમનો ખુલાસો

પૂછ્યો, એટલે બેરિસ્ટર તો વલ્લભભાઈ ઉપર ખૂબ ગુસ્સે થઈ ગયા અને કહેવા લાગ્યા : 'આ વાતની પ્રથમથી જ મને જાણ કરી હોત, તો અપીલ ન કરવાની સલાહ આપત.' એમ કહીને બેસી ગયા.

આરોપીનું ભાવિ ત્રાજવામાં તોળાઈ રહ્યું હતું. કેસ રસાકસીનો હતો. તેથી આખી કોરટ ચિકાર ભરાઈ ગઈ હતી.

તે વખતે વલ્લભભાઈ ઊભા થયા. તેમણે કોરટને વિનંતી કરી કે, આરોપીને અગાઉ સજા થયાનો પુરાવો અમને બતાવવો જોઈએ.

મેજિસ્ટ્રેટ પેલી નોંધ વલ્લભભાઈને જોવા આપવાનો હુકમ કર્યો.

એટલે સરકારી વકીલ ગુસ્સે થઈને દલીલ કરવા લાગ્યો : 'આરોપીએ પોતે જ કબૂલ કર્યું છે કે એને અગાઉ એખ વખત નવ માસની એકાંત કેદની સજા થયેલી છે અને એની નોંધ ઉપર આરોપીની સહી પણ લેવામાં આવી છે. પછી બીજો પુરાવો શો જોઈએ?'

સરદારે એ નોંધ જોવાનો આગ્રહ જારી રાખ્યો. એટલે તેમને નોંધ જોવા આપવામાં આવી.

સરદારે ઠાવકાઈથી નોંધ વાંચીને આરોપીને સવાલો પૂછવાની કોરટ પાસે રજા માગી.



વલ્લભભાઈએ પોતાના એ આરોપી અસીલને અમુક પ્રશ્નોના જવાબ કેમ આપવા એ શીખવી રાખ્યું હતું.

વલ્લભભાઈએ પોતાના એ આરોપીને પૂછ્યું : 'તમને પહેલાં સજા થયેલી એની હકીકત તમે તમારા સાહેબને આપેલી છે તેનું લખાણ આ રજૂ થયેલું છે તે જ છે ને?'

આરોપીએ કહ્યું : 'હા, સાહેબ, એ લખાણ મેં જ સાહેબને આપ્યું છે.'

વલ્લભભાઈએ પૂછ્યું : 'તમે એ લખાણ શા માટે આપ્યું?'

આરોપીએ જવાબ આપ્યો : 'સાહેબે મારા પર ખૂબ દબાણ કર્યું અને મને વચન આપ્યું કે આવું લખાણ આપે તો તને છોડી મુકાવું.'

વલ્લભભાઈએ પૂછ્યું : 'તમને કેવા ગુના માટે નવ માસની સજા થયેલી?'

અસીલ કહે : 'સાહેબ, એની તો કોઈનેય ખબર નથી. બધાને તેવી સજા થાય છે તેમ મને થયેલી.'

વલ્લભભાઈએ પૂછ્યું : 'બધાયને એટલે કોને?'

અસલી કહે : 'તમને, મારા સાહેબને, આ મેજિસ્ટ્રેટ સાહેબને, વગેરે માનવમાત્રને તેવી સજા ભોગવવી પડે છે. નવ માસ તો હરેકને પોતાની માતાના પેટમાં રહેવું પડે છે અને એકાંત કેદની સજા ભોગવવી પડે છે.'

વલ્લભભાઈએ પૂછ્યું : 'એટલે તમે તો તમારા જન્મની વાત કરો છો, એમ ને?'

અસીલ બોલ્યો : 'હા સાહેબ, જે દિવસે મારો જન્મ થયો તે દિવસ મારા છુટકારાની તારીખ છે.'

એટલે વલ્લભભાઈએ ચાર્જશીટમાં આરોપીની ઉંમર ત્રીસ વર્ષની લખેલી હતી તે હકીકત તરફ કોર્ટનું ખાસ ધ્યાન ખેંચ્યું.

પેલો ગોરો સુપરિન્ટેન્ડેન્ટ, રેલવે વકીલ અને મેજિસ્ટ્રેટ આ બધું સાંભળીને આભા બની ગયા !

કોર્ટમાં બેઠેલા સૌ ખડખડાટ હસી પડ્યા.

પછી વલ્લભભાઈએ પોતાનો સપાટો ચલાવ્યો કે, તપાસ કરનાર ગોરા સુપરિન્ટેન્ડેન્ટમાં કેટલી અક્કલ હોવી જોઈએ?

વળી તેમણે આવી નજીવી વાત પર ભાર દેનાર, સરકારી વકીલને ખાસ અમદાવાદથી બોલાવી સરકારને નકામું ખર્ચ કરાવનાર અને આવા ક્ષુલ્લક કેસને અણઘટતું મહત્ત્વ આપી ખાસ મેજિસ્ટ્રેટ નિમાવનાર બધા અમલદારો ઉપર સખત પ્રહારો કર્યા તેમ જ વિઠ્ઠલભાઈ પર કરેલી ટીકાઓ રદ કરવા અને આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મૂકવા રમૂજભરી પણ ચોટદાર દલીલો કરી.

આથી આરોપી છૂટી ગયો, વિઠ્ઠલભાઈ ઉપરની ટીકાઓ રદ કરવામાં આવી અને સામેથી ગોરા સુપરિન્ટેન્ડેન્ટ ઉપર સખત ટીકા થઈ જેને પરિણામે એને રાજીનામું આપવું પડ્યું.



# ૬૫. કચ્છનાં દર્શન કરાવ્યાં

૧૯૨૧ની સાલમાં કચ્છના કેટલાક ભાઈઓના આગ્રહથી ગાંધીજી કચ્છના પ્રવાસે જવા તૈયાર થયા. સરદાર તેમની સાથે હતા જ.

ગાંધીજીની મંડળીમાં આશ્રમના કાર્યકર શ્રી લક્ષ્મીદાસભાઈ આસરની પાંચ છ વર્ષની દીકરી આનંદી હતી. તે વખતે મહાદેવભાઈ દેસાઈ અલ્લાહાબાદ ગયા હતા. એટલે તેમની જગ્યાએ મંત્રીનું કામ કરતા એક બંગાળી ભાઈ કૃષ્ણદાસ પણ હતા.

કચ્છના માંડવી બંદરે સૌ ઊતર્યા. કચ્છના કેટલાક કાર્યકર ભાઈઓ અને બીજા પ્રતિષ્ઠિત ગૃહસ્થો ગાંધીજીનું સ્વાગત કરવા માંડવી બંદરે આવ્યા હતા.

તે વખતે કચ્છમાં અસ્પૃશ્યતાનું જોર બહુ ભારે હતું. સરદાર

એ જાણતા હતા. એટલે ગાંધીજીને એનો થોડોઘણો સ્વાદ ચખાડવા તેમને વિનોદ કરવાનું મન થઈ ગયું.

આ દિવસોમાં જ ગાંધીજીએ લક્ષ્મી નામની એક હરિજન બાળાને દત્તક પુત્રી તરીકે લીધી હતી. આ વાત સૌ કોઈ જાણતાં હતાં.

એટલે સરદારે ગાંધીજીની મંડળીની ઓળખાણ સ્વાગત કરવા આવનારાઓને ઠાવકાઈથી આપતાં કહ્યું :

'આ છોકરી એ ગાંધીજીએ દત્તક લીધેલી હરિજન બાળા લક્ષ્મી છે. આ કૃષ્ણદાસભાઈ પણ આશ્રમના એક હરિજન ભાઈ છે.'

આ સાંભળીને ગાંધીજીનું ઉત્સાહભેર સ્વાગત કરવા આવનારાઓ ભારે મૂંઝાઈ ગયા ! પણ હવે થાય શું?

ગાંધીજી પોતાની મંડળી સાથે જ્યાં જાય ત્યાં ગમે ત્યાંથી પ્રસંગ કાઢીને સરદારશ્રી આનંદીનું અને કૃષ્ણદાસનું આ પ્રમાણે ઓળખાણ આપવાનું ચૂકતા નહીં.

જે કાર્યકર ભાઈઓના પ્રયાસથી ગાંધીજીને કચ્છ પધારવાનું આમંત્રણ અપાયેલું હતું. તેઓ તો અસ્પૃશ્યતાનિવારણમાં માનતા હતા. એટલે તેમને તો આ બાબતમાં જરાયે હરકત નહોતી. પરંતુ સરદારશ્રી આ વાત બધાની વચ્ચે જાહેરમાં ઠેકાણે ઠેકાણે કહેતા હોવાથી એ ભાઈઓની



મુશ્કેલી બહુ વધી જતી હતી !

સરદાર આ જોઈને મનમાં મરક મરક હસ્યા કરતા.

ગાંધીજીએ કયે કયે ગામે જવું એ બધો કાર્યક્રમ અગાઉથી જાહેર થઈ ચૂકેલો હતો.

ગાંધીજીની સાથે હરિજનો છે એ વાત જાણ્યા પછી કેટલાંક ગામોના લોકો એમને બોલાવવા નારાજ હોય, તોપણ ગાંધીજી નક્કી કરેલા કાર્યક્રમમાં ફેરફાર થવા દે જ નહીં.

એટલે જે લોકોને ત્યાં ઉતારાનું ગોઠવ્યું હોય તે લોકોએ પોતાને ત્યાં ગાંધીજી અને તેમની મંડળીને ઉતારવાની ના પાડી, એવા દાખલા પણ બન્યા.

એવી જગ્યાએ ગાંધીજી અને તેમની મંડળીને માટે ધર્મશાળામાં ઉતારો ગોઠવવો પડતો!

ગાંધીજી વગેરેને જેમણે પોતાને ઘેર ઉતાર્યાં અને જમાડ્યાં, તેમણે ગાંધીજીની મંડળીને અછૂત ગણીને ઊંચેથી પીરસ્યું ! તેઓ બધાં જમીને ગયા પછી ઘરવાળાએ આખું ઘર ધોઈ નાખ્યું! એવા દાખલા પણ બન્યા.

એક ગામે તો ધર્મશાળામાં પણ ગાંધીજીની મંડળીને માટે કોઈ રસોઈ કરનાર ન મળ્યું! એટલે સૌએ હાથોહાથ રસોઈ કરી લીધી.

કેટલાંક ગામોમાં સભામાં ધાંધલ થયાં.

આમ, સરદારશ્રીએ કચ્છ છોડ્યું ત્યાં સુધી ઠાવકે મોઢે પોતાનો વિનોદ ચાલુ રાખ્યો અને ગાંધીજીને કચ્છના ખરાં દર્શન કરાવ્યાં.



# ૬૬. તો ઉત્સવ ઊજવીશું

બારડોલી સત્યાગ્રહ વખતે વાલવોડ વિભાગમાં ઘણા ખેડૂતોની જમીન ખાલસા કરવાની નોટિસ આપવામાં આવી. એથી ઘણા ખેડૂતો દુઃખી થયા.

એ સૌને પોરો ચડાવવા સરદારે સભામાં બધા ખેડૂતોને ભેગા કર્યા અને જેમને ખાલસાની નોટિસ મળી હતી તેમને અભિનંદન આપતાં સરદારે કહ્યું :

'મેં તો ગામેગામ ફરીને સમજાવ્યું જ છે કે, એકેએક ખેડૂત ઉપર એવી નોટિસ આવવાની છે. અને આપણે તે લેવી છે. પણ સરકાર બધાને તે આપતી નથી. તેમાં એની હાંસી થાય. એને તો 'ટટ્ટુ માર્યે તેજી કંપે' એમ કરવું છે.'

'જે ભડકણ હોય, જેની ડરપોક તરીકેની શાખ હોય, તેવાને પહેલા તોડવા છે. જો વાણિયા પડે, તો ખેડૂત મજબૂત હોય તે

પણ થથરી ઊઠે, એવી એની ગણતરી છે.'

'આપણે તો, મેં કહ્યું છે તેમ, જે દિવસે જમીનો ખાલસા કરશે, તે દિવસે તાલુકામાં ઉત્સવ કરવો છે. કારણ, પછી એને જમીનમહેસૂલ આપણી પાસેથી લેવાપણું જ રહ્યું નહીં હોય અને આપણને પણ એની સાથે સ્નાનસૂતક નહીં હોય. કહેવાની જરૂર નથી કે, એ જમીનમાં હળ તો આપણાં જ પડશે.'



## ૬૭. ગંભીરતા ઊડી ગઈ!

બારડોલી સત્યાગ્રહ વખતે એક ગ્રામવાસી સરદાર પાસે આવ્યો અને ગંભીરતાથી બોલ્યો :

'અમારા ગામમાં આવીને અમલદાર ગાળો ભાંડે છે.'

એ સાંભળીને સરદાર હસતાં હસતાં કહે :

'જાણજો કે ગધેડું ભૂંકે છે!'

એ સાંભળતાં જ પેલો ગ્રામવાસી અને બીજા લોકો ખડખડાટ હસી પડ્યા.

## ૬૮. પરણેતર

બારડોલી સત્યાગ્રહ વેળાએ એક જણે સભામાં ઊભા થઈને સરદાર આગળ ફરિયાદ કરી :

'સરભોણમાં જપ્તી - અમલદાર તલાટીઓને રાતે મોડે સુધી કામ કરાવે છે. મધરાતે બેત્રણ વાગ્યે ઉઠાડીને સાથે લઈ ગામડાંમાં ફરવા નીકળે છે. રાતે સૂવા પણ પોતાને મુકામે જ બોલાવે છે!'

સરદાર પાસે તો વિનોદ તૈયાર જ હતો. એમણે હસતાં હસતાં કહ્યું :

'શરમ છે એવી નોકરી કરનારને અને કરાવનારને! થોડા વખત પર કોઈ વાત લાવ્યું કે તલાટીઓ પાસે રંધાવે છે! અહીં કહો છો કે સૂવા બોલાવે છે. એવા માણસોને લાજ કેમ નથી આવતી? શું તેઓ તલાટીઓ છે કે પરણેતર?'



આ સાંભળીને બધા હસી પડ્યા.

ગામનાં છોકરાંઓને મજાકનો વિષય મળી ગયો. રાતે સૂવા જનાર તલાટી જતો હોય, તો એના તરફ આંગળી ચીંધીને એની મશ્કરી કરતાં છોકરાંઓ બોલી ઊઠે :

'પરણેતર ચાલી, પરણેતર ચાલી!'

બિચારા તલાટીઓ રાતે સૂવા જવાની ખો ભૂલી ગયા!

## ૬૯. લાઈસન્સ

બારડોલી સત્યાગ્રહ ચાલતો હતો એ દિવસોમાં સરભોણ ગામના એક મોટરવાળાએ કલેકટર સાહેબને પોતાની મોટર આપવા ચોખ્ખી ના પાડી દીધી.

એટલે સરકારે ગુસ્સે થઈને એ મોટરવાળાનું લાઈસન્સ લઈ લીધું.

આ વાતની સરદારશ્રીને જાણ થઈ, એટલે તેમણે લોકોને પોરો ચડાવવા સરકારની હાંસી ઉડાવતાં કહ્યું :

'તમારા સરભોણનો એક ગરીબ મોટરવાળો પણ જિલ્લાના હાકેમને હિંમતથી કહે છે કે, ''બીજાની વરદી લીધી છે. તમને મોટર નહીં દઉં. વચનભંગ કેમ કરુંય'' આ હિંમત કલેકટર સાહેબથી કેમ સંખાય?'

'આ મુલકમાં  રાજ કરવા નીતિ જોઈએ જ નહીં. હુકમ



જ જોઈએ! આખી નોકરશાહીની આ જ માન્યતા ને તાલીમ!'

'એટલે મોટરવાળાનું લાઈસન્સ ખૂંચવી લીધું!'

'પરગણું આખું પગે ચાલે છે ને? બે વરસ ઉપર ક્યાં મોટર હતી? કહો કલેકટર સાહેબને કે, અમારા પગનું લાઈસન્સ પણ ખૂંચવી લો ને?'

'જેનું લાઈસન્સ કલેકટરની આગળ લેવા જવું પડે, એવાં સાધન ઉપર આપણે શા માટે આધાર રાખવો?'

## ૭૦. તમારા ભાગ્યમાં ક્યાંથી ?

બારડોલી સત્યાગ્રહ વખતે બારડોલીના લોકોને ગભરાવવા માટે સરકારે ઘોડેસવાર અને સશસ્ત્ર પોલીસોનાં ધાડાં ઉતાર્યાં. કલેક્ટર અને પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ પણ જાતે કડક બંદોબસ્ત કરવા અને લોકોનો જુસ્સો દબાવી દેવા ખડે પગે ઘૂમવા લાગ્યા.

સરકારે ત્રણ ત્રણ જપ્તી - અમલદારો નીમ્યા. જપ્ત કરેલો સઘળો માલ લઈ જવા મોટરો અને ખટારાઓનો ખડકલો કરી નાખ્યો.

એ રીતે લોકોને ભડકાવવા અને સત્યાગ્રહમાં ભાગ લેતા અટકાવવા સરકાર જીવ પર આવી જઈને પોતાનો દોરદમામ વાપરવા લાગી હતી.

પરંતુ સરદાર પણ સાબદા રહીને એ સામે બરોબર મોરચો



ગોઠવતા હતાં. તેમણે લોકોની ભડક ભાંગવા અને જુસ્સો ટકાવી રાખવા પોતાનો વિનોદ ચલાવ્યો. સરદાર સરકારના આ ધમપછાડાની હાંસી ઉડાવતા બોલ્યા :

'બારડોલીની સડક ઉપર બજારથી સ્ટેશન સુધી આજકાલ ઘોડેસવારો ફરે છે, બંદૂકવાળા પોલીસો પણ તાલુકામાં આવ્યા છે. આવું દુર્લભ માન તમારા ભાગ્યમાં ક્યાં હતું?'

'તમને નિર્માલ્યને સરકારને ત્યાં કોણ ગણતું હતું? સરકારે તમને કેટલું મોટું માન આપ્યું?'

'કલેકટર સાહેબે પોતે આ ધીકતા તાપમાં બારડોલીની ભૂમિ પાવન કરી, એ તમારાં ધન્ય ભાગ્ય!'

'જિલ્લાના પોલીસ ખાતાના સુપરિન્ટેન્ડેન્ટ સાહેબ પણ આવા તાપમાં ભલે એક દિવસ પણ આવી ગયા એ કંઈ ઓછી વાત છે?'

'બ્રિટિશ સલ્તનતના ઈતિહાસમાં જેનો જટો નથી એવો આ તમારો સાલસ તાલુકો, જેમાં કોઈ પણ વખતે એક પણ નોટિસ મહેસૂલ-ઉઘરાણી માટે સરકારને કાઢવી પડી નથી, તેવા આ બારડોલી તાલુકામાં ત્રણ ત્રણ ખાસ જપ્તી અમલદારો સરકારે મોકલ્યા, તે શું અમારું ઓછું ગૌરવ છે?'

'તમારો માલ જપ્ત કરી ઊંચકી જવા સુરતથી ખાસ મોટર ને ખટારા મગાવવા પડ્યા, એ પણ શું તમારી ઓછી શોભો

છે?'

'જે અમલદારોને બિચારાને બેલગાડી પણ મળતી ન હતી, તેમને આજે મોટરમાં ફરવાની સગવડ તમારે પ્રતાપે મળી, એ પણ શું ઓછું માન છે?'



# ૭૧. સમજે તો ને?

એક વાર સ્વામી આનંદનો પત્ર યરવડા જેલમાં આવ્યો. એમાં સ્વામી આનંદે લખ્યું હતું :

'આ વખતે અમને રેઢિયાળ માણસોનો પનારો પડ્યો છે!'

મહાદેવભાઈએ આ વાક્ય વાંચીને સરદારને પૂછ્યું :

'આ શબ્દો કેમ છેકાયા નહીં હોય?'

સરદાર હસતાં હસતાં કહે :

'એ કાંઈ સમજે તો ને? 'રેઢિયાળ' એટલે કોણ સમજે અને 'પનારો' એ તો કોણ જાણે શુંયે હશે ?'

# ૭૨. નાખો ની!

ગાંધીજી કંઈ ને કંઈ પ્રયોગ કરતા જ હોય. યરવડા જેલમાં ગાંધીજી ખાવાની બધી વસ્તુમાં સોડા નાખવાનું કહેતા.

એટલે સરદારને તો મજાનો મજાકનો મસાલો મળી ગયો.

કંઈક અડચણ આવે અથવા કશી મૂંઝવણ ઊભી થાય, એટલે સરદાર હસતાં હસતાં ગાંધીજીને કહે :

'સોડા નાખો ની!'

એ સાંભળીને ગાંધીજી ખડખડાટ હસી પડતા.



# ૭૩. શું ગમે?

એક વાર ગાંધીજીએ એક સરકારી અમલદારને ધધડાવીને જવાબ લખ્યો.

એ વાંચીને સરદાર ખુશ થતાં કહે :

'આ મને ગમ્યું.'

એ સાંભળી ગાંધીજી હસતાં હસતાં કહે :

'વલ્લભભાઈ, મસાલેદાર હોય ત્યારે તમને ગમે, કેમ?'

# ૭૪. ખજૂર

ગાંધીજી માટે ખજૂર ધોવાનું કામ સરદારશ્રીએ માથે લીધું હતું.

સરદારે બાપુને પૂછ્યું :

'કેટલાં ખજૂર ધોઉં?'

ગાંધીજીએ કહ્યું :

'પંદર.'

ગાંધીજી થોડાં વધારે ખજૂર ખાય તો સારું, એ હિસાબે સરદાર કહે :

'પંદરમાં ને વીસમાં ફેર શું?'

એ સાંભળીને ગાંધીજી આંકડાની ગમ્મત કરતાં કહે :

'ત્યારે દશ, કારણ તમારે હિસાબે દશમાં અને પંદરમાં ફેર શું?'



# ૭૫. ગાંધીજી સાથે

સરદારે અમદાવાદમાં બેરિસ્ટરી શરૂ કરી, તે વખતે વિઠ્ઠલભાઈએ જાહેર કાર્યમાં ઝંપલાવી દીધું હતું. એટલે એમનો ખર્ચ પૂરો પાડવાનું સરદારે માથે ઉપાડી લીધું હતું.

સરદારશ્રી ઘણી વાર કહેતા :

'સ્વતંત્રતા જોઈતી હોય, તો આ દેશમાં સંન્યાસી જોઈએ, સ્વાર્થત્યાગ કરી સેવા કરવી જોઈએ.'

'માટે અમે બંને ભાઈઓએ નિશ્ચય કર્યો કે, બેમાંથી એકે દેશસેવા કરવી અને બીજાએ કુટુંબસેવા કરવી.'

'ત્યારથી મારા ભાઈએ પોતાનો ધીખતો ધંધો છોડી દેશસેવાનું કાર્ય કરવા માંડ્યું અને ઘર ચલાવવાનું મારે માથે પડ્યું.'

'આથી પુણ્યકામ તેમને નસીબે આવી પડ્યું અને મારે માથે પાપનું કામ આવી પડ્યું. પરંતુ તેમના પુણ્યમાં મારો હિસ્સો

છે એમ સમજી મન વાળતો.'

એ જ દિવસોમાં આપણા રાષ્ટ્રજીવનને નવો પલટો અપાવનાર મહાત્મા ગાંધીજીનું આપણા દેશમાં પુનરાગમન થઈ ચૂક્યું હતું.

દક્ષિણ આફ્રિકામાં સત્યાગ્રહની લડતમાં વિજય મેળવીને ગાંધીજી ૧૯૧૫માં દેશમાં આવ્યા.

ભારતસેવક ગોપાળ કૃષ્ણ ગોખલેજીએ ગાંધીજીને એક વાર દેશભ્રમણ કરી આવવાનું સૂચવ્યું. એમના આદેશને માન આપી ગાંધીજી એકલા દેશમાં બધે ફર્યા. પછી છેવટે અમદાવાદમાં કોચરબ મુકામે આશ્રમ સ્થાપીને તેઓ વસ્યા.

ઘણા વકીલો અને જાહેર ક્ષેત્રમાં કામ કરવાની ઈચ્છાવાળા માણસો કૌતુક અને જિજ્ઞાસાને કારણે ગાંધીજીના આશ્રમમાં વારંવાર જતા અને કાંઈ ને કાંઈ વાતો લાવી ગુજરાત ક્લબમાં સરદારને કરતા. ત્યારે સરદાર તો એ સૌને મશ્કરીમાં ઉડાવતા.

પરંતુ ધીમે ધીમે સરદાર ગાંધીજીના સમાગમમાં આવતા ગયા, તેમ તેમ એમને ગાંધીજી પ્રત્યે આકર્ષણ વધવા લાગ્યું.

સરદારને થયું : 'આ ગામડિયો જણાતો માણસ પ્રજાને અંગ્રેજ સત્તા સામે ભીખ માગવા જવાની સાફ ના પાડે છે. પણ પ્રજા તરીકેના પોતાના હક મેળવવાની શક્તિ કેળવવાનું કહે છે.'

સરદાર બરોબર સમજી ગયા કે, 'આ પુરુષ સત્ય વાત



કહે છે. તેમની પાસે દંભ નથી, આળપંપાળ નથી, સુફિયાણી વાતો નથી, પણ પ્રજાને શક્તિશાળી બનાવવાની વાત છે.'

પછી આગળ જતાં સરદાર ગાંધીજીના રંગે પૂરેપૂરા રંગાઈ ગયા.

# ૭૬. દીકરો

બોરસદની લડત પૂરી થઈ હતી. પછી સરદાર પોતાનાં વયોવૃદ્ધ માતુશ્રીને મળવા કરમસદ ગયા.

પચાસેક વર્ષના દીકરા વલ્લભભાઈ એંશીએક વર્ષનાં લાડબાને જોઈને બોલ્યા : 'કેમ બા!'

ડોશીમાની આંખે ઝાઝું દેખાતું ન હતું. તે બોલ્યાં : 'કોણ ભાઈ?... ભાઈ? આવો. છોકરાં સારાં છે?' કહી ડોશીમાએ દીકરાને આવકાર આપ્યો.

દીકરાએ ડોશીમાના સવાલના જવાબમાં કહ્યું : 'હા બા, સૌ સારાં છે.'

માજી કહે : 'ગાંધીજી છૂટી ગયા. બહુ સારું થયું. મને તો રોજ થયા કરતું કે, એમને કેવી રીતે છોડાવાય? કેવી રીતે છોડાવાય? પણ સરકારે છોડ્યા ખરા.'



સરદારે ટૂંકમાં જ કહ્યું : 'હા'

વિઠ્ઠલભાઈ વિશે માજીએ પૂછ્યું : '..... ભાઈ હમણાં ક્યાં છે?'

દીકરાએ જવાબ આપ્યો : 'દિલ્હીમાં સરકાર સાથે લડે છે. જનમથી તોફાની સ્વભાવ તે કાંઈ જાય?'

ડોશીમાએ હકારમા કે નકારમાં ડોકું ન ધુણાવ્યું. કંઈક અન્યાય થતો હોય એમ માનીને ચૂપ જ બેસી રહ્યા. પછી થોડીક વાર રહીને બોલ્યાં : 'અહીં રહેશો?'

દીકરાએ કહ્યું : 'ના, કાલે જવું છે.'

માજી કહે : જુઓને, બધાનું સારું થયું. અહીં પણ લોકોનું સારું થયું. ગાંધીજીયે છૂટ્યા. હવે ઘરમાંયે...

માજીનું વાક્ય પૂરું થાય તે પહેલાં દીકરાએ તે વાક્ય ઉપાડી લીધું :

'ઘરમાંયે સારું કરો. એટલે... બહેનને સારુ હવે તપાસ કરો, કેમ?'

માજી કહે : 'હાસ્તો, મારી હવે ભગવાન પાસે કશી માગણી નથી. એટલું એક કામ થઈ જાય એટલે થયું.'

દીકરો કહે : 'ભાગ્યમાં લખ્યું હશે તેમ થશે.'

ભાગ્યમાં લખેલું ન માનનાર દીકરાનો ઢોંગ ડોશીમા જોઈ શક્યાં. એટલે તરત જ બોલ્યાં :

‘તે તો થશેસ્તો. પણ આપણે કાંઈ દલાલ થયા વિના ચાલે એમ છે?’

દીકરા ચૂપ રહ્યા.

આ વિષય દીકરાને પસંદ નથી એમ સમજી ડોશીમાએ પાછી બીજી વાત કાઢી : ‘પેલા તમારી સાથે મોટી દાઢીવાળા ડોસા (અબ્બાસ સાહેબ તૈયબજી) આવતા હતા તે નથી આવ્યા?’

દીકરાએ કહ્યું : ‘ના, ઘેર રહ્યા છે.’

સરદારે ભાગ્યમાં લખેલું હશે એમ થશે, એવું બોલી તો નાખેલું, પણ એમનું મન તો વિચારે ચડ્યું હતું. તેઓ ડોશીમાના સવાલના જવાબ યાંત્રિક રીતે આપ્યે જતા હતા. મનમાં તો માએ પૂછેલી જ વસ્તુનો વિચાર કરી રહ્યા હતા.

ડોશીમા પાછાં બ્લોયાં : ‘..... બહેન તો આવીને ચાલી ગઈ. પણ... ભાઈ તો આ વેળા ઘણા દહાડા રહ્યો. આખો દિવસ કિલ્લોલ કર્યા કરે.’

આટલી પ્રસ્તાવના કરીને દીકરાનું મન પાછું પહેલી જ વાત સાંભળવાને માટે ડોશીમાએ તૈયાર કર્યું :

‘જાણે... ભાઈની તો કશી ચિંતા નથી.. પણ... બહેનની ચિંતા થયા કરે છે. ભગવાને મને આટલો વખત જિવાડી તે જાણે એ માટે જ નહીં હોય? ... બહેનને પરણાવીને પછી હું મરીશ એવું લાગે છે. એ વિના બીજી કશી તૃષ્ણા હવે રહી નથી.’



દીકરા ચૂપ જ રહ્યા.

એટલે ડોશીમાએ પાછી વાત બદલવાનો ડોળ કર્યો : ‘બંને નિશાળ જાય છે?’

સરદારે ટૂંકો જવાબ આપ્યો : ‘હા’

ડોશીમાએ બીજો સવાલ પૂછ્યો :

‘બંનેની પરીક્ષા ક્યારે છે?’

સરદાર મૂંઝાયા ! આસપાસ બેઠેલા સૌ હસવા લાગ્યા.

સરદારે તો મણિબહેન અને ડાહ્યાભાઈને ગાંધીજીની દેખભાળ હેઠળ આશ્રમમાં મૂક્યાં હતાં. ગાંધીજી જેવાના હાથમાં બાળકો હોય પછી સરદારને બાળકોની શી ચિંતા હોય?

પોતાનાં છોકરાં કઈ પરીક્ષામાં બેસવાનાં છે તેની સરદારને ખબર નથી, એ જાણીને ડોસીમાએ ટકોર કરી :

‘આખા મુલકની ખબર રાખો છો અને પોતાના છોકરાંની નહીં?’

સરદાર કહે : ‘છોકરા હવે મોટાં થયાં. પોતે પોતાનું સંભાળી લે.’

આખરે સૌ ઊઠ્યા. દીકરાએ કહ્યું :

‘ત્યારે ઊઠીએ છીએ, બા.’

એટલે ડોશીમા પોતાના મનમાં ક્યાની ઘોળાયા કરતી વાત પાછાં યાદ કરીને બોલ્યાં :

'... ભાઈને કહેજોની, તે ક્યાંક જોઈ રાખશે.'

સરદાર કહે : 'કેમ, એમને શા સારુ કહેવું?'

'તમે તો છોકરાં શું ભણે છે તેય જાણતા નથી, તો પછી દીકરીને માટે વર શી રીતે શોધવાના હતા?'

સૌ હસતાં હસતાં નીચે ઊતર્યાં.

ઘડીક પછી તો ડોશીમાના આ દીકરાને હજારોની સભા આગળ ભાષણ આપવાનું હતું.



## ૭૭. નાડપારખુ

સરદારશ્રી ૧૯૨૯માં મદ્રાસ ગયા હતા. ત્યાં તેમનાં તેજીલા ભાષણોથી લોકો મુગ્ધ બની ગયા હતા.

એક વૃદ્ધ ખેડૂત તો સરદારનાં ભાષણો ઉપર એવો આફરીન થઈ ગયો કે એમની સાથે જ પ્રવાસમાં ફરવા લાગ્યો.

'આજ સુધી અમારાં દુઃખો અને અમારી મુશ્કેલીઓ જાણનારો આવો કોઈ જોયો નથી અને અમને બધું બરાબર સમજાવી અમારામાં જાગૃતિ આણનાર પણ કોઈ આવ્યો નથી.'

એમ એ વૃદ્ધ ખેડૂત કહેતો જાય અને સરદારશ્રીનાં ભાષણો સાંભળી સાંભળીને ઘેલો થતો જાય.

પછી એ જ વરસમાં ડિસેમ્બર માસમાં સરદારશ્રી બિહારના પ્રવાસે ગયા હતા.

ગાંધીજીના પ્રથમ શિષ્ય તરીકે એમની પાછળ બિહારીઓ

ઘેલા થયા.

ચંપારણમાં જેમ ગાંધીજીએ ઉગાર્યા તેમ ગાંધીજીના આ શિષ્ય તે લોકોને બીજી આફતોમાંથી ઉગારશે, એવી શ્રદ્ધાથી હજારો કિસાનોનાં ટોળાં સરદારશ્રીને સાંભળવાં આવતાં.

બિહારના એક વયોવૃદ્ધ મુખ્ય કાર્યકર્તા બ્રિજકિશોરબાબુ માંદા હતા, છતાં પણ સરદારશ્રીનાં ભાષણો સાંભળવા જતા.

સરદારશ્રીનાં તીખાં અને જુસ્સાદાર ભાષણો સાંભળીને બ્રિજકિશોરબાબુ સરદારશ્રીને ભાવભર્યાં અભિનંદન આપતાં કહ્યું :

'અમારા ખેડૂતોને આ જ જોઈતું હતું. નિર્ભયતાનો મંત્ર તમે જે રીતે આપો છો, તે રીતે ભાગ્યે જ બીજા કોઈ આપી શકે. મને લાગે છે કે અમારી કિસાન આલમને સળગાવીને જ અહીંથી તમે જશો.'



# ૭૮. ધર્મઋણ

એક વાર સરદારશ્રી કોંગ્રેસ માટે ફાળો ઉઘરાવવા રંગૂન ગયા હતા.

તે વેળાએ જ્યારે તેઓ ચીનાઓની પાસે ફંડ ઉઘરાવવા જતા, ત્યારે ચીનાઓ તેમની ટીપમાં કશું લખાવતા નહીં. પરંતુ ઘરમાં જે કંઈ રૂપિયા હોય તેમાંથી યથાશક્તિ રકમ લાવીને હાથોહાથ આપી દેતા.

સરદાર માટે આ નવો અનુભવ હતો. બીજા લોકો તો ટીપમાં અમુક રકમ લખાવી દેતા અને પછીથી એટલી રકમ મોકલવાની બાંયધરી આપતા.

ચીનાઓનું આવું વર્તન જોઈને સરદારશ્રીએ એક ચીની ગૃહસ્થને એનું કારણ પૂછ્યું.

એ ચીની ગૃહસ્થે જવાબમાં કહ્યું :

'આ તો ધર્મઋણ કહેવાય. ટીપમાં આંકડો લખાવ્યા પછી તેટલા પૈસા પાસે ન હોય, તો જેટલા દિવસ એ આપતાં મોડું થાય તેટલા દિવસનું દેવું જ અમારા ઉપર ચડે. અને એ ધર્મઋણનું પાતક અમારા લોકોમાં આકરામાં આકરું ગણાય છે. માટે અમે ફંડફાળામાં જે કંઈ આપવાના હોઈએ તે તરતોતરત આપી દઈને એ ઋણમાંથી મુક્તિ અનુભવીએ છીએ.'



# ૭૯. મને ઓળખે છે

એકવાર પંજાબ, મહાવિદ્યાલયના પદવીદાન સમારંભ વખતે સરદારશ્રી એનું ઉદ્‌ઘાટન કરવા આવ્યા હતા.

તે વખતે એક વિદ્યાર્થીએ સરદારશ્રીની પાસે આવીને તેમને પ્રણામ કર્યા.

સરદારશ્રીએ એ વિદ્યાર્થીને આવકારતાં પૂછ્યું :

'કેમ, મજામાં છે ને?'

વિદ્યાર્થીએ કહ્યું : 'જી હા.'

થોડી વાર પછી સરદારશ્રીને તેમના એક સાથીએ પૂછ્યું :

'આપ પેલા વિદ્યાર્થીને ઓળખો છો ખરા?'

સરદારે કહ્યું : 'ના.'

પેલા સાથીએ જરા નવાઈ પામીને કહ્યું :

'આપે એની સાથે વાત તો એ રીતે કરી, જાણે આપ એને

પહેલેથી સારી પેઠે ઓળખતા હો!'

સરદાર હસતા હસતા બોલ્યા :

'હું ભલે એને ઓળખતો નહીં હોઉં, પણ તે તો મને ઓળખે છે ને?'



## ૮૦. જંગમાં ઝંપલાવ્યું

પછી તો ખેડા જિલ્લાની સત્યાગ્રહની લડત વેળાએ ગાંધીજીને વલ્લભભાઈનો પૂરેપૂરો પરિચય થયો. એ બેત્રણ માસના સહવાસથી વલ્લભભાઈને પણ ગાંધીજીની સત્યાગ્રહની કાર્યપ્રણાલી સમજાતી ગઈ અને તેમાં તેઓ પાવરધા થયા, શ્રદ્ધાવાન બન્યા.

ખેડા સત્યાગ્રહમાં વલ્લભભાઈએ પોતાનું હીર બતાવ્યું અને ત્યારથી તેમણે લોકહૃદયમાં સ્થાન મેળવી લીધું.

ખેડા સત્યાગ્રહ પછી સરદારની જાહેર પ્રવૃત્તિ વધતી જ ગઈ. રોલેટ સત્યાગ્રહ, વિદેશી કાપડની હોળી, નાગપુર ઝંડા સત્યાગ્રહ, ગુજરાત રેલસંકટ, અમદાવાદની મ્યુનિસિપાલિટીના મેયર, બારડોલી સત્યાગ્રહ, 'હિંદ છોડો' ની આખરી લડત વગેરે મહત્ત્વના દેશવ્યાપી બનાવોમાં સરદારશ્રીની પ્રતિભાનું પોત સોળે કળાએ પ્રકાશી ઊઠ્યું.

એમાં ૧૯૨૮ના બારડોલી સત્યાગ્રહ વેળાએ તો વલ્લભભાઈ અણનમ વીર યોદ્ધા તરીકે ઝળકી ઊઠ્યા. તેમની વીરવાણીએ નિર્બળમાં પણ પ્રાણસંચાર કર્યો. અહીં જ વલ્લભભાઈ 'સરદાર'નું માનવંતું બિરુદ પામ્યા. તેઓ ગુજરાતના જ નહીં પણ ભારતના સરદાર બન્યા.

આમ, સરદાર ગાંધીજી સાથે દેશની આઝાદીની ચળવળમાં તેમ જ અન્ય જાહેર પ્રવૃત્તિઓમાં લગભગ મોખરે જ રહેવા લાગ્યા. કેટલીય વાર જેલયાત્રા પણ ભોગવી આવ્યા. એ રીતે સ્વરાજ મળ્યું ત્યાં સુધી સરદારે સાચા સત્યાગ્રહી તરીકે ગાંધીજી સાથે કામ કર્યું.

'૪૨ની 'હિંદ છોડો' ની લડતમાં અંગ્રેજ સરકારે દેશના બધા જ નેતાઓને એકદમ ગિરફતાર કર્યા. ગાંધીજીને આગાખાન મહેલમાં અને સરદારશ્રીને અહમદનગરના કિલ્લામાં કેદમાં પૂર્યા.

સરદારને કેટલાય વખતથી આંતરડાની વ્યાધિ પીડા આપતી હતી જ. એ વ્યાધિ દિવસે દિવસે વધતી જતી હતી. પરંતુ સરદાર એને ગણકારતા નહીં.

પરંતુ ગાંધીજીને સરદારની તબિયતની ચિંતા રહ્યા કરતી. તેઓ સરદારને ઘણી વાર આરામ કરવાનું સૂચવતા.

પણ સરદારને આરામ લેવાનું જરાયે ગમતું નહીં.



છેવટે ગાંધીજીના ખૂબ આગ્રહને વશ થઈને ૧૯૪૨ના જાનેવારીના આખરમાં સુરત પાસે દરિયાકિનારે આવેલા હજીરા નામના સ્થળે હવાફેર કરવા માટે સરદાર ગયા.

હજીરામાં સરદાર લગભગ સવા મહિનો રહ્યા. એટલામાં તો દેશનો રાજદ્વારી મામલો એટલો બધો ઉગ્ર બની ગયો કે, એ એકાંત સ્થળ છોડ્યા વિના સરદારશ્રી આગળ બીજો છૂટકો જ ન રહ્યો.

સરદારે માર્ચની શરૂઆતમાં હજીરા છોડ્યું.

આ વાતની ગાંધીજીને જાણ થતાં તેમણે સરદારને પત્ર લખી જણાવ્યું :

'ગમે ત્યાં ફરો, પણ આરામના, સ્નાનના અને ખાવાના વખત સાચવજો. વાઈસરોય આ બધું સૂચવે છે, તો આપણે કેમ નહીં?'

પરંતુ સરદારે તો રખડવાનું ચાલુ જ રાખ્યું. એમાં બધી સગવડો શી રીતે સચવાય?

એટલે ગાંધીજીએ ફરીથી કાગળમાં ચેતવણી આપી : 'આંતરડાં હજી ઠેકાણે નથી પડતાં એમાં નવાઈ નથી. એને લાંબો આરામ જોઈએ જ.'

પરંતુ કર્મયોગી સરદારશ્રીની ફિલસૂફી જુદી જ હતી. તેઓ ઘણી વાર કહેતા :

'લાંબો વખત આરામ લઈને એકલું શરીર જ સાચવ

સાચવ કર્યા કરવું તેના કરતાં કામ કરતાં કરતાં થોડાં વરસ વહેલા મરી જવાય તો શું થઈ ગયું?'

'૪૨ની છેલ્લી જેલયાત્રામાં આંતરડાની આ જૂની બીમારીથી સરદાર બહુ પીડાયા અને છેક નંખાઈ ગયા.

બીમારીનો હુમલો દિવસો સુધી ચાલતો અને તે વખતે સરદારને અસહ્ય વેદના થતી. તેમનાથી સૂઈ પણ શકાતું નહીં! કલાકો સુધી બેસી રહેવું પડતું. કંઈ ખોરાક પણ લઈ શકાતો નહીં. માત્ર પાણી પીને રહેતા.

૧૯૪૩ના ઉનાળામાં એમનું વજન પંદર રતલ ઘટી ગયું. બીજી વાર વીસ રતલ ઘટી ગયું!

આમ છતાં અંગ્રેજ સરકારે સરદારને પોતાના ડોક્ટરને તબિયત બતાવવાની પરવાનગી ન જ આપી. વળી આ વખતે સરકાર વધારે કડક બની હતી. તબિયતને કારણે કોઈને પણ ન છોડવાનો તેણે મક્કમ નિરધાર કર્યો હતો.

તે વખતે ચાલી રહેલા બીજા વિશ્વયુદ્ધમાં ૧૯૪૫માં જર્મનીએ નમતું આપ્યું. છતાં જાપાન હજી રણમેદાનમાં હતું.

હિંદના લોકોનો યુદ્ધમાં સક્રિય સહકાર મળે તો યુદ્ધનો જલદી અંત આવે, એવા વિચારથી વાઈસરોયે જેલમાં પૂરેલા નેતાઓને ૧૯૪૫ની પંદરમી જૂને મુક્ત કર્યા અને બધા પક્ષોની પરિષદ ૨૫મી જૂને સિમલામાં બોલાવી.



# ૮૧. હેત ભરી રીતે

સરદારશ્રીના મોટાભાઈ વિઠ્ઠલભાઈ આમ તો બાહોશ બેરિસ્ટર હતા. તેમનામાં કમાવાની ભારે શક્તિ હતી. વલ્લભભાઈ પણ અમદાવાદમાં બેરિસ્ટરીમાં સારી પેઠે કમાતા હતા.

પરંતુ વિઠ્ઠલભાઈએ સેવાકાર્યમાં ઝંપલાવ્યું.

બંને ભાઈઓએ બરોબર સમજતા હતા કે, કમાવું અને સાથે સાથે સેવા કરવી એ હસતાં લોટ ફાકવા જેવી વાત છે.

એટલે વિઠ્ઠલભાઈના નિભાવના ખર્ચનો બધો બોજો વલ્લભભાઈએ ઉપાડી લીધો હતો.

આ બંને ભાઈઓ વચ્ચેનો સ્નેહભાવ તો ખરેખર રામલક્ષ્મણની જોડીનું સ્મરણ કરાવે એવો હતો.

નાના ભાઈ વલ્લભભાઈને ત્યાં વિઠ્ઠલભાઈ કોઈ કોઈ

વાર પ્રસંગોપાત અમદાવાદ આવતા.

તે વખતે વલ્લભભાઈ મોટાભાઈના બૂટ ની દોરી છોડી તેમના મુંબઈના ખર્ચ માટે તેમનું ખીસું રૂપિયાની નોટોથી ભરીને તેમને વિદાય આપે.

એક વાક્ય ઉચ્ચારવાનું નહીં, કોઈ પૂછવાનું નહીં, સરદાર કહે પણ નહીં કે આટલી રકમ ખીસામાં મુકેલી છે!



# ૮૨. વકીલાત

સરદારે વકીલાતની શરૂઆત ગોધરામાં કરી.

નડિયાદમાં મોટા મોટા વકીલોએ પોતાની સાથે રહીને વકીલાત કરવા એમને નોતરેલા. પરંતુ સરદારે સ્વતંત્ર રહેવાની ખાતર ગોધરાનું નાનકડું ક્ષેત્ર પસંદ કર્યું.

ગોધરા પસંદ કરવાનું એક બીજું કારણ એ પણ લાગે છે કે, વલ્લભભાઈના મોટભાઈ વિઠ્ઠલભાઈ ૧૮૯૫ માં વકીલ થયા પછી ગોધરામાં જ વકીલાત કરતા હતા અને થોડા વખત પહેલાં જ બોરસદ ગયા હતા. એટલે એમની ઓળખાણનો અને લાગવગનો લાભ મળે.

આમ તો વિઠ્ઠલભાઈએ પણ સરદારને પોતાની સાથે બોરસદ રહેવાનો જ આગ્રહ કર્યો હતો. પરંતુ બીજાની છાયા નીચે રહેવાથી માણસની પોતાની શક્તિ પૂરેપૂરી ખીલી શકતી

નથી, એ વિચારના હોવાથી સરદારે પોતાના જ પગ પર ઊભા રહેવાનો નિર્ણય કર્યો.

સરદાર ગોધરે ગયા ત્યારે એમની પાસે કાંઈ જ સાધન નહોતું. ઘર માંડવા માટે જોઈતાં વાસણકૂસણ અને બીજું રાચરચીલું પણ સસ્તું મળે માટે નડિયાદની ગુજરીમાંથી અને તેય દેવું કરીને ખરીદેલું.

આમ, સરદારે જીવનની શરૂઆત બહુ સંકોચથી કરી.

ગોધરાના નિવાસ વખતનું એક સ્મરણ નોંધવા જેવું છે.

સરદાર ગોધરા ગયા એ અરસામાં જ ત્યાં ખૂબ પ્લેગ ચાલ્યો.

પ્લેગમાં કોર્ટના નાજર જે સરદારના સ્નેહી હતા, તેનો દીકરો સપડાયો.

સરદાર એ છોકરાની સારવારમાં બરોબર લાગી ગયા પરંતુ દરદી બચ્યો નહીં !

દરદીને સ્મશાન મૂકી આવીને સરદાર પોતે પ્લેગમાં પટકાયા ! મોટી ગાંઠ નીકળી.

પરંતુ સરદાર એથી કાંઈ ઓછા ગભરાઈ જાય?

એ દિવસોમાં સરદારશ્રીના ધર્મપત્ની ઝવેરબા પણ સાથે હતાં. સરદાર ઝવેરબાની સાથે ગાડીમાં બેઠા.

આણંદ આવીને સરદારે ઝવેરબાને કહ્યું : 'તમે જાઓ



કરમસદ. હું નડિયાદ જાઉં છું. ત્યાં સાજો થઈ જઈશ.'

પ્લેગમાં સપડાયેલા પતિને એકલા છોડીને જવાની કઈ પત્નીની હિંમત ચાલે? પરંતુ સરદારશ્રીના આગ્રહને વશ થઈને ઝવેરબા કમને કરમસદ ગયાં.

પછી સરદાર નડિયાદમાં રહીને સાજા થઈ ગયા.

ગોધરામાં બે જ વર્ષ રહીને ૧૯૦૨માં સરદાર બોરસદ આવી ગયાં.

જલદી બોરસદ આવવાનું મુખ્ય કારણ એ હતું કે, બોરસદના સ્થાનિક અમલદારો સાથે વિઠ્ઠલભાઈને ભારે ખટપટ થયેલી. સરદારને આ વાતની ખબર પડી. પોતે બોરસદમાં હોય તો વિઠ્ઠલભાઈને મદદરૂપ થવાય એ હેતુથી સરદારે પોતાનો મુકામ એકદમ બોરસદ ફેરવ્યો.

બોરસદમાં સરદાર જુદું મકાન રાખીને રહેવા લાગ્યા. બહારનો બધો દેખાવ અને વહેવાર એવા રાખતા કે બધા સરકારી અમલદારો એણ માનવા લાગ્યા કે આ બે સગા ભાઈઓને બનતું જ નથી.

કોઈ કોઈ કેસમાં તો બેઉ ભાઈઓ સામસામા ઊભા રહેતા, ત્યારે લોકોને ખૂબ રસ પડતો. સરદારે થોડા જ વખતમાં સઘળા અમલદારો પર સારો પ્રભાવ પાડ્યો.

સરદાર પાસેના એક કેસમાં એક મામલતદાર બરાબર

ભેરવાયો હતો અને રેસિડેન્ટ મેજિસ્ટ્રેટ એનો મિત્ર હોઈ એને બચાવવા ઈચ્છતો હતો.

એટલે એ અમલદારને સરદારને શરણે ગયા વિના છૂટકો નહોતો.

પરંતુ સરદારે એ લોકોને સકંજામાં બરોબર સપડાવવા માટે પોતે આ કેસ હાથમાં લઈ શકે એમ નથી એવું જણાવ્યું.

એટલે એ અમલદારોએ વિઠ્ઠલભાઈની મદદ લેવી પડી.

વિઠ્ઠલભાઈ પણ સરદારની તરકીબ સમજી ગયા હતા. એટલે તેમણે એ લોકોની વાત અંગે વિચારવા વલ્લભભાઈ પર ભલામણ કરી આપી.

એટલે એ અમલદારોને પાછા વલ્લભભાઈની પાસે જવું પડ્યું.

સરદારે આ તકનો લાભ લઈને, વિઠ્ઠલભાઈની વિરુદ્ધ અમલદારો જે ખટપટ અને કાવતરાં કરતા હતા, એ બધી વાત એ લોકોની આગળ ખુલ્લી કરી અને વિઠ્ઠલભાઈનો વિરોધ ન કરવાનું અમલદારોને સમજાવ્યું. આમ વિઠ્ઠલભાઈ અને અમલદારો વચ્ચે મિત્રાચારી કરાવી. સાથે સાથે મામલતદાર ઉપર ઘેરાયેલું વાદળ પણ દૂર કરાવ્યું.

બોરસદમાં થોડા જ વખતમાં વકીલાતમાં સરદારની પ્રતિષ્ઠા ખૂબ જામી ગઈ અને કમાણી પણ સારી થવા માંડી.



થોડા જ વખતમાં સરદારની હાક વાગતી થઈ ગઈ હતી.

ઘણા ખરા ફોજદારી વકીલો મેજિસ્ટ્રેટનો મિજાજ સાચવીને તથા પોલીસ અધિકારીઓ સાથે દોસ્તી રાખીને પોતાનું કામ ચલાવતા હોય છે. પરંતુ સરદારની એ રીત નહોતી.

મેજિસ્ટ્રેટની કે પોલીસ અધિકારીઓની રજ પણ મુરવ્વત સરદાર રાખતા નહીં. પોતાના કેસની ઝીણામાં ઝીણી વિગતનો પાકો અભ્યાસ કરી, ફરિયાદ પક્ષના નબળા મુદ્દા શોધી કાઢી તેને ઉઘાડા પાડવામાં તથા ફરિયાદ પક્ષે ઊભા કરેલા સાક્ષીઓને ઊલટતપાસમાં તોડી પાડવામાં સરદારની ખૂબી રહેતી.

પ્રજાને ત્રાસ આપનારા પોલીસ અધિકારીઓને અને વકીલોનું અપમાન કરનારા તથા તેમને ધમકાવનાર ગોરા મેજિસ્ટ્રેટોને સરદાર પંશરાદોર રાખતા.

સરદાર જે કેસમાં વકીલ તરીકે આવે તેમાં કોર્ટને અને ફરિયાદ પક્ષના વકીલને બહુ સાવધ રહેવું પડતું.

# ૮૩. હેત

સરદારે વકીલાત કરતાં જોયું કે, ભારે કેસોમાં જ્યાં અસીલ પૈસાપાત્ર હોય ત્યાં એ સરદારને વકીલ કરે, તોપણ એના મનમાં અધીરાઈ રહે. તેથી તે અમદાવાદથી બેરિસ્ટર લઈ આવે.

મેજિસ્ટ્રેટોની સામે રોફબંદ બોલીને અને ધમપછાડા કરીને પોતાની હોંશિયારી દેખાડનારા બેત્રણ બેરિસ્ટરો ખેડા જિલ્લામાં સારા જામી ગયા હતા. તેઓ સરદાર કરતાં વધારે ફી લેતા.

સરદાર જોતા કે, એ બેરિસ્ટરો કેસ ચલાવવાની આવડત-હોંશિયારીમાં તો પોતાની તોલે જરાયે આવે એવા નહોતા. છતાં એવા બેરિસ્ટરોને વધારે ફી મળે અને એમના જ મદદનીશ તરીકે સરદારને માથાના ઘા જેવી લાગતી હતી.

પોતે જ જો બેરિસ્ટર થઈ આવે, તો આ બધા બેરિસ્ટરોને ક્યાંય આંટી દે એની સરદારને ખાતરી હતી.



આ બાબતને ખ્યાલમાં રાખીને સરદારે વકીલાત કરતાં કરતાં વિલાયત જઈ બેરિસ્ટર થવા જેટલી રકમ એકઠી કરવા માંડી.

એટલી રકમ ભેગી થઈ, એટલે સરદારે કોઈને પણ જાણ કર્યા વિના વિલાયત જવા સ્ટીમર વગેરેની બધી ગોઠવણ પણ કરવા માંડી.

બધું નક્કી થયાનો છેલ્લો જે જવાબ આવ્યો, તે 'વી. જે. પટેલ' ને નામે હતો.

હવે સરદારના મોટાભાઈ વિઠ્ઠલભાઈનું પણ અંગ્રેજીમાં ટૂંકું નામ 'વી. જે. પટેલ' જ થાય!

એટલે 'વી. જે. પટેલ' એ નામનો સરદારનો પત્ર અકસ્માત વિઠ્ઠલભાઈના હાથમાં આવ્યો! વિઠ્ઠલભાઈએ એ પોતાની ઉપરનો પત્ર સમજીને ફોડીને વાંચ્યો.

પત્ર વાંચ્યા પછી વિઠ્ઠલભાઈએ સરદારને કહ્યું :

'હું તમારાથી મોટો છું, માટે મને પહેલાં વિલાયત જવા દો. મારા આવ્યા પછી તમને જવાની તક મળશે. પણ તમારા આવ્યા પછી મારાથી નહીં જવાય.'

વિઠ્ઠલભાઈની આ વાત સરદારે તરત જ માન્ય રાખી. એ ઉપરાંત એમનું વિલાયતનું ખર્ચ મોકલવાનું પણ માથે લીધું.

એટલે વિઠ્ઠલભાઈ વિલાયત જવા તૈયાર થયા. પરંતુ તે

વખતે બંને ભાઈઓએ એ વાત ઘરમાં કોઈને કરી ન હતી.

વિઠ્ઠલભાઈને મૂકીને સરદાર મુંબઈથી બોરસદ પાછા આવ્યા, ત્યારે બધાને એ વાતની જાણ થઈ.

એટલે વિઠ્ઠલભાઈનાં ધર્મપત્ની દિવાળીબાએ તો ખૂબ જ કંકાસ માંડ્યો!

પરંતુ સરદારે એ તરફ ધ્યાન ન આપ્યું.

અત્યાર સુધી બોરસદમાં બંને ભાઈઓ જુદા રહેતા હતા. પણ વિઠ્ઠલભાઈ વિલાયત ગયા, એટલે સરદારે ભાભીને પોતાને ત્યાં રહેવા બોલાવ્યાં. ભાભીનાં ભાઈભાભી પણ વિઠ્ઠલભાઈને ત્યાં રહેતાં હતાં. તેમને પણ સરદારે પોતાને ઘેર રાખ્યાં.

દિવાળીબાએ તો માનતા માનવા માંડી, બાધા-આખડીઓ કરવા માંડી અને બ્રાહ્મણોને જમાડવા માંડ્યા. એવું એવું કેટલુંય ખોટું ખર્ચ કરવા માંડ્યું.

સરદારે એ બધું જરા પણ કચવાયા વિના શાંતિથી સહન કર્યું.

પરંતુ દેરાણી-જેઠાણીને રોજ ઝઘડા થવા લાગ્યા અને ઘરમાં જબરો કલેશ પેઠો!

મોટાભાઈ પરદેશ ગયા હતા. તેથી સરદારે ભાભીને કશું ન કહેતાં પોતાનાં ધર્મપત્ની ઝવેરબાને પિયર મોકલી દીધાં. વિઠ્ઠલભાઈ વિલાયતથી પાછા આવ્યા, ત્યાં સુધી બેએક વરસ



ઝવેરબા પિયર જ રહ્યા.

આમ, સરદારને માથે ઘરનું ખર્ચ વધ્યું, દર મહિને વિલાયત રકમ મોકલવાનું ખર્ચ પણ ઉમેરાયું. વધારામાં ઝવેરબાને પિયર રાખવાં પડ્યાં. પરંતુ સરદારે એ વિશે કોઈની આગળ વરાળ સરખી કાઢી નહીં.

## ૮૪. આફત

સરદાર બોરસદમાં વકીલાત કરતા હતા, ત્યારે મણિબહેનનો જન્મ ૧૯૦૪ના એપ્રિલ માસમાં અને ડાહ્યાભાઈનો જન્મ ૧૯૦૫ના નવેમ્બરમાં થયેલો. બંને એમના મોસાળ ગાનામાં જન્મેલાં.

વિઠ્ઠલભાઈ ૧૯૦૮ના મધ્યમાં બેરિસ્ટર થઈ પાછા દેશમાં આવ્યા. તેમણે મુંબઈમાં વકીલાત શરૂ કરી.

એવામાં ઝવેરબા માંદા પડ્યાં. તેમને આંતરડાનો વ્યાધિ હતો. એટલે વિઠ્ઠલભાઈ ૧૯૦૮ની આખરમાં તેમને ઉપચાર કરવા મુંબઈ લઈ ગયા.

ઝવેરબાને ઓપરેશન કરવાની જરૂર જણાતાં તેમને હોસ્પિટલમાં દાખલ કર્યાં.

તે વખતે સરદરા મુંબઈ ગયેલા. પરંતુ હોસ્પિટલના દાકતરે



જણાવ્યું : 'બીજી રીતે તબિયત કાંઈક સુધરે, એટલે પંદરેક દિવસ પછી ઓપરેશન કરી શકાશે.'

તે દિવસોમાં સરદારના હાથમાં એક ખૂનનો અગત્યનો કેસ હતો. એટલે તેમણે દાક્તરને કહ્યું, 'ઓપરેશન કરવાનું નક્કી થાય ત્યારે મને બોલાવજો.'

એમ કહીને સરદાર આણંદ ગયા.

પરંતુ એ અરસામાં દાક્તરનો વિચાર ફર્યો. એકદમ ઓપરેશન કરવાની જરૂર જણાઈ. એટલે દાક્તરે સરદારને ખબર આપ્યા વિના વહેલું ઓપરેશન કરી નાખ્યું.

ઓપરેશન થઈ ગયા પછી સરદારને તાર મળ્યો કે, 'ઓપરેશન સફળ થયું છે.'

પરંતુ બીજે જ દિવસે ઝવેરબાની સ્થિતિ બગડી અને સરદાર કોર્ટમાં કેસ ચલાવતા હતા, ત્યાં ઝવેરબા ગુજરી ગયાના કારમા સમાચારનો તાર આવ્યો!

સરદારને માટે આ પ્રસંગ અતિશય દુઃખનો અને સાથોસાથ ધર્મસંકટનો હતો.

હાથ ઉપર ખૂનનો કેસ હતો. આરોપી પ્રતિષ્ઠિત માણસ હતો. મહત્ત્વના સાક્ષીની સરદાર ઊલટતપાસ ચલાવી રહ્યા હતા. તે જ દિવસે એ કાળજીપૂર્વક પૂરી ન થાય, તો કેસ કથળી જાય અને આરોપીને જીવનું જોખમ આવી પડે. કારણ ફાંસીની સજા

થવાનો સંભવ હતો.

એટલે સરદારે આવો દુઃખદ તાર મળ્યો છતાં અતિશય દૃઢતા રાખી, કાળજું કઠણ કરી કામ પૂરું કર્યું.

સાંજે કોર્ટનું કામ પૂરું થયું પછી સરદારે તારના દુઃખદ સમાચાર બીજા બધાને આપ્યા.

ઈ.સ. ૧૯૦૯ના પહેલા માસમાં ઝવેરબાએ દેહ છોડ્યો.

થોડા દિવસ પછી બીજી અણધારી આફત ઊતરી આવી. દિવાળીબા એકાએક માંદા પડી ગયાં.

વલ્લભભાઈએ એમને બોરસદ બોલાવી પોતાને ઘેર રાખ્યાં. સારવાર બરોબર કરવામાં આવી. પરંતુ ૧૯૧૦ના આરંભમાં દિવાળી બા પણ અવસાન પામ્યાં!



# ૮૫. ઘરમાં પગ ન મૂક્યો

સને ૧૯૧૪માં વલ્લભભાઈ-વિઠ્ઠલભાઈના પિતાશ્રી ઝવેરબાપાનું અવસાન થયું.

ભાઈઓમાં સૌથી મોટાભાઈ નરસિંહભાઈ હતા. તેમણે જ્ઞાતિજમણ કરવાનું વિચાર્યું.

પરંતુ વલ્લભભાઈ અને વિઠ્ઠલભાઈ એ બંને ભાઈઓ જ્ઞાતિના આવા ખોટા ખરચા કરાવનારા કુરિવાજોમાં માનતા નહોતા.

એટલે આ બંને ભાઈઓએ મોટાભાઈ નરસિંહભાઈને બારમું કરવામાં એ રકમ વાપરવાને બદલે સામાજિક ઉદ્ધારના કામમાં વાપરવા સમજાવવા પ્રયત્ન કર્યો.

રૂઢિચુસ્ત નરસિંહભાઈ એ વાત માને એવા નહોતા. તેમણે આ બંને ભાઈઓને સાફ સંભળાવી દીધું :

'જો તમે બંને જણા આ પ્રસંગમાં ભાગ નહીં લો અને એ ખર્ચમાં તમારો હિસ્સો નહીં આપો, તો બાપીકી મિલકત પરનો તમારો સઘળો હકદાવો જતો કરવો પડશે. તમને એમાંથી એક પાઈ સુધ્ધાં નહીં મળે, એ યાદ રાખજો.'

વલ્લભભાઈ-વિઠ્ઠલભાઈ એ હક ખુશીથી જતો કર્યો, પરંતુ પોતાના પિતાના બારમામાં હાજર ન જ રહ્યા.

ત્યાર પછી આ બંને ભાઈઓને કરમસદ જવાનું કોઈ વાર થતું ખરું, પરંતુ તેઓએ બાપીકા ઘરમાં પગ સરખો મૂક્યો નહીં.



# ૮૬. ખોટું પાડ્યું

સરદારશ્રી જયપુરમાં કોંગ્રેસ અધિવેશનમાં હાજરી આપવા એક દિવસ જીપગાડીમાં બેસીને જતા હતા.

સરદારશ્રી આગલી બેઠક પર બેઠા હતા. તેમનાં સુપુત્રી મણિબહેન પાછળની બેઠકમાં બેઠાં હતાં.

જીપગાડી 'નેતા-શિબિર'ના પ્રવેશદ્વાર પાસે આવીને ઊભી રહી.

સરદારશ્રી ધીમેથી ઊતરવા લાગ્યા.

તેમણે એક પગ જમીન પર મૂક્યો અને બીજો પગ હજી મોટરમાં જ હતો.

એવામાં ડ્રાઈવરે માન્યું કે, સરદારશ્રી મોટરમાંથી નીચે ઊતરી ગયા છે.

એટલે તેમણે જીપગાડી ચાલુ કરી દીધી!

જીપગાડી ચાલતાં જ સરદારશ્રી જમીન પર ગબડી પડ્યા!

એમને થોડું વાગ્યું પણ ખરું.

તરત જ ‘નેતા-શિબિર’ પાસે ઊભેલા લોકો દોડી આવ્યા અને સરદારશ્રીને મદદ કરવા લાગ્યા.

શીખ ડ્રાઈવર ગાડીને એકદમ ઊભી રાખીને ત્યાં દોડી આવ્યો. તે બિચારો ધ્રૂજી રહ્યો હતો અને બીકને લીધે તેનું મોં પણ પડી ગયું હતું. તેને થયું કે, સરદારશ્રી તેના ઉપર જરૂર ખૂબ ગુસ્સે થઈ જશે.

સરદારશ્રી ધીમેથી ઊઠ્યા.

પરંતુ તેમના મુખ ઉપર ગભરામણ કે ગુસ્સાનું ચિહ્ન ન હતું. તેઓ સ્વસ્થ હતા.

આસપાસના લોકોના મનમાં પણ થતું હતું કે, સરદારશ્રી ડ્રાઈવરને ઠપકો આપ્યા વિના રહેશે નહીં.

પરંતુ સરદારશ્રી તો ડ્રાઈવરને કે કોઈને કશું પણ કહ્યા વિના મણિબહેનની સાથે શાંતિથી શિબિર તરફ ચાલવા લાગ્યા!



# ૮૭. જનસેવા

ઓરિસ્સામાં એક સાધનસંપન્ન અને જમીનદાર માણસ કોંગ્રેસ ઉમેદવાર તરીકે ઊભા રહ્યા હતા. તેમણે સરદારશ્રીની સલાહ માગી.

સરદારશ્રીએ એમને સ્પષ્ટ અને નિખાલસ સલાહ આપતાં કહ્યું :

‘આપણા લોકોને આપણી બધી જ સહાનુભૂતિની જરૂર છે. આપણાથી બની શકે એ તમામ સેવાઓ આપણે તેઓને આપવી જોઈએ.’

‘તમે એક મોટા જમીનદાર છો, એ ભૂલી જજો. તમે એક ઉચ્ચ પ્રતિષ્ઠિત વ્યક્તિ છો, એ ભૂત પણ તમારા મનમાંથી કાઢી નાખજો.’

‘જો તમારે લોકોની સેવા જ કરવી હોય, તો તમે એમનામાંના એક છો એવા બનવાનો પ્રયત્ન કરો અને તેમના સ્તરે રહીને વાત કરવાનું શીખો.’

# ૮૮. પિતાની શિખામણ

એક વાર સરદારશ્રીના પુત્ર ડાહ્યાભાઈને સરદારશ્રીએ સ્વભાવ સુધારવાની શિખામણ આપતો એક પત્ર લખ્યો હતો. એ પત્ર હરકોઈ યુવાને હૃદયમાં કોતરી રાખવા જેવો છે.

ડાહ્યાભાઈ તે વખતે ટાઈફોઈડની બિમારીમાંથી તાજા જ ઊઠ્યા હતા. એટલે એક વત્સલ પિતાને શોભે એવી કુમાશ પણ એ પત્રમાં તરી આવે છે.

સરદારશ્રીએ લખ્યું હતું :

'એકબે વાતો ઉપર લખવાનો વિચાર હતો, પણ તમે પથારીવશ હતા, એટલે લખતો નહોતો.'

'હવે કંઈ ઠીક થયું છે, એટલે લખું છું. એથી તમારે દુઃખ ન લગાડવું જોઈએ. પણ હું લખું એ વાત પર બરોબર વિચાર કરી ભૂલ થતી હોય, તો સુધારવા પ્રયત્ન કરવો જોઈએ.'

'તમે ઓફિસમાં કાગળો લખો છો, તેમાં ભાષા ઉગ્ર અને સામાને માઠું લાગે તેવી હોય છે. ઓફિસમાં કોઈની સાથે આપણી



જબાનથી કે કલમથી વિરોધ થાય અગર કોઈને દુઃખ લાગે એ સારું ન જ ગણાય.'

'એથી ભવિષ્યની ઉન્નતિમાં વાંધો આવે, એટલું જ નહીં પણ એથી તો આપણી આબરૂ બગડે. વખતે આપણા મોઢા કોઈને કહે, પણ તેથી શું?'

'ખરું જોતાં આપણાથી નાના માણસો હોય તેની સાથે મીઠાશથી કામ લેવું જોઈએ. આપણા સાથીઓ અને ઉપરીઓની સાથે પણ યોગ્ય મર્યાદામાં રહી યોગ્ય વર્તન રાખવું જોઈએ.'

'તમારા ઘરમાલિકે ઘર ખાલી કરાવવા તમારી ઉપર દાવો કર્યો એ આપણને ન શોભે. તમારો સ્વભાવ એવો નથી, છતાં આમ કેમ થવા પામે છે એ મારી સમજમાં નથી આવતું. મેં તો કોઈ વખત તમને કહ્યું નથી.'

'હું તો માનતો જ હતો કે, તમે સૌનો પ્રેમ સંપાદન કર્યો છે. તેથી હું બહુ રાજી થતો હતો.'

'આ વાતો સાંભળી મને જરા નવાઈ લાગી, એટલે તમે મંદવાડમાંથી હજી ઉઠ્યા નથી છતાં લખું છું. કારણ જો તમારી શાખ આવી પડી જાય, તો આપણી આબરૂને નુકસાન લાગે અને પસ્તાવું પડે.'

'કોઈની સાથે બોલી બગાડવામાં ફાયદો ન હોય. આપણે કરવું હોય તે કરીએ. પણ આપણી સ્વતંત્રતાનો અર્થ એ નથી કે

બીજાનો તિરસ્કાર કરીએ.'

'ગૃહસ્થનું એ ભૂષણ ન ગણાય. તેથી આપણા સ્નેહીઓને પણ મૂંઝવણ થાય. એ વિશે વિચાર કરી જ્યાં જ્યાં ભૂલ થતી હોય ત્યાં ત્યાં સુધારજો.'

'કોઈને માઠું લાગવા જેવું લખ્યું હોય તો તેની માફી માગી તેની સાથે ભળી જજો અને તેનો પ્રેમ સંપાદન કરજો. કોઈની સાથે દુશ્મનાવટ ન કરજો. મને ખુલ્લા દિલથી લખજો. કશું દુઃખ ન લગાડશો.'

'મારો સ્વભાવ પણ એક વખત કડક હતો. પણ મને એ વિશે ખૂબ પસ્તાવો થયેલો છે. અનુભવથી તમને લખું છું.'

ડાહ્યાભાઈએ આ પત્રના બધા ખુલાસા આપ્યા.

એટલે સરદારશ્રીએ વત્સલતાભરી મીઠાશથી લખ્યું :

'મને તો ખબર મળી એ તમને લખેલી હતી. આપણા સ્નેહીઓ આપણો દોષ બતાવે, તો તેનું દુઃખ ન લગાડવું જોઈએ. તેનું દૃષ્ટિબિંદુ સમજવા પ્રયત્ન કરીએ, તેથી આપણને હંમેશાં લાભ થાય છે.'

'કોઈ આપણા ઉપર ઈર્ષાથી આરોપ મૂકતો હોય, તો આપણને દુઃખ લાગે એમ બને. પણ તમારા સ્નેહીઓને જે લાગે તે એ મને જણાવે તેમાં તો ઈર્ષ્યા ન હોય. તેમના વિચારમાં દોષ ન હોય, તો તેમને સમજવાનો પ્રયત્ન કરવો જોઈએ.'



## ૮૯. સ્વમાન

સરદારશ્રી '૩૩ની સાલમાં નાશિક જેલમાં હતા. તે વખતે યુરોપમાં વિયેના મુકામે તેમના મોટાભાઈ વિઠ્ઠલભાઈ પટેલનું તા. ૨૨-૧૦-'૩૩ ને રોજ અવસાન થયું.

એટલે તેમના અવસાન નિમિત્તે સરદારશ્રી પર દિલસોજી બતાવનારા ઘણા તારો અને કાગળો આવ્યા.

જેલમાંથી એ બધાને જવાબ આપી શકાય નહીં. તેથી સરદારે નીચેના સંદેશો વર્તમાનપત્રોમાં છાપવા માટે સરકાર ઉપર મોકલી આપ્યો :

'મારી ઉપર વિઠ્ઠલભાઈના અવસાન બદલ દિલસોજી અને લાગણી બતાવનારા ઘણાબધા કાગળો (દેશના જુદા જુદા ભાગોમાંથી, બ્રહ્મદેશ અને લંકાથી પણ) આવ્યા છે તે બધાને (અહીંથી) વ્યક્તિગત જવાબ આપવાનું મારે માટે શક્ય નથી.

તેથી મારા પ્રત્યે જેઓએ દિલસોજી બતાવી છે તેમનો (જાહેર રીતે) આભાર માનવાની આ તક હું લઉં છું. (મારા દુઃખમાં લાખો માણસો ભાગ લેનારા છે એના કરતાં વધારે મોટું આશ્વાસન મને બીજું શું હોઈ શકે?)'

આ સંદેશામાંથી કૌંસમાં મૂકેલા શબ્દો કાઢી નાખીને સંદેશો છાપવો હોય તો છપાવી શકાશે એમ સરકાર તરફથી રાજદ્વારી કેદી સરદારશ્રીને જણાવવામાં આવ્યું.

સરદારે તેએના જવાબમાં જણાવ્યું :

'મારા આવા નિર્દોષ સંદેશામાં કાપકૂપ મૂકવાથી તે અચોક્કસ, બુઠ્ઠો અને અર્થહીન થઈ જાય છે. એટલે એ ન છપાવવાનો હું નિર્ણય કરું છું.'

પછી તા. ૯-૧૧-'૩૩ના રોજ સ્વ. વિઠ્ઠલભાઈનું શબ વિયેનાથી મુંબઈ લાવવામાં આવ્યું. વિઠ્ઠલભાઈની અંતિમ ક્રિયા સરદારને હાથે થાય એમ સૌની ઈચ્છા હતી. તેથી કેટલાક મિત્રોએ સરકારમાં લખાણ કરીને સરદારને પેરોલ પર છોડવાની વિનંતી કરી.

સરકારે નીચેની શરતે સરદારને છોડવાની તૈયારી બતાવીઃ

'૧. તમે શ્રી વિઠ્ઠલભાઈની અંતિમ ક્રિયા કરી શકો એ માટે જેટલો વખત આવશ્યક હોય તેટલા વખતને માટે તમને છોડવામાં આવશે. પણ તમારે એવી બાંયધરી આપવી પડશે કે, તમે બહાર રહો તે દરમિયાન તમે કોઈ રાજદ્વારી ભાષણ કરશો નહીં તેમ જ કોઈ રાજદ્વારી પ્રવૃત્તિમાં ભાગ લેશો નહીં. ક્રિયા થઈ ગયા પછી નક્કી કરેલે સ્થલે અને સમયે તમે હાજર થઈ જશો જેથી તમને ફરી પકડવામાં આવે.'



'૨. તમને તા. ૯ મી ને ગુરુવારે સવારે નાશિક જેલમાંથી છોડવામાં આવશે.'

'૩. તા. ૧૧ મી ને શનિવારે મુંબઈથી નાશિક માટે સવારે ૭.૧૫ વાગ્યે ઊપડતી ટ્રેનમાં બેસીને તમારે નાશિક આવવું જોઈશે. એ ટ્રેન ૧૦.૫૭ વાગ્યે નાશિક પહોંચે છે. તે વખતે સ્ટેશન ઉપર એક પોલીસ અમલદાર હાજર હશે. ટ્રેનમાંથી ઊતરીને તમારે એને હવાલે થઈ જવું જોઈશે.'

સરદારશ્રીએ એના જવાબમાં જણાવ્યું :

'આવી કોઈ શરતે હું બહાર જવા ઈચ્છતો નથી. તમારે મને છોડવો હોય તો બિનશરતે છોડો, અને જ્યારે ફરી પકડવો હોય ત્યારે હું જ્યાં હોઉં ત્યાંથી મને પકડી શકો છો. પણ હું મારી મેળે પોલીસને હવાલે થવા જવાનો નથી. આ પ્રસંગે બહાર મારી ઘણી જરૂર છે એ હું જાણું છું, પણ આબરૂ અથવા સ્વમાનને ભોગે મારે બહાર જવાનું નથી.'

અને સરદારશ્રી પોતાના વહાલા વડીલ ભાઈની અંતિમ ક્રિયા વેળાએ હાજર ન રહ્યા!

# ૯૦. નિઃસ્વાર્થ વલણ

સરદારશ્રીના મોટાભાઈ વિઠ્ઠલભાઈ યુરોપમાં આવેલા સ્વિટ્ઝર્લૅન્ડ દેશના વિયેના નામના મોટા શહેરમાં ઉપચાર માટે ગયા હતા. ત્યાં તેમનું તા. ૨૨-૧૦-'૩૩ ને રોજ અવસાન થયું!

વલ્લભભાઈની માફક વિઠ્ઠલભાઈ પણ આપણા દેશના મહાન દેશભક્ત હતા.

વિઠ્ઠલભાઈએ મરતાં અગાઉ વિયેનામાં પોતાનું વસિયતનામું કરેલું.

એ વસિયતનામામાં એવું લખાણ કર્યું હતું કે, પોતાનાં સગાંસંબંધીઓમાંથી પોતાની સેવાચાકરી કરનારને અમુક રકમો બક્ષિસ તરીકે આપી દીધા પછી બાકીની બધી રકમ દેશની રાષ્ટ્રીય ઉન્નતિ માટે, ખાસ કરીને પરદેશમાં પ્રચારકાર્ય કરવા માટે શ્રી



સુભાષચંદ્ર બોઝને સોંપવી.

સુભાષચંદ્ર બોઝ પણ આપણા દેશના એક જાણીતા નેતા થઈ ગયા છે.

એ વસિયતનામાની એ કલમના શબ્દો નીચે પ્રમાણે હતાઃ

'ઉપર જણાવેલ ચાર બક્ષિસો આપી દીધા પછી મારી મિલકતમાંથી જે કાંઈ રકમ બાકી રહે તે શ્રી સુભાષચંદ્ર બોઝ (જાનકીનાત બોઝના દીકરા) ઠેકાણં ૧, વુડબર્ન પાર્ક, કલકત્તા, તેમને સોંપી દેવી.'

'મજકૂર શ્રી સુભાષચંદ્ર બોઝે એ રકમ જાતે, અથવા પોતે એક અથવા વધારે માણસોને નીમે તેમણે, એમની સૂચના મુજબ, હિંદુસ્તાનની રાજકીય ઉન્નતિ અર્થે અને વધારે સારું તો બીજા દેશોમાં હિંદુસ્તાનના કાર્યોના પ્રચાર કરવા માટે ખર્ચવાની છે.'

આ વસિયતનામાનો અમલ કરવા માટે ડો. પી. ટી. પટેલ તથા શ્રી ગોરધનભાઈ ઈ. પટેલને વહીવટકર્તા નીમ્યા હતા. થોડા વખતમાં ડો. પી.ટી.પટેલ ગુજરી ગયા. એટલે એ વસિયતનામાના એકમાત્ર વહીવટકર્તા ગોરધનભાઈ પટેલ રહ્યા.

સુભાષબાબુએ આ વસિયતનામાનો યોગ્ય અમલ કરવામાં ઘણી અડચણો નાખી. ઘણા વખત સુધી તો અસલ વસિયતનામું જ ગોરધનભાઈને તેમણે આપ્યું નહીં.

બહુ વખતે જ્યારે સોંપ્યું, ત્યારે તેમણે એવો દાવો કર્યો કે,

'આ વસિયતનામા પ્રમાણે મને જણાવેલી રકમ કુલમુખત્યારથી સોંપી દીધેલી છે. મારે તે અમુક રીતે જ વાપરવી એવી જે શરત એમાં લખેલી છે તે કાયદા પ્રમાણે મને બંધનકર્તા થતી નથી.'

શરૂઆતમાં તો આ બાબતમાં સરદારશ્રીએ બહુ નિઃસ્પૃહ અને તટસ્થવૃત્તિ રાખી હતી.

પરંતુ નાણાંનો ઉપયોગ કઈ રીતે કરવો એ બાબતમાં સુભાષબાબુએ ગાળા ચાવવા માંડ્યા, એટલે સરદારને એ ઠીક ન લાગ્યું.

વળી જે રીતે આ વસિયતનામા ઉપર વિઠ્ઠલભાઈની સહી લેવામાં આવી હતી, તેથી પણ સરદારને એ વિશે શંકાઓ ઊભી થવા માંડી હતી.

વિઠ્ઠલભાઈ જે દિવસે ગુજરી ગયા, તે જ દિવસે વસિયતનામું થયેલું હતું. એમની એટલી ગંભીર બીમારી છતાં વસિયતનામા ઉપર તેમની સારવાર કરનારા દાક્તરોની સાક્ષી ન હતી.

ત્રણે સાક્ષીઓ બંગાળી હતા, અને તેમાં બે તો કેવળ વિદ્યાર્થીઓ હતા.

તે વખતે શ્રી ભૂલાભાઈ દેસાઈ, શ્રી વાલચંદ હીરાચંદ, શ્રી અંબાલાલ સારાભાઈ જેવા મહાનુભાવો સ્વિટ્ઝર્લેન્ડમાં જ



હતા. એટલે પ્રયત્ન કરવામાં આવ્યો હોત, તો તેઓને અંત સમયે હાજર રાખી શકાયા હોત અને વસિયતનામા ઉપર તેઓની સાક્ષી લઈ શકાઈ હોત.

પરંતુ આ બાબતમાં વલ્લભભાઈએ જે વલણ લીધું, એ તેમની ઉદાર અને નિઃસ્વાર્થ ભાવનાનું દર્શન કરાવે એવું છે.

વસિયતનામાના ખરાપણા વિશે તકરાર ઉઠાવીને સરદારને એ મોટી રકમ વિઠ્ઠલભાઈના વારસો માટે એટલે કે પોતાનાં કુટુંબીજનો માટે જોઈતી ન હતી.

એટલે સરદારે તો પોતાનાં કુટુંબીઓમાંથી જેમનો જેમનો વારસાહક પહોંચતો હતો, તે બધાંની સહીઓ મેળવી લીધે કે,

'વિઠ્ઠલભાઈના વસિયતનામામાં જે રકમ દેશકાર્ય માટે વાપરવાની કહી છે, તેમાંથી અમારે એક પાઈ પણ જોઈતી નથી.'

આ પ્રકારની ચોખવટ અને ચોકસાઈ કરીને સરદારશ્રીએ ગાંધીજીને કહ્યું :

'તમે વચ્ચે પડો અને સુભાષબાબુને સમજાવો કે આ નાણાં કોંગ્રેસના નેતાઓ જેમની સમિતિ નીમે તેમને દેશકાર્યમાં વાપરવા માટે સોંપી દેવામાં આવે.'

૧૯૩૮માં હરિપુરાની કોંગ્રેસના પ્રમુખ સુભાષબાબુ હતા. તે વખતે ગાંધીજી અને મૌલાના અબુલ કલામ આઝાદે સુભાષ બાબુને સમજાવવાનો બહુ પ્રયત્ન કર્યો, પણ

સુભાષબાબુએ માન્યું નહીં!

એટલે વસિયતનામાના વહીવટકર્તા ગોરધનભાઈ પટેલને સરદારે સલાહ આપી કે, તમારે હવે વસિયતનામાની કલમના અર્થ વિશે કોર્ટનો ફેંસલો મેળવ્યા સિવાય છૂટકો નથી.

મુંબઈ હાઈકોર્ટમાં ગોરધનભાઈની અરજીની સુનાવણી થઈ. લોકોમાં આ વિશે એટલો રસ ઉત્પન્ન થયો હતો કે, કોર્ટનો ઓરડો ઠઠ ભરાઈ ગયો.

બંને તરફના ધારાશાસ્ત્રીઓની દલીલો સાંભળીને કોર્ટે ઠરાવ્યું કે,

‘વસિયતનામાના શબ્દો જોતાં સુભાષબાબુને નાણાં ઉપર કુલમુખત્યાર મળતો નથી. તેઓ પોતાની મરજીમાં આવે તેમ એનો ઉપયોગ કરી શકે નહીં. પણ તેમાં જે કામ જણાવ્યું છે તે માટે જ તેનો ઉપયોગ કરી શકે.’

‘પરંતુ નાણાંના ઉપયોગનો મુદ્દો અહીં ઊભો થતો જ નથી. કારણ કે વસિયતનામામાં નાણાંનો ઉપયોગ એવા અચોક્કસ કામ માટે કરવાનું લખ્યું છે કે એ શરત કોર્ટે માન્ય રાખી શકતી નથી. એટલે વસિયતનામાનો આ ભાગ કોર્ટ રદબાતલ ગણે છે અને વિઠ્ઠલભાઈના વારસોને આ નાણાંના હકદાર ઠરાવે છે.’

મુંબઈની હાઈકોર્ટે ઉપર પ્રમાણેનો ફેંસલો બહાર પાડ્યો કે તરત જ તા. ૧૬-૩-૩૯ના રોજ સરદારશ્રીએ છાપાંજોગું



નિવેદન બહાર પાડીને જાહેર કર્યું કે,

‘વિઠ્ઠલભાઈના અમે બધા વારસોએ નક્કી કર્યું છે કે, એ રકમમાંથી એક પાઈ પણ અમારે ન લેવી, પરંતુ હિંદુસ્તાનની રાજકીય ઉન્નતિ અર્થે એ રકમ વાપરવા માટે એ રકમનું વિઠ્ઠલભાઈ પટેલ સ્મારક ટ્રસ્ટ નામનું એક જાહેર ટ્રસ્ટ કરવું.’

વસિયતનામામાં જે બક્ષિસો આપવાનું જણાવ્યું હતું તે આપી દીધા પછી લગભગ એક લાખ વીસ હજાર જેટલી રકમ બાકી રહેલી હતી.

તા. ૧૧-૧૦-૪૦ના રોજ તે વખતના કોંગ્રેસના પ્રમુખ મૌલાના અબુલ કલામ આઝાદને કાગળ લખીને સરદારે કોંગ્રેસની કારોબારી વર્ધા મુકામે મળી હતી ત્યાં એ આખી રકમ સદ્‌ગત શ્રી વિઠ્ઠલભાઈની ઈચ્છા મુજબ ખર્ચવા માટે કોંગ્રેસ કારોબારીને સોંપી દીધી.

## ૯૧. માનચાંદ

૧૯૨૭માં ગુજરાત-કાઠિયાવાડમાં ભારે રેલસંકટ આવ્યું હતું. વરસાદ અને વાવાઝોડાના ભયંકર તોફાને ગુજરાતની આખી વાડી ખેદાનમેદાન કરી નાખી હતી.

તા. ૨૩ મી જુલાઈ ને શનિવાર રાતથી મુશળધાર વરસાદ શરૂ થયો તે તા. ૨૯મી ને શુક્રવારે બંધ થયો.

રવિવારે સૌને લાગ્યું કે આ વખતની હેલી જબરી છે, પરંતુ થોડા વખતમાં રહી જશે. પણ તે દિવસે સાંજથી વરસાદની સાથે જબરો પવન ફૂંકાવા લાગ્યો.

વાયુ અને વરુણનું પ્રચંડ તાંડવ મંડાયું, ત્યારે લોકોને ખ્યાલ આવ્યો કે, આ કાંઈ સાધારણ ઉત્પાત નથી!

સરદાર અમદાવાદમાં જ હતા. તેમના શિરે બેવડી જવાબદારી હતી. તેઓ અમદાવાદ મ્યુનિસિપાલિટીના પ્રમુખ



હતા અને ગુજરાત પ્રાંતિક સમિતિના પણ પ્રમુખ હતા.

રવિવાર રાતથી સરદાર ચિંતા કરવા લાગ્યા કે, લોકો ઉપર ભારે આફત ઊતરી જણાય છે ! તેમને ઊંઘ ન આવી.

અને શહેરના જુદા જુદા લત્તાની કેવી હાલત છે તે જોવાના ખ્યાલથી મધરાતે બાર વાગ્યે ધોધમાર વરસાદ અને વાવાઝોડામાં તેઓ બહાર નીકળી પડ્યા.

આવા ભારે તોફાનમાં ગુજરાત-કાઠિયાવાડની શી દશા થઈ હશે તેની ચિંતા સરદાર બધો વખત કર્યા જ કરતા હતા.

એ દિવસોમાં ગાંધીજી માંદગીને કારણે બેંગલોર હતા.

ગુજરાતમાંથી કેટલાક લોકોએ ગાંધીજીને તાર કરેલા કે, 'ગુજરાતના આ સંકટની વેળાએ આપે ગુજરાતમાં આવવું જોઈએ. આપના માર્ગદર્શનની અમને ખૂબ જરૂર છે.'

ગાંધીજીએ આ બાબતમાં સરદારશ્રીને તાર કરીને પૂછ્યું કે, 'આવું?'

સરદારશ્રીએ વળતો જવાબ મોકલ્યો :

'આપ દસ વર્ષ થયાં અમને જે તાલીમ આપતા રહ્યા છો, તે અમે કેવી રીતે પચાવી છે અને તેનો અમલ કેવો કરીએ છીએ એ જોવું હોય તો ન આવશો.'

સરદારશ્રી આ અભૂતપૂર્વ રેલસંકટને પહોંચી વળવા રાતદિવસ બરોબર મંડી પડ્યા. આ ભયંકર આપત્તિમાંથી

ગુજરાત-કાઠિયાવાડને બચાવી લેવા તેમણે ભારે જહેમત ઉઠાવી.

આ કપરા કાળને ખ્યાલમાં રાખીને સરદારે એટલો વખત રાજકારણને બાજુએ મૂકી દીધું.

સરદારે અને તેમના સાથી કાર્યકર્તાઓએ ઠેર ઠેર સરકારી અમલદારો અને કર્મચારીઓ સાથે ખૂબ સહકારથી અને હળીમળીને કામ કર્યું.

સરદારે પોતાની વ્યવસ્થાશક્તિની સૌ સરકારી અધિકારીઓ ઉપર ઘણી સારી છાપ પાડી.

સરદારશ્રી અને તેમના સાથી કાર્યકર્તાઓનું આવું સહકારભર્યું અને નિષ્ઠાપૂર્ણ સેવાકાર્ય જોઈને સરકારી અધિકારી મિ. ગેરેટ સાહેબે સરદારશ્રીને અભિનંદન આપતાં એક વાર કહ્યું :

'આટલા સારા કામ માટે તમને અને તમારા મુખ્ય મુખ્ય સાથીઓને સરકાર કાંઈ માનચાંદ એનાયત કરે એવી ભલામણ હું કરું, તો એમાં તમને કશો વાંધો છે ખરો?'

સરદારશ્રી એમનો આભાર માનતા, ખડખડાટ હસીને બોલ્યા :

'મારા સાથીઓ તો તમારા માનચાંદથી બાર ગાઉ દૂર ભાગે એવા છે. સેવાનાં કાર્યોમાં જ એમને આનંદ છે. એમને કીર્તિ કે જાહેરાત પણ નથી જોઈતી.'



# ૯૨. સેવાકાર્ય

ખેડા જિલ્લાના બોરસદ તાલુકામાં સને ૧૯૩૨માં પ્લેગથી પાંચ માણસો મરણ પામ્યાં. પછી તો દર વરસે એમાં વધારો થતો ગયો.

૧૯૩૨માં એક જ ગામમાં પ્લેગ હતો. ૧૯૩૩માં ૧૦ ગામમાં અને ૧૯૩૪માં ૧૪ ગામમાં પ્લેગ થયો. ૧૯૩૫ની સાલમાં તો ૨૭-૨૮ જેટલાં ગામો પ્લેગના ભોગ બન્યાં!

બોરસદ તાલુકામાં ૨૮ ગામોમાં થઈને કુલ ૫૮૯ માણસો પ્લેગથી મર્યાની હકીકત આવી.

ઘણા લોકોએ સરકારનું આ તરફ ધ્યાન ઘણી વાર ખેંચ્યું હતું. પરંતુ સરકારી જાહેર આરોગ્ય ખાતાએ આ બાબતમાં કાંઈ પગલું ભર્યું ન હતું!

છેવટે ખેડા જિલ્લાના કેટલાક કાર્યકર્તાઓ સરદાર પાસે

ગયા અને બધી હકીકત જણાવી.

સરદારે તરત જ આ વાત હાથમાં લીધી.

ડૉ. ભાસ્કરભાઈ પટેલ મુંબઈમાં પોતાનું દવાખાનું ચલાવતા હતા. સરદારે તેમને બોલાવ્યા.

ડો. ભાસ્કરભાઈ ને સરદારે પ્લેગ ની અસરવાળાં ગામોમાં જઈ, મહામારી અંગેની ઝીણવટભરી તપાસ કરીને અહેવાલ તૈયાર કરવાનું કામ સોંપ્યું.

ભાસ્કરભાઈએ બોરસદ તાલુકાનાં પ્લેગગ્રસ્ત ગામોની જાતે મુલાકાત લીધી. પ્લેગમાં સપડાયેલા અને પ્લેગથી મરણ પામેલાં માણસોની હકીકત ભેગી કરી. એ પરથી તેમણે વિગતવાર અહેવાલ તૈયાર કરીને સરદારશ્રી આગળ મૂક્યો.

એ અહેવાલ જોઈને સરદાર ચમક્યા! ખરેખર ગ્રામજનો પર પ્લેગે કેર વર્તાવ્યો હતો અને એ બાબતમાં સરકારે કાંઈ પણ પગલું ભર્યું ન હતું!

સરદારશ્રી પોતે બોરસદ ગયા. તેમણે કેટલાંક ગામો જોયાં. આ મહાસંકટમાંથી ગ્રામજનોને અને ગામડાંઓને શી રીતે ઉગારી લેવાં એ વિશે તેઓ ગંભીરતાથી વિચારવા લાગ્યા.

આ સેવાકાર્યમાં કોઈ એક સેવાભાવી, હિંમતવાન અને પોતાના કામમાં નિષ્ણાત એવા ડોક્ટરની તો ખાસ જરૂર પડે.

ડોક્ટર ભાસ્કરભાઈ પટેલે સરદારની આ ઈચ્છાને સહર્ષ



સ્વીકારી લીધી. તેઓ બેત્રણ માસ પ્લેગવાળાં ગામોમાં અને પ્લેગમાં સપડાયેલા દરદીઓની સારવારમાં મચ્યા રહ્યા.

બોરસદમાં સત્યાગ્રહ છાવણીનું મકાન હતું. એમાં પ્લેગના દરદીઓની સારવાર કરવા માટે દવાખાનું શરૂ કરવામાં આવ્યું. જેના પર સતત ધ્યાન આપવું પડે એવા ગંભીર દરદીઓને ત્યાં લાવવામાં આવતા. સ્વયંસેવકોની ટુકડીઓ આ બધું કામ ઉમંગભેર કરવા લાગી ગઈ.

આ કામ કરતાં સરદારશ્રીને લાગ્યું કે, આ કામ ઉપરાંત એક બીજું પણ મહત્ત્વનું કામ કરવા જેવું છે. પ્લેગ આ બધાં ગામોમાંથી હંમેશને માટે વિદાય લે એવું કામ કરવા જેવું ખરું.

એટલે સરદારે પોતાના સાથી કાર્યકર્તાઓ અને સ્વયંસેવકોને ભેગા કરી સફાઈયજ્ઞની વાત મકી. સૌએ એમની વાત એક અવાજે અપવાની લીધી.

સફાઈયજ્ઞ શરૂ થઈ ગયો.

જે જે ગામોમાં પ્લેગની અસર હતી તે તે ગામોનું એકેએક ઘર સ્વચ્છ કરવામાં આવ્યું.

ગામના ખૂણાખાંચરાની ગંદકી કાઢી નાખવામાં આવી.

મરકીથી મરી ગયેલા ઉંદરોને જ્યાંત્યાંથી બહાર કાઢીને બાળી મૂકવામાં આવ્યા.

એ ઉપરાંત દરેક ઘર અને ગંદકીવાળી જગ્યામાં ઈમલ્શન

છાંટી ગંદકીની ધૂણી કરીને પ્લેગની જીવાતનો નાશ કર્યો અને હવાની શુદ્ધિ કરી.

બોરસદ ગામની બહાર સત્યાગ્રહ છાવણીવાળા દવાખાનાથી થોડે દૂર એક ખેતરમાં ઘાસના કામચલાઉ માંડવા ઊભા ક્યા હતા.

સરદારે આ કેમ્પમાં એક રાયણના ઝાડ નીચે પોતાની બેઠક જમાવી હતી. કેમ્પમાં તેઓ બધે ફરતા હોય, સ્વયંસેવકો વગેરેને માર્ગદર્શન અને પ્રોત્સાહન આપતા હોય, દરદીઓને આશ્વાસન આપતા હોય.

આ દિવસોમાં ચૈત્ર-વૈશાખ માસના આકરા તાપમાં મહાત્મા ગાંધીજી પણ બોરસદ આવ્યા હતા અને કેમ્પમાં એક નાના આંબા નીચે એક અઠવાડિયું રહ્યા હતા.

દરબાર સાહેબ ગોપાળદાસ, એમનાં ધર્મપત્ની ભક્તિબા, તેમનાં પુત્રો-પુત્રવધુઓ બધાંય આ સેવાકાર્યમાં અને ખાસ કરીને પ્લેગના દવાખાનામાં જે દરદીઓ આવ્યા તેમની સારવારમાં રહ્યાં હતાં.

ગાંધીજીએ બધે ફરીને આ યજ્ઞકાર્ય નિહાળ્યું. આ કાર્ય ગાંધીજીને તો ખૂબ જ ગમી ગયું.

આ કાર્યથી ગ્રામપ્રજા પર જે નૈતિક અસર થઈ હતી એ જોઈને ગાંધીજી ખૂબ પ્રસન્ન થયા.



આ સેવાકાર્ય જોઈને લોકોને પણ થયું કે, આપણા આગેવાનો માત્ર સરકાર સામે લડત કરતા નથી, પરંતુ આપણા જીવનની હરેક પ્રકારની દરકાર રાખે છે.

વળી સ્વચ્છતાથી કેવી રીતે રહેવું, ઘર અને ગામ કેવાં સ્વચ્છ રાખવાં અને પ્લેગ જેવા ચેપી ઉપદ્રવ સામે પણ પોતાનું શી રીતે રક્ષણ કરવું તેનો પદાર્થપાઠ પણ લોકો શીખ્યા.

સરદાર સાહેબ પણ પોતાના સાથીઓ અને સ્વયંસેવકોની મદદથી પ્લેગ જેવા મહા ઉપદ્રવનો નાશ થયેલો જોઈને રાજી થઈ ગયા. તેઓ પોતાના સાથીઓને ગર્વભેર કહેવા લાગ્યા :

'જોયુંને, મૃત્યુ જેવા પ્લેગને આપણા પુરુષાર્થથી ભાગવું પડ્યું! તો પછી અંગ્રેજ સરકારનું શું ગજું? એને પણ એ જ રીતે દેશમાંથી ભાગવું પડવાનું છે!'

# ૯૩. દીકરી

સરદાર સ્વતંત્ર ભારતના નાયબ વડા પ્રધાન હતા. તેમના હાથમાં ગૃહ ખાતું હતું.

એક વાર આપણા એક દેશસેવક મહાવીર ત્યાગીજીએ મણિબહેનને થીગડાં મારેલી સાડી પહેરેલી જોઈને ગમ્મત કરતાં કહ્યું :

‘મણિબહેન, તમે તો પોતાને મોટાં ગણો છો. જેમણે એક વરસમાં એવડું મોટું અખંડ ચક્રવર્તી રાજ્ય સ્થાપી દીધું છે કે એવડું રાજ્ય તો નહોતું રામચંદ્રજીનું કે નહોતું શ્રીકૃષ્ણનું, રાજા અશોકનુંયે નહીં કે અકબરનુંયે નહીં ને અંગ્રેજોનુંયે નહીં! આવા મોટા રાજામહારાજાનાયે સરદારની પુત્રી થઈને તમને આવી થીગડાવાળી સાડી પહેરતાં શરમ કે સંકોચ નથી આવતાં?’

મણિબહેને જરા મોં મચકોડને ગુસ્સામાં કહ્યું :



‘જે જૂઠું બોલતા હોય ને બેઈમાની કરતા હોય એમને શરમ આવે. મને શાની શરમ આવે?’

ત્યાગીજીએ ગમ્મત આગળ ચલાવતાં કહ્યું :

‘અમારા ગામમાં નીકળો જોઈએ! લોકો તમારા હાથમાં આનોબે આના મૂકશે! તેઓ એમ જ સમજશે કે એક ભિખારણ જાય છે.’

સરદાર સાથે જ હતા. તેઓ પણ હસ્યા અને ગમ્મત કરતાં કહે :

‘બજારમાં ઘણા લોકો ફરતા હોય છે. આનો-બે આના કરીને પણ ઘણા રૂપિયા એકઠા કરી શકાશે.’

ડૉ. સુશીલાબહેન નય્યર પણ એ સૌની સાથે હતાં. તેમણે ત્યાગીજીને કહ્યું :

‘અરે ત્યાગીજી, તમે કોની વાત કરો છો? આખો દિવસ ઊભે પગે આ મણિબહેન સરદાર સાહેબની સેવાચાકરી કરે છે. પાછાં રોજ ડાયરી લખે છે અને રોજ નિયમિત રેંટિયો પણ કાંતે છે. એમાંથી જે સૂતર બને છે, તેમાંથી સરદાર સાહેબનાં ધોતિયાં અને પહેરણ બને છે. તમારી જેમ સરદાર સાહેબ ખાદીભંડારમાંથી ક્યાં ખરીદે છે? અને સરદાર સાહેબનાં ફાટેલાં કપડાંમાથી મણિબહેન પાછાં પોતાનાં કપડાં બનાવી લે છે.’

સરદાર એમાં ટાપશી પૂરતા હોય એમ બોલ્યા :

'એ તો ગરીબ માણસની દીકરી છે. એનો બાપ ક્યાં કમાય છે?'

સરદારશ્રીએ એમનાં ચશ્માંનું ખોખું બતાવ્યું. વીસ વરસ જૂનું હશે.

ચશ્માંની એક દાંડી હતી, બીજી તરફ દોરો બાંધ્યો હતો.

ત્રીસ વરસ જૂની ઘડિયાળ પણ ત્યાગીજીએ જોઈ.

આવી સાદગીપૂર્વક સરદાર સાહેબ રહેતા હતા.

............